Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૦૭
તા.૦૨-૦૯-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૩ સૂર્યાસ્ત : ૦૬:૫૭

તાપમાન
ડીસા ૩૦.૨
અમદાવાદ ૩૩.૦
ગાંધીનગર ૩૧.૨
વડોદરા ૩૨.૬
સુરત ૩૦.૪
નલિયા ૨૬.૭

ચાંદી : ૪૦૧૦૦ સોનું : ૩૦૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

મોદી કેબિનેટમાં મોટા ફેરફારોની તૈયારી

મોદીનું લોકસભાની ચૂંટણી પહેલા પરફોર્મન્સ પર મુખ્ય ધ્યાન : સસ્પેન્સનો અંત : સવારે ૧૦ વાગે શપથ : શાનદાર દેખાવ કરનારાને વધુ તક : કંગાળ દેખાવ કરનારને પડતા મુકાશે : નવા ચહેરાની એન્ટ્રી થશે :કેટલાકના ખાતા બદલાશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફાર કરવા જઈ રહ્યા છે. આ ફેરફાર રવિવારના દિવસે સવારે ૧૦ વાગે થશે. મોદી કેટલાક નવા ચહેરાઓને તક આપનાર છે. કેબિનેટમાં ફેરફાર અને ફેરરચનાના ભાગરુપે ઓછામાં ઓછા પાંચ કેન્દ્રીય મંત્રી ગુરુવારના દિવસે રાજીનામુ આપી દીધા હતા. પ્રધાનોના ખાતા બદલવાની સાથે સાથે કેટલાક જુના મંત્રીઓને પડતા મુકવામાં આવી શકે છે. નવા ચહેરાઓને તક મળી શકે છે. માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીને રેલવે ખાતુ મળી શકે છે. જ્યારે સુરેશ પ્રભુને પર્યાવરણ ખાતુ આપવામાં આવી શકે છે. રાજીવ પ્રતાપ રુડીને સંગઠનમાં કોઈ મોટી જવાબદારી મળી શકે છે. પ્રધાનમંડળમાં ફેરફારનો મુખ્ય ઉદ્દેશ્ય શાનદાર દેખાવ કરનાર પ્રધાનોને પ્રોત્સાહન આપવાનો અને નિરાશાજનક દેખાવ કરનાર પ્રધાનોની હકાલપટ્ટી કરવાનો પણ છે. ગુજરાતમાંથી પણ કેટલાક પ્રધાનોને મોટી જવાબદારી મળી શકે છે. બઢતી પણ મળી શકે છે. સંસદીય બાબતોના પ્રધાન અનંત કુમારને શહેરી વિકાસ મંત્રાલય સોંપવામાં આવે તેવી શક્યતા છે. પહેલા આ મંત્રાલય વેંકૈયા નાયડુની પાસે હતું. હાલમાં આની વધારાની જવાબદારી ગ્રામીણ વિકાસ પ્રધાન નરેન્દ્રસિંહ તોમર પાસે છે. વડાપ્રધાન મોદીએ ગઈકાલે સાંજે જ ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે વાતચીત કરી હતી. આ વાતચીત મે ૨૦૧૪માં સરકારની રચના બાદ પ્રધાનમંડળમાં ત્રીજા સૌથી મોટા ફેરફારના ઉદ્દેશ્યથી યોજાઈ હતી. જો કે, ફેરફારના સમયને લઈને અનિશ્ચિતતા છે પરંતુ સવારે ૧૦ વાગે શપથવિધિ કાર્યક્રમ યોજાય તેવી શક્યતા છે. કારણ કે મોદી વિદેશ યાત્રા પર રવાના થનાર છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના પાટનગરની બહાર કાર્યક્રમો છે. મોટા પાયે કેબિનેટમાં ફેરફાર માટેનો માર્ગ મોકળો કરવા માટે પાંચ પ્રધાનો રાજીનામાં આપી ચુક્યા છે. કેટલાક પ્રધાનોના ખાતામાં ફેરફાર કરવામાં આવનાર છે. આવી જ રીતે કેટલાક જુના પ્રધાનોને બહાર કરવામાં આવનાર છે. આવી જ રીતે કેટલાક નવા ચહેરાને તક મળી શકે છે. માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીને રેલવે મંત્રાલયની જવાબદારી મળે તેવી શક્યતા છે.સ્કીલ ડેવલપમેન્ટ પ્રધાન રાજીવ પ્રતાપ રૂડી, આરોગ્ય પ્રધાન ફગનસિંહ કુલસ્તે, કૃષિ રાજ્યપ્રધાન સંજીવ બાલિયન રાજીનામા આપી ચુક્યા છે. જળ સંશાધન પ્રધાન ઉમા ભારતીએ આરોગ્યના કારણસર રાજીનામુ આપી દેવાની ઓફર કરી છે.મધ્યમ અને લઘુ બાબતોના પ્રધાન કલરાજ મિશ્રાને પણ રાજભવન મોકલી શકાય છે. મિશ્રા ૭૫ વર્ષથી ઉપરના છે. પરંતુ તેમને ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને કેબિનેટમાં રાખવામાં આવ્યા હતા.

વિચાર વૈભવ...

જેવું ઘડતર

લોખંડનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઊપજે. તેમાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઊપજે. તેમાંથી બધી સોય બનાવી નાખો તો ૬૦૦ રૂા. ઊપજે. અને નાળ કે સોયને બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખો તો ૫૦,૦૦૦ રૂા. ઊપજે. લોખંડ તો એનું એ અને એટલું જ છે. પણ તેનું ઘડતર કરો તેવું તેનું મૂલ્ય.

માણસ વિશે પણ એવું જ છે.

- નવલભાઈ શાહ

સાર સમાચાર...

રાજદ્રોહ કેસમાં કેતન તાજનો સાક્ષી બન્યો : કોર્ટે માફી આપી

અમદાવાદ

પાટીદાર અનામત આંદોલનને લઈ રાજ્યની શાંતિ અને સલામતી ડહોળવાના ખૂબ જ ગંભીર અને સંવેદનશીલ એવા રાજદ્રોહના કેસમાંથી પાટીદાર આંદોલન સમિતિના પૂર્વ નેતા કેતન પટેલને અત્રેની સેશન્સ કોર્ટે મુકિત આપી છે. રાજદ્રોહના કેસમાં આરોપી કેતન પટેલે તાજનો સાક્ષી બનવા અરજી કરી હતી અને પોતાને આ કેસમાંથી માફી આપી મુકત કરવા અને તાજનો સાક્ષી બનાવવા આજીજી કરી હતી, જેને પગલે એડિશનલ સેશન્સ જજ એસ.એચ. ઓઝાએ કેતન પટેલની આ અરજી ગ્રાહ્ય રાખી તેને રાજદ્રોહના કેસમાંથી મુકિત આપી હતી. સેશન્સ કોર્ટે પોતાના હુકમમાં સ્પષ્ટ કર્યું હતું કે, કેતન પટેલની સીઆર પીસીની કલમ-૩૦૭ હેઠળ ની અરજી સંદર્ભે તે ગુનાની કબૂલાત વાળી તમામ સત્ય હકીકતો સંપૂર્ણ રીતે કેસના ટ્રાયલ દરમ્યાન તેને સાક્ષી તરીકે તપાસાય ત્યારે તે પ્રોસીકયુશનપક્ષને મદદ કરે અને પુરાવો આપે તે શરતે માફી આપવામાં આવે છે.

મુંબઇ ઇમારત દુર્ઘટના બાદ બચાવ કામગીરી પૂર્ણ કરાઈ

મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઈમારત ધરાશાયી થવાની ઘટનામાં મોતનો આંકડો વધીને હવે ૩૪ ઉપર પહોંચી ગયો છે. હવે બનાવમાં ૨૪ કલાક થયા બાદ બચાવ કામગીરીને પૂર્ણ કરી લેવામાં આવી છે. શોધખોળ હવે આગળ વધશે નહીં. ફાયર બ્રિગેડ અને અન્ય અધિકારીઓ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. જો કે, બચાવ કામગીરીને લઈને હજુ વિરોધાભાષી અહેવાલ મળ્યા છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે તપાસનો આદેશ પણ કર્યો છે. મોટી સંખ્યામાં લોકો હજુ પણ ઘાયલ થયેલા છે. મોટી સંખ્યામાં લોકો સારવાર હેઠળ છે. નેશનલ ડિઝાસ્ટર રિલિફ ફોર્સ, ફાયર બ્રિગ્રેડ અને પોલીસને આવરી લઈને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગઈકાલે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ બનાવ બન્યો હતો. ત્યારબાદથી બચાવ અને રાહત કામગીરી હજુ ચાલી રહી હતી. છ બચાવ વર્કર સહિત ૧૯ લોકો સારવાર હેઠળ છે.

બિન સબસિડીવાળા ગેસ સિલિન્ડરમાં ૭૩.૫ રૂપિયાનો વધારો

રસોડુ મોઘુ થયું : સિલિન્ડરની કિંમતમાં સાત રૂપિયાનો વધારો

આગામી વર્ષે માર્ચ સુધીમાં તમામ સબસિડીને નાબૂદ કરવાના હેતુસર દર મહિને સિલિન્ડરની કિંમતમાં વધારો કરવા સરકારનો નિર્ણય

નવી દિલ્હી

સામાન્ય લોકો પર વધુ મોંઘવારીની માર પડનાર છે. કારણ કે, સબસિડીવાળા રાંધણ ગેસ (એલપીજી)ની કિંમતમાં આજે પ્રતિ સિલિન્ડર સાત રૂપિયા સુધીનો વધારો કરી દેવામાં આવ્યો હતો. દર મહિને કિંમતમાં વધારો કરવાના સરકારના નિર્ણય મુજબ આ વધારો આજે અમલી કરવામાં આવ્યો હતો. નાણાંકીય વર્ષના અંત સુધી તમામ સબસિડીને નાબૂદ કરવાની ઈચ્છા સરકારે રાખી છે જેના ભાગરુપે દર મહિને સિલિન્ડરની કિંમતમાં ચાર રૂપિયાનો વધારો કરવામાં આવી રહ્યો છે. આગામી વર્ષે માર્ચ સુધી તમામ સબસિડીને નાબૂદ કરવાની યોજના કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. સબસિડીવાળા ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત હવે દિલ્હીમાં ૪૮૭.૧૮ રૂપિયા થશે જે હજુ સુધી ૪૭૯.૭૭ રૂપિયા હતી. દેશના સૌથી મોટા ફયુઅલ રિટેલર દ્વારા આજે આમુજબની માહિતી આપવામાં આવી હતી. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને વધારે નાણા ચુકવવા પડશે. ૩૧મી જુલાઈના દિવસે લોકસભામાં પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, સરકારે સરકારી ઓઈલ કંપનીઓને એલપીજીની કિંમતમાં દર મહિને ચાર રૂપિયાનો વધારો કરવા માટે કહ્યું છે.

જો કે, રેટમાં પહેલી ઓગસ્ટના દિવસે પ્રતિ સિલિન્ડર ૨.૩૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ઓઈલ કંપનીઓને આના કારણે ભારે અસર થઈ રહી છે. ગયા વર્ષે જુલાઈ મહિનાથી મહિને બે રૂપિયા વધારો કરવાની પોલિસીને અમલી બનાવવા આવ્યા બાદથી સબસિડીવાળા એલપીજીના રેટમાં પ્રતિ સિલિન્ડર ૬૮ રૂપિયા સુધીનો વધારો થઈ ચુક્યો છે.

ભારતની ચિંતા પર કોઇ ચર્ચા કરાશે નહીં

બ્રિક્સ મિટિંગમાં પાકિસ્તાનના ત્રાસવાદ પર ચર્ચા નહી : ચીન

અગાઉની જેમ પોતાના નજીકી મિત્ર પાકિસ્તાનનો બચાવ કરવા ચીન તૈયાર : પાકિસ્તાનની ફરી એકવખત પ્રશંસા

બેજિંગ

ચીને ફરી એકવાર ખુલાસો કરતા કહ્યુ છે કે પાકિસ્તાન પ્રાયોજિત ત્રાસવાદના મુદ્દા પર ભારતની ચિંતા અંગે આગામી સપ્તાહમાં યોજાનાર બ્રિક્સ સંમેલનમાં ચર્ચા કરવામાં આવનાર નથી. આવુ નિવેદન કરીને પાકિસ્તાનને બચાવી લેવાના ચીને પ્રયાસો જારી રાખ્યા છે. પહેલાની જેમ આ વખતે પણ પાકિસ્તાન જેવા તેના નજીકના મિત્રોને બચાવી લેવાની નિતી ચીને અપનાવી છે. ચીને પોતાના નજીકના મિત્ર પાકિસ્તાનનો બચાવ કરીને કહ્યુ છે કે ત્રાસવાદને રોકવા અને તેને ખતમ કરવા માટે પાકિસ્તાન દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા હુઆ ચુનયિંગે કહ્યુ છે કે પાકિસ્તાન ત્રાસવાદ સામે લડી રહ્યુ છે. ત્રાસવાદ સામેની લડાઈમાં બલિદાન આપી રહ્યુ છે. હુઆએ પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય સમુદાયને પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરવી જોઈએ. તેમણે કહ્યુ હતુ કે અમે જોઈ રહ્યા છીએ કે જ્યારે પાકિસ્તાનના ત્રાસવાદ વિરોધી હોવાની વાત કરવામાં આવે છે ત્યારે ભારતની કેટલીક ચિંતા આવે છે. તેમણે કહ્યુ હતુ કે બ્રિક્સમાં આ મુદ્દા પર ચર્ચા થવી જોઈએ તેમ તેઓ માનતા નથી. બ્રિકસમાં પાંચ દેશો રહેલા છે. જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય ચટે. ત્રણ દિવસ બેઠક હવે શરૂ થઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે ચીન ત્રાસવાદના મામલે અન્ય દેશો સાથે સહકાર કરી રહ્યુ છે. તમામ પક્ષોના હિતોની નોધ લેવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં તેમની કામગીરીની અવગણના કરવામાં આવે તે યોગ્ય નથી. ત્રાસવાદ સામે ચીનનુ વલણ હમેંશા ખતરનાક રહ્યુ છે.

મોતનો આંકડો વધીને ૩૫૯ ઉપર પહોંચ્યો

ગુજરાતમાં સ્વાઇન ફ્લુથી વધુ ૫ લોકોના મોત થયા

ગુજરાતભરમાં કેસોની સંખ્યા વધી ૫૨૨૦ ઉપર પહોંચી

અમદાવાદ

સ્વાઈન ફ્લુના કારણે ગુજરાતમાં વધુ પાંચ લોકોના મોત થયા છે. જ્યારે ૧૭૨ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. પાંચના મોત સાથે જ મોતનો આંકડો વધીને ૩૫૯ થઈ ગયો છે જ્યારે વધુ ૧૭૨ કેસો નોંધાતા જાન્યુઆરીથી લઈને ઓગસ્ટ સુધી કુલ કેસોની સંખ્યા વધીને ૫૨૨૦ સુધી પહોંચી ગયો છે. કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થયો છે. સ્વાઈન ફ્લુથી મોતના મામલામાં ગુજરાત સૌથી અગ્રણી રાજ્ય પૈકી થઈ ગયું છે. ૨૦૦૯ બાદથી સ્વાઈન ફ્લુના કારણે ગુજરાતમાં ૧૬૮૩ મોત થયા છે અને ૧૫૯૨૭ કેસો નોંધાયા છે. કિલર સ્વાઈન ફ્લુને કાબૂમા લેવામાં સફળતા મળી રહી છે તેવા ગુજરાત સરકારના દાવાઓ છતાં સ્વાઈન ફ્લુના કારણે દરરોજ મોતનો સિલસિલો જારી રહ્યો છે. એકલા અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લુના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. અમદાવાદમાં સ્થિતિ ચિંતાજનક છે. એકંદરે જુદા જુદા ભાગોમાં સ્વાઈન ફ્લુથી મોટી સંખ્યામાં લોકો ગ્રસ્ત થયા છે. નવા નવા કેસ દર્શાવે છે કે ગુજરાતમાં હાલત કફોડી બનેલી છે. સરકારી આંકડા દર્શાવે છે કે, છેલ્લા ૧૩ દિવસના ગાળામાં સ્વાઈન ફ્લુના કારણે ૧૧૨ના મોત થઈ ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આટલા ગાળામાં જ સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૫૩૨ થઈ ગઈ છે. તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફ્લુની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફ્લુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઈ છે.

રાધનપુરની પચ્ચીસ વર્ષીય મહિલાનું સ્વાઈનફ્લૂથી મોત થતા ફફડાટ

રાધનપુર

રાધનપુર તાલુકાના સરદારપુરાના વતની અને શહેરની અર્બુદાનગર સોસાયટી માં રહેતા હરેશભાઈ દઝાભાઈ ચૌધરીના ધર્મપત્ની પચ્ચીસ વર્ષીય સંગીતાબેન ને ડિલિવરી પ્રસંગે શહેરની બનાસ હોસ્પિટલમાં દર.પ્રકાશ પિંડારીયાને ત્યાં દાખલ કરાયા હતા, જ્યાં બાબાનો જન્મ થયો હતો.તા. ૧૬ ઓગસ્ટના રોજ બાબાનો જન્મ થયા બાદ તા. ૧૮ ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ઘરે આવ્યા બાદ ઉધરસ મટતી ના હોવાથી પાટણની ખાનગી હોસ્પિટલમાં બતાવતા સ્વાઈનફ્લુના લક્ષણો હોવાની શંકા જતા ધારપુર સરકારી દવાખાને લઈ ગયા હતા, જ્યાં રિપોર્ટ કરતા સ્વાઈનફ્લુ હોવાનું સાબીત થયું હતું.જેથી અમદાવાદ ની સિમ્સ હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ ફેફસા કામ કરતા બંધ થઈ ગયા હોવાથી સિમ્સ ના તબીબોની ખુબ જેહમત કરવા છતાંય તા.૩૧ ઓગસ્ટના રોજ સંગીતાબેન નું દુ:ખદ અવસાન થયું હતું. જ્યાંથી એમ્બ્યુલન્સ માં રાધનપુર લાવી પરિવારજનોની ભીની આંખો વચ્ચે શાંતિધામ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

બાબાના જન્મ બાદ મોત

મૃતક સંગીતાબેનના પતિ હરેશભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ તા.૧૬ ઓગસ્ટના રોજ ડો.પ્રકાશ પિંડારીયાની હોસ્પિટલમાં બાબાનો જન્મ થયો હતો. તા.૧૮ ના રોજ હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ઉધરસ અને તાવ ના મટતા પાટણ સારવાર કરાવવા લઈ ગયા હતા.જ્યાંથી અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં લઈ ગયા હતા. સીમ્સના તબીબોએ ૧૨ કલાકમાં જ રિજલ્ટ સારૂં કરી બતાવ્યું હતું, પરંતુ ફેફસા ખરાબ થઈ ગયા હોવાથી શ્વાસ લઈ શકતા ના હોવાને કારણે મોત થયું હતું. સીમ્સમાં એક લાખ રૂપિયાના અલગ અલગ રિપોર્ટ કરાવ્યા હતા. સંગીતાબેન મૃત્યુ થયું એ દિવસે પણ ત્રીસ હજાર રૂપિયાના રિપોર્ટ થયા હતા.

ધારપુર હોસ્પિટલના મશીનો ખરાબ

હરેશભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ ધારપુર સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા ત્યારે વિવિધ રિપોર્ટ કરવા તેમજ સારવાર માટેના મશીનો ખરાબ હોવાના કારણે તકલીફ પડી હતી. ત્યારબાદ અમદાવાદ સારવાર માટે લઈ જવાનું કહ્યું તો અમને ના પડી દેવામાં આવ્યું., જયારે આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી પાસે ફોન કરાવ્યો ત્યારે જ અમદાવાદ સારવાર માટે જવા દેવામાં આવ્યા હતા. જો વહેલી રજા આપી હોત અને અમદાવાદ સારવાર થઈ હોત તો તેમના પત્ની બચી જાત. ધારપુર હોસ્પિટલમાં કોઈ દર્દી બચે તેવી સારવાર કરાતી નથી તેવો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

૧૫ દિવસ પહેલા જ બાબાનો જન્મ થયો હતો

થરાદમાં એસ.ડી. કોર્ટની ફાળવણી

થરાદ

બનાસકાંઠાના સરહદી તાલુકા મથક થરાદમાં વાવ અને થરાદ તાલુકાની સંયુક્ત એસ.ડી.કોર્ટની ફાળવણી કરવામાં આવતાં એડવોકેટ અને પક્ષકારોમાં આનંદની લાગણી ફેલાવા પામી છે.નોંધનીયછેકે થરાદમાં આ કોર્ટના અભાવે અગાઉ ડીસા અને દિયોદર સુધી જવું પડતું હતું.થરાદમાં આ કોર્ટની ફાળવણી થતાં તે કાર્યરત થયેથી ધક્કામાંથી મુક્તિ મળશે.

ગુજરાતના ૨૫ જીલ્લાઓના ૪૨ તાલુકાઓમાં એસ.ડી.કોર્ટની ફાળવણી કરવામાં આવી હતી.જેમાં થરાદ અને વાવ તાલુકા માટે થરાદમાં સિનીયર ડિવીઝન કોર્ટનો પણ સમાવેશ થવા પામ્યો હતો.જે વકીલો માટે આનંદના સમાચાર હતા.આ અંગે થરાદના બારએસોસિયશેનના સદસ્યએ જણાવ્યું હતુંકે વધારે રકમના દાવા અગાઉ ડીસા અને અત્યારે દિયોદર દાખલ કરવા પડતા હતા.જે દાવાઓ થરાદમાંજ કોર્ટ શરૂ થયેથી દાખલ થઈ શકશે.આથી વકીલો અને અસીલોને ડીસા અને દિયોદરના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે. થરાદમાં અત્યારે જુનીયર ડીવીઝન (જ્યુડીશીયલ મેજી.ફ.ક.) કોર્ટ કાર્યરત છે.એસ ડી કોર્ટની ફાળવણી થતાં ભવિષ્યમાં બિલ્ડીંગ સહિતની સુવિધાઓમાં પણ વધારો થવાની સાથે સાથે દીયોદરમાં કાર્યરત છે તેવા પ્રકારની એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ પણ આવવાની શક્યતાઓ પણ ઉભી થતાં વકીલોમાં પણ ડીસા દીયોદરના ધક્કા ખાવામાંથી મુક્તિ ઉપરાંત વિશેષ આનંદની લાગણી ફેલાવા પામી હતી.

શ્રધ્ધાંજલિ

સ્વ.કપુરજી સમરતાજી નેણ
માજી સરપંચ - ચાવરપુરા, સ્વ.તા.૨૫/૮/૨૦૧૭

સમય જિંદગીમાં ઓછો હશે ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી ? તમારી અચાનક વિદાય કાળજુ કંપાવી ગઈ, દિલ હજુ માનતું નથી કે તમો અમારી વચ્ચે નથી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના...

લિ.

રાજપૂત ભરતસિંહ શંકરસિંહ (ચાવરપુરા)
સુથાર નાગજીભાઈ ગોવિંદજી (ચાવરપુરા)
રાજપૂત દેવીસિંહ જેરૂપસિંહ (ચાવરપુરા)
રાજપૂત દશરથસિંહ ભોપસિંહ (ચાવરપુરા)
રાજપૂત અનવરસિંહ ખેતસિંહ (ચાવરપુરા)

સૂર્યોદય - ૬.૧૪ સૂર્યાસ્ત - ૭.૧૭

તિથિદર્શન

ભાદરવા સુદ-૧૧ શનિવાર ૨૦૭૩



વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ : અગીયારસ (જલઝીલણી એકાદશી) શનિવાર નક્ષત્ર : પૂર્વષાઢા સવારે ૭.૨૫ પછી ઉત્તર ષાઢા યોગ: સૌભાગ્ય કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) બપોરે ૨ પછી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

આયાસ- રાત- લબ્ધસ્ય પ્રાણેભ્યોઅપિગરીયસ ગતિર્ એકૈવ વિત્તસ્ય દાનમ્ અન્યા વિપત્તય

સો, સો હજારો પ્રયત્નો કરીને મેળવેલા અને પ્રાણ કરતાં પણ અધિક મહત્વના માનીને સચવાતા ધનની સારી, શુભ ગતિ એક જ છે- દાન, ધનનો દાન સિવાયનો બાકીનો ઉપયોગ આપત્તિ લાવનાર છે.' આજે લોકોની વૃત્તિ જ 'ધન સંગ્રહ'ની થઈ ગઈ છે. ઓછા પુરુષાર્થ-પરિશ્રમ વિના, ટૂંકે રસ્તે, ખોટા રસ્તે કરોડો-અબજો કેમ એકત્ર કરી લઉંની વૃત્તિથી લોભ-મોહ જાગે છે. આવી બચતો 'જાડેજા બાપુઓ' અને એકના ડબલ કરી આપનાર પાસે જ પહોંચે છે. તો વળી કેટલાક માધુપુરા જેવા સહકારી સેવકોના સકંજામાં સપડાય છે. -યેનકેન પ્રકારેણ કરેલી બચતો, સંગ્રહની ગતિ સારી થતી જ નથી. નેતાઓ- સાહેબો ક્યાં તો જેલમાં, કોર્ટમા આઈસીયુમાં જ મળતા હોય છે. પ્રાપ્ત ધનનો સદુપયોગ દાન- પુણ્ય, ધર્મ અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવામાં કરાય તે જ ધન 'સુલક્ષ્મી' બને છે અને એવી લક્ષ્મી જ સુખ-શાંતિદાયક બને છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાદ-વિવાદમાં ન ઉતરવું.
વૃષભ : (બ.વ.ઉ.)વિશેષ કાર્યબોજને કારણે માનસિક અસ્વસ્થતા રહે. પ્રવાસમાં લાભ.
મિથુન : (ક.છ.ઘ.) વ્યવસાયના કારણે વ્યર્થ દોડા-દોડી થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક : (ડ.હ.) મનની મુરાદ બર ન આવે. મહત્વના કાર્યમાં વિઘ્ન આવે.
સિંહ : (મ.ટ.) પ્રિયજન સાથે મુલાકાતમાં સફળતા મળે. કઠિન કાર્યો સરળ બને.
કન્યા : (પ.ઠ.ણ.) દરેક પ્રકારના કાર્યમાં સફળતા મળે. સ્વજનથી મુલાકાત થાય.
તુલા : (ર.ત.) વ્યર્થ ચિંતા રહે. મહત્વના કાર્યમાં પ્રતિકૂળતા આવે.
વૃશ્ચિક :(ન.ય.) આર્થિક ચિંતા રહે. માનસિક અસ્વસ્થતા રહે. કાર્યભાર વધે.
ધન : (ભ.ફ.ધ.) પડવા-વાગવાથી સંભાળવું. અપયશના ભોગ બનવાનો પ્રસંગ જણાય.
મકર : (ખ.જ.) સંતાનથી લાભ મળે. તમારા પ્રયત્નો ફળતા જણાય.
કુંભ : (ગ.શ.સ.) ધીરજની કસોટી થાય. મનમાં અશાંતિ રહે.
મીન : (દ.ચ.જ.થ.) મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. કાર્યબોજ વિશેષ રહે.

બાલુન્દ્રામાં શ્રી રામદેવપીરનો મેળો ભરાયો

પાલનપુર

અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા ખાતે શ્રી રામદેવપીરનો મેળો ભરાયો હતો. આ પ્રસંગે ભાવિક ભક્તોએ રામદેવપીરના મંદિરે નેજા ચડાવી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ભાજપ અગ્રણી માધુભાઈ રાણા સહિત હજારો ભાવિક ભક્તોએ હાજરી આપી હતી.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૯૯૦૯ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

તા ૦૧.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૧૦૦૦૪) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૩૦ પોઈન્ટના પ્રથમ અને ૯૯૦૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૧૦૧ પોઈન્ટ થી ૧૦૧૩૩ પોઈન્ટ, ૧૦૨૦૨ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) યશ બેન્ક (૧૭૭૬) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૬૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૫૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૯૩ થી રૂ.૧૮૦૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૦૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) HDFC બેન્ક (૧૭૬૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૩૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૮૧ થી રૂ.૧૭૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૬૧૪) :- રૂ.૧૬૦૩ પ્રથમ તેમજ રૂ.૧૫૯૦ ના બીજા સપોર્ટથી રીફાઇનરી સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૬૩૭ થી રૂ.૧૬૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

૪) મહેન્દ્રા ૨ મહેન્દ્રા (૧૩૫૪) :- ઓટો સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૩૭૪ થી રૂ.૧૩૯૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૩૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) લાર્સન લિમિટેડ (૧૧૪૭) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૧૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! કન્ટ્રક્શન સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૧૭૧ થી રૂ.૧૧૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) એશિયન પેઈન્ટ્સ (૧૨૧૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેઈન્ટ્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૯૭ થી રૂ.૧૧૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૨૩૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

૨) ડીવીસ લેબ (૭૦૫) :- રૂ.૭૧૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૨૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૬૮૭ થી રૂ.૬૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૨૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

૩) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૯૩) :- બેન્ક સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૭૦૯ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૬૭૬ થી રૂ.૧૬૭૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

૪) HDFC લિમિટેડ (૧૭૭૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૪૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૯૯ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

૫) લ્યુપિન લિમિટેડ (૯૯૯) :- રૂ.૧૦૧૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૨૫ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૯૭૩ થી રૂ.૯૬૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૨૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

ભાભરના અયોધ્યાનગરમાં ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિનું વિસર્જન

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભરની અયોધ્યાનગર સોસાયટીમાં માટીના ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરી સાત દિવસ પૂજા અર્ચના કરાઈ હતી.ગઈકાલે યજ્ઞ બાદ ભગવાન ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.જે નિમિત્તે શોભાયાત્રા પણ નીકળી હતી.જેમાં સુરેશભાઈ કે.રાઠોડ, મુકેશભાઈ મિસ્ત્રી, અમરતભાઈ ઠક્કર, મહેશભાઈ પ્રજાપતિ, નિલેષભાઈ ઠક્કર, વિનોદભાઈ પ્રજાપતિ, જયેશભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ પટેલ સહિત સોસાયટીઓના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

ચૌધરી યુવા પરિવાર વડગામ દ્વારા અંબાજી પગપાળા યાત્રી સેવા કેમ્પ શરૂ કરાયો

પુષ્કર ગોસ્વામી

પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામમાં માર્કેટયાર્ડના મુખ્ય પ્રવેશદ્વાર આગળ ચૌધરી યુવા પરિવાર વડગામ દ્વારા અંબાજી પગપાળા યાત્રી સેવાકેમ્પનું ગુરૂવારે માર્કેટયાર્ડ ચેરમેન કે.પી.ચૌધરી વ.પા.આં.કે.મંડળ પૂર્વ પ્રમુખ આર.વી. પટેલ, દુધ મંડળી ચેરમેન ભરતભાઈ જી. ડેકલીયા, વિવિકા મંડળી ચેરમેન માંઘજીભાઈ જી. પટેલ સહિત ચૌધરી સમાજના તમામ અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિમાં ઉદ્દઘાટન કરાયું હતું. સૌપ્રથમ ચૌધરી યુવા પરિવારના પ્રમુખ, મહામંત્રી, ઉપપ્રમુખ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું અને પદયાત્રી સેવા કેમ્પની જાણકારી આપવામાં આવી હતી. સતત અગિયારમા વર્ષમાં મંગલ પ્રવેશ કરવામાં આવ્યો હોવાનું યુવા ટીમના પ્રમુખે જણાવ્યું હતું. પદયાત્રી સેવા કેમ્પમા કાજુ- દ્રાક્ષ-ફ્રુટવાળા ગરમાગરમ પૌવા, ચા-કોફી અને વિસામાની સુંદર સગવડ ઉપલબ્ધ છે.

કતારગામ જૈન સંઘ દ્વારા તપસ્વી રત્નનો વરઘોડો નીકળ્યો

વસંત બારોટ

સુરત

શ્રી કતારગામ જૈન સંઘ નીતીસૂરી આરાધનાભવનથી સવારે તપસ્વી રત્નનો ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. બેન્ડ, રથ, ઈન્દ્રધજા બગી સહિત આચાર્યશ્રી રશ્મિરાજસૂરી મ.સા. ની આદિઠાણાની નિશ્રામાં નીકળેલ વરઘોડો કતારગામના વિવિધ માર્ગો પર ફરીને પરત નિતિસૂરીભવન પૂર્ણ થયો હતો. ત્યારબાદ સ્વામી વાત્સલ્ય (ભોજન) સમારંભનું વિશિષ્ટ આયોજન કર્યુ હતું સંઘ દ્વારા વિશેષમાં છેલ્લા ૨૦ વર્ષથી સતત સંઘમાં બેસાડીને જમાડવાની પ્રથા છે. તેમાં વૃધ્ધો માટે (ઉંમરલાયક વ્યક્તિ) માટે પણ સ્પેશ્યલ વ્યવસ્થામાં રાખવામાં આવે છે. જેમાં ૫૦૦૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો.તેનો લાભાર્થી ઓચ્છવલાલ મદનલાલ ચોરડીયા પરિવારે સંપૂર્ણ લાભ લીધો હતો.

કારઝોડામાં રામાપીરનો મેળો યોજાયો

સંજય જોષી

પાલનપુર તાલુકાના કારઝોડા ગામમાં રામપીરનો મેળો ભરાયો હતો. જેમાં ભાવિક ભક્તોએ ભાગ લઇ ધન્યતા અનુભવી હતી.

દાંતીવાડા તાલુકા ભા.જ.પ.ની મહિલા મોરચાની રચના કરાઈ

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકા ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાની નિકનુક મોવડી મંડળ દ્વારા શુક્રવારે થતા પ્રમુખ અને ઉપપ્રમુખના ટેકેદારોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.

આગામી આવતી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વધુ સારું પર્ફોર્મસ થાય અને બહુમતીથી ગયજરાતની ગાદીએ બેસી ઈતિહાસ સર્જવા માટે વધુમાં વધુ કાર્યકરોને જોડવાની થતા સક્ષમ કાર્યકર્તાઓને નવી જવાબ દારી અપાઈ રહી છે.ત્યારે જીલ્લાના મોવડી મંડળ દ્વારા શુક્રવારે દાંતીવાડા તાલુકા મહિલા મોરચાની રચના કરી તેમના નવા સુકાની પ્રમુખ તરીકે પાંથાવાડા ગામના અને સામાજિક કાર્યકર ફાલ્ગુનીબેન જીજ્ઞેશભાઈ ત્રિવેદીની,તથા મહામંત્રી તરીકે વાઘરોળ ગામના જામીબેન રાનાભાઈ દેસાઈની પસંદગી થતા તેમના ટેકેદારોમાં હર્ષની લાગણી ફેલાઇ હતી.ફાલ્ગુનીબેને જણાવ્યું હતૂકે મોવડી મંડળે આપેલ જવાબદારી હું નિષ્ઠા અને ખંત પૂર્વક નિભાવીસ તથા તાલુકાના વિકાસ માટે અગ્રેસર રહીશ.

વડગામ કોલેજમાં નમો ઈ- ટેબલેટનું વિતરણ

તા.પ્રતિનિધિ વડગામ

આર્ટસ કોલેજ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૧/૯/૧૭ ના રોજ કોલેજના સાંસ્કૃતિક ખંડ ખાતે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રેરિત 'નમો ઈ- ટેબલેટ' વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંચ સ્થાને વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળના પ્રમુખ પરથીભાઈ વી. પટેલ, મંત્રી ઓખાભાઈ, સહમંત્રી અભુભાઈ, આર્ટસ કોલેજના પ્રિ.ડૉ.એલ.વી.ગોળ, કોમર્સ કોલેજના પ્રિ.એમ.કે.મકવાણા હાજર રહ્યા હતા. ગુજરાત સરકારે યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦૦ ના ટોક દરે આ ટેબલેટ આપ્યા છે. હેમ. ઉત્તર ગુજરાત યુનિ દ્વારા આ ટેબલેટ કોલેજોને આપવામાં આવ્યા તે અંતર્ગત યોજાયેલા કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને યુનિવર્સિટી ગીત દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોના પ્રાસંગિક વક્તવ્યો યોજાયા અને અંતે રાષ્ટ્રગીત સાથે આ કાર્યક્રમ પૂરો થયો હતો. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના કારકિર્દી-કોર્નર (કેરિયર - કોર્નર) વિભાગ દ્વારા યોજાયો હતો. તેમાં સંચાલન પ્રા. વિપુલભાઈ જોષી દ્વારા અને આભારવિધિ યુનિ.પ્રિ.દશરથભાઈ દ્વારા કરવામાં આવી હતી.

ડીસાની એસ.સી. ડબલ્યુ હાઈસ્કુલના શિક્ષકને રાજ્યકક્ષાનો બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત

ડીસા

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા દ્વારા આયોજિત બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭ નું આયોજન ચૈતન્ય શંભુ મહારાજ તથા યજ્ઞેશભાઈ દવે તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ કમિટી દ્વારા સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં નામના મેળવેલ વ્યક્તિઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ અમદાવાદ ખાતે પંડિત દિન દયાલ ઓડિટોરીયમમાં સમગ્ર રાજ્યના ભુદેવોની હાજરીમાં યોજવામાં આવ્યો હતો.

આ રાજ્યકક્ષાના સન્માન સમારોહમાં પાંત્રીસી ઔદિચ્ય બ્રહ્મ સમાજ વેસાના વતની અને એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલ ડીસાના ઉ.મા.વિભાગમાં ફરજ બજાવતા રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષક પિયુષભાઈ જોશીની શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે કરેલ કામગીરીને ધ્યાનમાં લઈ રાજ્ય કક્ષાનો બ્રહ્મ ગૌરવ એવોર્ડ ૨૦૧૭ આપી સન્માનિત કરાયા હતા.

આ સન્માન પ્રાપ્ત કરવા બદલ સમાજના અગ્રણીઓએ તથા શાળા પરિવારે અભિનંદન આપ્યા હતા. પિયુષભાઈએ સન્માન આપવા બદલ સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજનો આભાર માન્યો હતો.

ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાયું 'મન કી બાત' પુસ્તકનું લોકાર્પણ અને થઈ રસપ્રદ જુથ ચર્ચા

પહેલીવાર દેશમાં કોઈ વડાપ્રધાને આ રીતે 'મન કી બાત' દ્વારા પ્રજા સાથે સંવાદ સાધ્યો : ભાગ્યેશ જહા કૃષ્ણના બાંસુરીવાદન જેવું જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આ મધુર સંભાષણ છે : જય વસાવડા

ગણપત વિદ્યાનગર

માત્ર આપણા દેશમાં જ નહીં સમગ્ર જગતમાં કોઈ રાષ્ટ્રના વડાએ આ રીતે પોતાની પ્રજા સાથે સંવાદ સાધ્યો હોય એવી આ પ્રથમ ઐતિહાસિક ઘટના છે. એવું વિધાન કરી કવિ-વકતા ભાગ્યેશ જહાએ 'મનકી બાત' પુસ્તકનો ભારે ઉંચો મહીમા કર્યો હતો.

છેલ્લા એક કરતાં વધુ વરસના સમયગાળા દરમિયાન દર મહીને 'મન કી બાત' દ્વારા આપણા મા.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશ ભરની જનતા સાથે અને વધુ તો યુવાનો સાથે રાષ્ટ્રના ઉત્કર્ષ અંગેના વિવિધ મુદ્દાઓને લઈને સંવાદ સાધી રહ્યા છે.આકાશવાણીમાં નવી ચેતના પૂરતી આ "મન કી બાત"શ્રેણીના ચૂંટેલા અંશો, દેશ અને દુનિયાના અનેક રેડીયો પ્રવચનો અને એની સાથે જોડાયેલી વાતોનો રસપ્રદ સંચય એટલે 'મન કી બાત' પુસ્તક. આ પુસ્તકનું વધુ એક લોકાર્પણ અને એના વિશેની જુથ ચર્ચાનું આયોજન આજે ગણપત યુનિવર્સીટીના આંગણે કરવામાં આવ્યું હતું.

અમેરીકાના પુર્વ પ્રમુખ બરાક ઓબામા અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક સંયુકત રૂપે યોજાયેલી 'મન કી બાત'ના રોચક પ્રકરણ સહિત દેશના મહત્વના વિકાસના મુદાઓને નરેન્દ્ર મોદીએ એમની 'મન કી બાત' શ્રેણીમાં વણી લીધી છે. જે અહીં આ પુસ્તકમાં પણ સુંદર રીતે વર્ણવવામાં આવી છે. 'મન કી બાત' પુસ્તકમાં કેવી કેવી પ્રેરણાદાયી વાતો સમાવાઈ છે તેની વિગતે વાત ભાગ્યેશ ઝાએ કરી હતી. ગુજરાતી યુવાવર્ગમાં ખુબ લોકપ્રીય થયેલા લેખક, વકતા જય વસાવડાએ કહ્યું હતું કે, મનની વાત, મનના વિચારો લોકો સાથે વહેંચાવી પરંપરા આપણા ઋષિ મુનિઓના વખતથી ચાલી આવતી રીતી છે. ઉપનિષદ પણ એ જ રીતે સર્જાયું છે. હવે નરેન્દ્રભાઈએ પૌરાણિક પરંપરાને ફરી રેડીયોના માધ્યમથી જીવંત કરી છે. આ બુકમાં ગાંધીજી,જવાહરલાલ નહેરૂ, ઈન્દીરા ગાંધી, સુભાષચંદ્ર બોઝ તમામના રેડીયો પ્રવચનોની વાતોને પણ સાંકળી લેવામાં આવી છે. શ્રીમતી આરતીબેન પટેલે કહ્યું હતું કે, 'મન કી બાત' ને કારણે અમને એવું લાગે છે કે નરેન્દ્રભાઈ અમારા માટે એક આદર્શ આરજે છે.

કાર્યક્રમના પ્રારંભે ગણપત યુનિ.ના ડાયરેકટર જનરલ પ્રો.ડૉ. મહેન્દ્ર શર્માએ 'મન કી બાત' કાર્યક્રમની ભૂમિકા સમજાવતા જેમ્સ એલેન, ઉપનિષદ, બુદ્ધ, બાઈબલ, મેઘાણીભાઈ અને સંત કબીર સૌને ટાંકીને મનની વાત, વિચારો, મનન અને ચિંતનનો મહીમા કર્યો હતો અને આ ગણપત યુનિ.ના ડાયરેકટર જનરલ પ્રો.ડૉ. શર્માજી સાથે વિક્રમભાઈ પટેલ (ઉમિયા માતા સંસ્થાન, ઉંઝા) અને દશરથભાઈ પટેલ પણ જોડાયા હતા. તો સમગ્ર કાર્યક્રમના સંકલનમાં આરજે કૃષ્ણાનું પણ મહત્વનું યોગદાન રહ્યું હતું.

સમારંભનું એન્કરીંગ યુનિ.ના પ્રો.ડૉ. આનંદ મંકોડીયાએ કર્યું હતું તો સમગ્ર અવસરને સફળતાપુર્વક સંપન્ન કરવામાં યુનિ.ના રજીસ્ટ્રાર ડૉ.અમીતભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

દીઓદરમાં ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કબડ્ડી સ્પર્ધા યોજાઈ

અશોક શેઠ

તાલુકા પ્રતિનીધી દીઓદર

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા જીલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ દીઓદર વી.કે.વાઘેલા હાઈસ્કુલ દીઓદર ખાતે કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ આજરોજ પ્રાંત અધિકારીશ્રી એ.ડી.ચૌહાણના હસ્તે પ્રારંભ કરવામાં આવેલ.જિલ્લા કક્ષાનો ખેલ-મહાકુંભ કબડ્ડી સ્પર્ધામાં બનાસકાંઠાના તમામ તાલુકાઓની ટીમોએ ભાગ લીધેલ.અંડર ૧૪,૧૭ ભાઈઓ - બહેનો તેમજ ઓપન એજ ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ.તેમાં જે ટીમ વિજેતા થયેલ તે રાજ્ય કક્ષાએ રમવા જશે.

પ્રારંભમાં પ્રાંત યુવા વિકાસ અધિકારી રમત ગમત કચેરી પાલનપુર હીંમતભાઈ એસ.કાપડીએ સૌને આવકારેલ.આ સ્પર્ધામાં ૧૪ તાલુકાની ૧૧૫ ટીમો એ ભાગ લીધેલ ૧૪૯૫ ખેલાડીઓએ એ ભાગ લીધેલ. જેમાં અન્ડર ૧૪માં ૪૭ ટીમ, અન્ડર -૧૭માં ૪૪ ટીમ, ઓપન વિભાગમાં ૨૪ ટીમોએ ભાગ લીધેલ.

આ પ્રસંગે મામલતદારશ્રી પી.એસ.પંચાલ,કેળવણી મંડળના વા.ચેરમેન શ્રી માલજીભાઈ દેસાઈ,એ.પી.ઓ જિલ્લા રમત ગમત અધિકારી કાપડી હીંમતભાઈ,દીઓદર એસ.પી. અક્ષયરાજ મકવાણા,અમરતભાઈ ભાટી, વી.કે. વાઘેલા હાઈસ્કુલના આચાર્યશ્રી એ.પી.ભાટી,તાલુકા મથક સંઘના પ્રમુખ /મંત્રી/સહ કન્વીનર/વ્યાયામ શિક્ષકો,બીટ કે.નિ.દી.બી. એ.રાઠોડ,પરિમલભાઈ પટેલ, રમત ગમતના શિક્ષકશ્રીઓ તથા ટીમના ખેલાડીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ.કાર્યક્રમનું સંચાલન જામાભાઈ પટેલ,રાજુભાઈ દેસાઈ,સુબાભાઈ પઢાર,દુષ્યંત પટેલે કરેલ.

પાલનપુર શહેર ભાજપ મહિલા મોરચાના મંત્રી પદે વરણી

પાલનપુર

પાલનપુર શહેર ભાજપ મહિલા મોરચાના મંત્રી પદે જાગૃત અને શિક્ષિત મહિલા સુશીલાબેન અશોકભાઈ પુરોહિતની કરાયેલી વરણીને વ્યાપક આવકાર સાંપડી રહ્યો છે.

પાલનપુર નગરપાલિકાના માજી નગરસેવક અને આમ આદમીના પ્રશ્નોને સદાયે વાચા આપવામાં અગ્રેસર રહેનાર અશોકભાઈ પુરોહિતના ધર્મપત્ની સુશીલાબેન પુરોહિતની પાલનપુર શહેર ભાજપ મહિલા મોરચામાં મંત્રી પદે વરણી કરાઈ છે. બ્રહ્મ સમાજના અગ્રણી સુશીલા બેનની ભાજપ મહિલા મોરચામાં મંત્રી પદે વરણી થતા ભાજપનું સંગઠન વધુ મજબૂત થશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ થરાદ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ થરાદ

ગત તા. ૨૧/૮/૨૦૧૭ ના રોજ કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા વૃક્ષારોપણ યોજવામાં આવ્યો. કોલેજમાં આસોપાલવ, કાશીર, ટેકોમા, ગરમારો, ગુલમહોર, ગુંદી, આમલી, વડ વગેરે વૃક્ષો વાવવામાં આવ્યા હતા. કોલેજના આચાર્યના હસ્તે વૃક્ષારોપણનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અધ્યાપકો અને વિદ્યાર્થી ભાઈ- બહેનોએ એક એક વૃક્ષ વાવીને તે વૃક્ષ ઉછેરવાનો સંકલ્પ લીધો હતો. કોલેજના એન.એસ.એસ.ના સ્વયં સેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ.બિપિન ચૌધરીએ કર્યું હતું.

ટીટીએફ, અમદાવાદ સ્થાનિક અને વિદેશી પ્રવાસને વેગ આપશે

અમદાવાદ

તા. ૧ થી ૩ સપ્ટેમ્બર દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી એક્ઝિબિશન હોલ ખાતે ટ્રેડશો, ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર (ટીટીએફ), અમદાવાદના આગમન સાથે દેશના સૌથી મોટા ટ્રાવેલ માર્કેટસમાં સમાવેશપામતો ભારતનો પશ્ચિમ પ્રદેશ માર્કેટીગ પ્રવૃત્તિમાં અતિ વ્યસ્ત બની ગયો છે. ૯ શહેરોની ટીટીએફ સીરીઝમાં તેસૌથી મોટા શો તરીકે ઓળખાય છે અને અમદાવાદને તે સ્થાનિક અને વિદેશ પ્રવાસ માટેના સૌથી મોટા સોર્સ માર્કેટતરીકે પ્રસ્થાપિત કરે છે.ટીટીએફ,અમદાવાદ આ વર્ષે ૨૦૧૬ની તુલનામાં પ્રદર્શનની જગામાં ૨૦ ટકાથી વધુના વધારા સાથે હાઉસફૂલ શોબની રહેશે. એક સપ્તાહ પછી સુરતમાં થોડાક નાનકડા સ્વરૂપે પેટા-શોનું આયોજન થશે.ગુજરાતનાં બે શહેરોમાં યોજાઈ રહેલો ટીટીએફ ટુર ઓપરેટર્સ અને પ્રવાસીઓ બંનેને માટે લાભદાયી બની રહેશે. ટીટીએફ, અમદાવાદમાં ૨૧ રાજ્યો સામેલ થઈ રહ્યાં છે, જેમાં આંદામાન અને નિકોબાર, આસામ, દિલ્હી,ગોવા,હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, કર્ણાટકા, કેરાલા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, કેરાલા, ઓરિસ્સા,પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, તેલંગણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ ઉપરાંત યજમાન રાજ્ય ગુજરાતનો પણસમાવેશ થાય છે. જે ૫ રાજ્યો તેમના ખાનગી ક્ષેત્રના સહયોગી દ્વારા પ્રતિનિધિત્વ કરી રહયા છે, તેમાં દાદરા નેનગર હવેલી, હરિયાણા, પોંડીચેરી , તામિલનાડુ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.ટીટીએફ અમદાવાદમાં શ્રીલંકા પાર્ટનર કન્ટ્રી તરીકે અને નેપાળ ફીચર કન્ટ્રી તરીકે રંગબેરંગી પેવેલિયન દ્વારા જોડાયેલુ છે.

આ ઉપરાંત ભૂતાન, ચીન, ઈન્ડોનેશિયા , જાપાન, માલદિવ્ઝ, સિંગાપુર, થાઈલેન્ડ, યુએઈ, ઉઝબેકીસ્તાન અનેરશિયાએ ટીટીએફ અમદાવાદની સિધ્ધિમાં ચાર ચાંદ લગાવ્યા છે.યજમાન રાજ્ય ગુજરાત તેમજ અન્ય રાજ્યોના પ્રવાસન વિભાગ તેમજ ભારત સરકારના પ્રવાસન મંત્રાલયના તેમજકેટલાક દેશોની ટુરિઝમ ઓફિસીસ તથા હજારો પ્રાઈવેટ એકઝિબિટર્સ તેમજ ટ્રેડ એસોસિએશન્સના સતત સહયોગનેકારણે ટીટીએફ, અમદાવાદ દેશભરના બાયર્સ અને સેલર્સને પોતાની નવતર ઓફરો દર્શાવવા માટે તેમજ લાંબા ગાળાની તક પૂરી પાડતુ સૌથી મોટુ પ્લેટફોર્મ બની રહ્યો છે.

અમદાવાદના શો પછી તુરત જ તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન સુરત, ટીટીએફ યોજાશે. ગુજરાત સર્કીટ પૂર્ણ કર્યાપછી સપ્ટેમ્બરના બીજા પખવાડીયામાં એટલે કે ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર અને ૨૨થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન અનુક્રમેમુંબઈ અને પૂના જશે.

અમીરગઢ નજીક ટ્રકના ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂ ઝડપાયો

વિશાલ નાઈ

(પ્રતિનિધિ) અમીરગઢ

પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરનાઓએ બનાસકાંઠા જિલ્લામાં દારૂની બદી સદંતર બંધ થાય તે માટે બોર્ડર ચેક પોસ્ટો ઉપરથી આવતા શંકાસ્પદ વાહનો ચેક કરી દારૂ તથા ગુનાહિત ચીજ વસ્તુઓની હેરાફેરી અટકે તથા આવી અસામાજિક પ્રવુતિ કરતા ઈસમો ઉપર અંકુશ આવે તે રીતે કડક અમલવારી કરવા સારું સૂચના કરતા તેઓ સાહેબની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક તથા સીપીઆઈ ડીસાના માર્ગદર્શન હેઠળ એમ બી બારડ પોલીસ સબ ઈન્સ્પેકટર અમીરગઢની દોરવણી હેઠળ સ્ટાફના માણસો બોર્ડર ઉપર વાહન ચેન્કિંગમાં હતા દરમ્યાન એમ.બી.બારડ પોસ.ઈ.ને ખાનગીરહે ચોક્કસ બાતમીદારથી માહિતી મળતા પોતે તથા સ્ટાફના અમ્રુતભાઈ, રાજુભાઈ, ગજુભા વિગેરે માણસોને સાથે રાખી અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ કરતા મળેલ હકીકત આધારે ટ્રક નં.RJ 19 GA 3318 જે ગાડીના કેબિનના અંદરના ભાગે તપાસ કરતા લોખંડના પતરા પાછળ બનાવેલ ગુપ્ત ખાનામાં તપાસ કરતા રોયલ ચેલેન્જ, મેકડોનાલ્ડ તથા રોયલ સ્ટેગ કંપનીની કુલ બોટલ નંગ ૬૦૧ કિરું.૩૦૩૬૦૦/- તથા ટ્રક ગાડી કિ રૂ ૧૦૦૦૦૦૦/- તથા મોબાઈલ નંગ.૧ કિરું.૫૦૦/- મળી કુલ રૂ.૧૩,૦૪, ૧૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ જે ટ્રકના ડ્રાયવર મહિપાલ નંદુરામ ઢાઢિ રહે- રાજીવનગર જી.જોધપુર રાજસ્થાનવાળાઓ સામે અમીરગઢ પોસ્ટેમાં પ્રોહીબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામે પકડાયેલ ડ્રાયવરની પૂછપરછ કરી દારૂ મોકલાવનાર તથા લેનાર ઈસમો કોણ કોણ છે તેઓને ઝડપી લેવા તપાસ હાથ ધરેલ છે.

લોરવાડા ફિડરની વિજલાઈન સામાન્ય વરસાદમાં પણ ઠપ

વિજ પુરવઠો બંધ થતા જાગૃત નાગરિકોએ સબ સ્ટેશનમાં રજૂઆત કરી પરંતુ ફિડર લાઈનમેન ગાડીમાં ઉંઘતો ઝડપાયો

નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ગુજરાત સરકાર વિકાસના દાવા કરી રહી છે પરંતુ સરકારના કેટલાક વિભાગોના કર્મચારી સરકારના વિકાસના દાવાને પોકળ સાબિત કરતા રહે છે.લોરવાડા સબ સ્ટેશનમાંથી નીકળતી વડાવળ ફિડરની વિજલાઈન ગતરોજ સામાન્ય વરસાદમાં બંધ થઈ જતાં કેટલાક જાગૃત ગ્રાહકો આ બાબતે રાત્રે લોરવાડા સબ સ્ટેશનમાં રજૂઆત કરવા ગયા ત્યારે સબ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓએ વિજ લાઈનમેનો લાઈનનું રીપેરીંગ કરવા ગયા છે અને થોડા સમય બાદ વિજ પુરવઠો કાર્યરત થઈ જશે તેમ જણાવતા જાગૃત ગ્રાહકો સબસ્ટેશનમાંથી નીકળી ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે ગુજરાત વિદ્યુત બોર્ડની ગાડી પડેલી જોતા તેમાં તપાસ કરતા વિજ લાઈનમેનો આરામથી ઉંઘેલા જોવા મળી આવ્યા હતા.જેનું વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું.ત્યારબાદ ઉપરના અધિકારીઓને આ અંગેની જાણ કરતા વિજ લાઈનમેનો સફાળા જાગી ગ્રાહકો સાથે રાત્રીના સમયે પણ ફોલ્ટ શોધી કાઢી વિજ પુરવઠો કાર્યરત કર્યો હતો.

શ્રી કાંકરેજી દશા શ્રીમાળી બેતાલીસી જૈન સમાજ,સુરત દ્વારા સામુહિક પારણા યોજાયાં

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

સુરતમાં વસતા કાંકરેજી સમાજના પરિવારજનોનો પર્યુષણ પર્વ નિમિત્તેનો સામૂહિક પારણા તથા સાંજી તથા વાર્ષિક સ્નેહમિલન સમારોહ તા.૨૬-૮-૨૦૧૭ના રોજ પટેલ સમાજની વાડી કતાર ગામ મધ્યે સમાજના પ્રમુખ દિપકભાઈ એચ.શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. સવારે સૌ તપસ્વીઓનું આગમન થયેલ.સિધ્ધિતપના તપસ્વીઓના બિયાસણા યોજાયેલ તેમજ સૌએ સાથે મળી નવકારશીનો લાભ લીધેલ ત્યારબાદ સમાજના સૌ અઠ્ઠાઈથી ઉપરના તપસ્વીઓના સમૂહ પારણા જાજરમાન રીતે તપસ્વીઓના પ્રથમ પારણાના તથા બહુમાનના લાભાર્થી સુશ્રાવિકા સુભદ્રાબેન વર્ધીલાલ ધુડીલાલ ગાંધી પરિવાર (થરાવાળા) એ ચિ.જીમીના સિધ્ધિતપ તથા ચિ.જીગ્નેશભાઈના ૧૬ ઉપવાસ નિમિત્તે લીધેલ જે પરિવારના હસ્તે કરાવવામાં આવેલ.સૌએ સાથે મળીને તપસ્વીઓએ કોઈ હાથ ગરણું ન લેવાનું અને રિર્ટન ગીફટ ન આપવાનું નક્કી કરેલ જેનું સૌએ પાલન કરેલ.સમાજના વિવિધ પરિવારો દ્વારા તપસ્વીઓને લાણી અર્પણ કરવામાં આવેલ.

ત્યારબાદ તપસ્વીઓના અનુમોદનાર્થે સાંજી રાખવામાં આવેલ.સાંજીનો લાભ દર્શિતાબેન તુષારભાઈ શેઠની સુપુત્રી યશ્વીના માસક્ષમણના અનુમોદનાર્થે સુ.શ્રાવિકા કાન્તાબેન બાલચંદભાઈ શેઠ પરિવાર (સરદારપુરા.૨) વાળાએ લીધેલ.જે પરિવારે સ્ટેજ ઉપર સ્થાન મેળવેલ.ત્યારબાદ જોલી એન્ડ કંપની ની સંગીત પાર્ટીએ સંગીતની ધુમ મચાવેલ તેમજ કેટલાક પ્રશ્નો પુછી સાચા જવાબ આપનારને ઈનામો અપાયેલ તેમજ સૌએ સમૂહમાં ગરબાની રમઝટ મચાવેલ તેમજ સૌ સંગીતના તાલ સાથે સાંજીનો લહાવો લીધેલ.

ત્યારબાદ યોજાયેલા સમારોહમાં સુરત સમાજ પરિવારના શાહ કિરીટભાઈ બચુલાલની સુપુત્રી મુમુક્ષું શ્રેયાબેનનું મંડળના હોદેદારો દ્વારા સન્માન કરવામાં આવેલ.ત્યારબાદ સાંજીના દાતા તથા પ્રથમ પારણાના લાભાર્થી પરિવારોનું બહુમાન કરવામાં આવેલ.ત્યારબાદ સમાજ દ્વારા યોજાતા સ્વામી વાત્સલ્યના કાયમી લાભાર્થી પરિવાર સુશ્રાવિકા સવિતાબેન સેવંતીલાલ દલાલ હ.દિનેશભાઈ દલાલનું બહુમાન કરવામાં આવેલ

અનુસંધાન પાના નં.૬

ભરૂચ નજીકના કેબલ બ્રીજ ઉપર લાગનાર ટોલટેક્ષને લઈને સ્થાનિકોમાં નારાજગી

પ્રતિનિધિ અંકલેશ્વર

નર્મદા નદી ઉપર નવા બનેલા બેલ સ્ટ્રેઈડ બ્રીજ ઉપર મુલદ ચોકડી આગળ ટોલટેક્ષ નાકુ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા આ બ્રીજ ઉપર ટોલટેક્ષ ઉઘરાવવાનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું. જેમાં સ્થાનિકોને પણ ટોલટેક્ષમાં સમાવી લેતા ભરૂચ જિલ્લામાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ઈપીસી ધોરણે તૈયાર થયેલ આ બ્રીજ ઉપર ટેક્ષ લેતા લોકો નારાજ છે. તેમજ જુના સરદાર બ્રીજને પણ ટોલટેક્ષમાં આવરી લેવાયો છે. અગાઉ જૂના સરદારબ્રીજની મુદત પતી જતા તેની ઉપર ચાર વર્ષ પહેલાથી ટેક્ષ લેવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું.

આના અનુસંધાને કોંગ્રેસ દ્વારા ભરૂચ રેલ્વેસ્ટેશનની સામે આંબેડકરની પ્રતિમા સામે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે સફળ રહ્યો હતો. ઈપીસી ધોરણે બનાવેલ આ બ્રીજ યુપીએ સરકારના વખતમાં પાસ કરવામાં આવ્યો હતો. ઈપીસી ધોરણે બનાવેલ હોવાથી તેમાં ટોલટેક્ષનું કોઈ પ્રાવધાન ન હતું. પરંતુ સરકારે આ બ્રીજ ઉપર ટોલટેક્ષનું કોઈ પ્રાવધાન ન હતું.

અનુસંધાન પાના નં.૬

દાંતામાં જય જલિયાણ સેવા કેમ્પની સેવાની સુવાસ મ્હેકી ઉઠી

કલાકમાં ૧૦,૦૦૦ રોટલી બનાવતું મશીન આકર્ષણનું કેન્દ્ર

ડીસા

દાંતા રોડ ઉપર જય જલિયાણ સેવા કેમ્પમાં ૩૫૦ થી પણ વધુ સ્વયંસેવકો છેલ્લા ૧૧ વર્ષથી અંબાજી જતા પદયાત્રિકોની ખડેપગે સેવા કરે છે.કેમ્પમાં પદયાત્રિકોને રોટલી, શાક, બુંદી-ગાંઠીયા, દાળ-ભાત, ખિચડી-કઢી અને છાશનું પાકુ ભોજન પીરસાય છે.એ સિવાય મેડિકલ અને પદયાત્રિકોને આરામનો પણ પ્રબંધ કરાયો છે. જે સેવા કેમ્પમાં મીનરલ વોટરનો પ્લાન્ટ કાર્યરત છે અને કલાકની ૧૦,૦૦૦ રોટલી અને તેવું મશીન પણ કાર્યરત છે જેથી પદયાત્રીકોને ગરમા ગરમ ભોજન રાત-દિવસ પિરસાય છે જે સેવાકેમ્પની સુવાસ ચોમેર મ્હેકી ઉઠી છે.

આજે વિઘ્નહર્તા ગણપતિની ભવ્ય શોભાયાત્રા બાદ વિસર્જન

બે તિથિ લઈ અનેક મંડળોએ ગઈકાલે પણ ગણપતિનું વિસર્જન કર્યું

નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

વિઘ્નહર્તા દેવ ગણપતિ મહારાજનું ભાદરવા સુદ ચોથ એટલે કે ગણેશચતુર્થીના દિવસે રંગેચંગે વાજતે ગાજતે સમાપન કરી યથાશક્તિ પ્રમાણે પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.ગણેશચતુર્થીના દિવસે સ્થાપન થયેલા ગણપતિ મહારાજનું ભાવિકો પાંચ કે સાત અને દશ દિવસ સુધી પૂજન અર્ચન કરતા હોય છે.

અનુસંધાન પાના નં.૬

બનાસનદીમાં પાણી ચાલુ હોઈ વિસર્જન કરવા દૂર જવું નહી પડે

છેલ્લા ૩૮ દિવસથી બનાસનદીમાં પાણી ચાલુ હોઈ આ વર્ષે ગણપતિ વિસર્જન સમયે પણ ચાલુ રહેતા ગણેશભક્તોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે.આ વર્ષે બાલારામ કે વિશ્વેશ્વર સુધી ભક્તોને ગણેશ વિસર્જન કરવા જવું પડતું હતું પણ આ વર્ષે બનાસનદીમાં ગણેશ વિસર્જન કરાશે.

વડાવળમાં ભવ્ય શોભાયાત્રા બાદ બનાસનદીમાં ગણપતિની મૂર્તિનું વિસર્જન કરાશે

ડીસા તાલુકાના વડાવળમાં પણ ગણપતિ મહોત્સવનું આયોજન થયું છે ત્યારે આજે સવારે ૯ કલાકે ગામમાં ભવ્ય શોભાયાત્રા બાદ ગણેશમૂર્તિનું બનાસનદીમાં વિસર્જન કરવામાં આવશે.

અપંગતા અને શરીરે કોઢ મટતાં લીમડીના ભુદેવ બાબાની દંડવતયાત્રા

નવ મહીના પહેલાં પાલીતાણાથી હાથ,પગ અને હૈયુ લઈને નિકળી પડ્યા

વિષ્ણુ દવે

(પ્રતિનિધિ) થરાદ

કહેવાય છે કે હદયમાં શ્રધ્ધા હોય અને મજબુત મનોબળ હોયતો ઘોર કળીયુગમાં પણ ભગવાન તો ભક્તોની સાથે જ હોય છે.ભગવાન પ્રત્યે કઠોર શ્રધ્ધાની આવી જ પ્રતિતી બનાસકાંઠાથી રાજસ્થાનને જોડતા હાઈવે પણ દંડવતયાત્રાએ નિકળેલા સુરેન્દ્રનગરના ભુદેવ કરાવી રહ્યા છે.જેમને અપંગતા અને કોઢ મટતાં રામદેવપીરની દંડવતપદયાત્રાની માનતા લીધી હતી.

પરમાત્મા સૃષ્ટીના અણુઅણુમાં વ્યાપેલાછે,જેમને શ્રધ્ધા હોય તેમને તેની અનુભુતી પણ થતી હોય છે.સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના લીમડી ગામના આધેડ મૃદુલકુમાર ગલાબરાય ત્રિવેદી(બ્રાહ્મણ) માત્ર હાથ પગ અને હૈયુ લઈને એકલા જ થરાદથી રાજસ્થાન હાઈવે પર જમીન માપતા માપતા બાબા રામદેવપીરની દંડવતયાત્રાએ જઈ રહ્યા છે.લોકો તેમની શ્રધ્ધાને વંદન કરી ને આવી આકરી યાત્રાનું કારણ પણ પુછી રહ્યા છે.આ અંગે મૃદુલકુમારે જણાવ્યું હતુંકે તેઓ અપંગ હતા અને શરીર કોઢ પણ થવા પામ્યો હતો.આથી આથી તેમણે રણુંજાના બાબારામદેવપીરની જમીન માપતાં યાત્રા કરવાની માનતા લીધી હતી.તેમની શ્રધ્ધા પુર્ણ થતાં તેઓની અપંગતા અને કોઢ ધીમેધીમે મટી ગયો હતો.

આથી તેઓ ગત ૨૩ મી માર્ચ ૨૦૧૭ના રોજ ફાગણસુદ ૧૦ને ગુરૂવારના સવારેસાત વાગ્યે યાત્રા પર નિકળ્યા હતા.તેમણે યાત્રા ગુજરાતના પાલીતાણાથી શરૂ કરી હતી.અને છ મહીનામાં અંદાજીત ચારસો કીલોમીટરનું અંતર કાપીને આવી પહોંચ્યા હતા.હજી તેમણે આશરે ૩૩૦ કીમીનું અંતર કાપવાનું છે. જેઓ ભોજન માત્ર રાત્રે જ લે છે અને એક ટાઈમમાં માત્ર ત્રણ રોટલી અને શાક ખાઈને રોજનું બે કીમીનું અંતર કાપી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

ઔધોગિક એકમોમાંથી નીકળતા કિંમતી કેમિકલ્સ કંટેઈનરમાં નિર્ધારિત સ્થળે પહોંચે ત્યાં સુધી સીક્યુરીટી ગાર્ડ ફરજીયાત

પ્રતિ. અંકલેશ્વર

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા, ભરુચ, દહેજ ખાતે જી.આઈ.ડી.સી. અસ્તિત્વ ધરાવે છે. આ ઔધોગિક વિસ્તારોમાં મોટા પાયે કેમિકલ કંપનીઓ આવેલી છે. આ કેમિકલ કંપનીના ટેન્કરો દ્વારા અવાર નવાર કુદરતી પાણીના સ્ત્રોતોમાં પ્રદુષણ ફેલાવતા હોવાનું તેમજ ટેન્કરો સર્વિસ સ્ટેશનો અને પેટ્રોલ પંપ વિગેરેનાં મેળા પીપાણાથી ગેરકાયદેસરના કૃત્ય કરી કુદરતી પાણીના સ્ત્રોતને પ્રદુષિત કરવાનું દુષ્કૃત્ય થતું હોવાનું ધ્યાને આવેલ છે. જેથા આવા કૃત્ય ભવિષ્યમાં ન બને તે માટે નિયત કરેલ પ્લાન્ટ સિવાય જાહેર સ્થળ, પાણીના સ્ત્રોત જમીન ઉપર પ્રદુષિત પાણીના નિકાલ ઉપર પ્રતિબંધ આવશ્યક જણાતા ભરૂચ જિલા અધિક મેજીસ્ટ્રેટ એન.સી.શાહે ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ -૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૨૨/૮/૦૧૭ થી દિન ૬૦ માટે ભરૂચ જિલ્લામાં આવેલ કેમિકલ્સ કંપનીઓના પ્રદુષિત પાણી કેમિકલથી જાહેર જનતાની જાન, સલામતી, જાહેર આરોગ્યને થતુ જોખમ તથા સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે નિયત કરેલ શુદ્ધિકરણ પ્લાન્ટ સિવાય, જાહેર સ્થળ, પાણીના સ્ત્રોત જમીન ઉપર પ્રદુષિત પાણી તથા કેમીકલના નિકાલ કરવા પર પ્રતિબંધ રાખવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર બેંક ભારતીય દંડ સંહીતાની કલમ - ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમ અધીક જિલ્લા મેજીસ્ટ્રેટ - ભરૂચ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

પાલનપુરના કોઝી વિસ્તારમાં એક યુવક પર ચપ્પુ વડે હુમલો

સંજય જોષી

પાલનપુર

પાલનપુરના કોઝી વિસ્તારમાં એક આદિવાસી યુવક પર ચપ્પુ વડે હુમલો થતા ચકચાર મચી ગઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ઘટનાસ્થળેથી પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના કોઝી વિસ્તારમાં એક ૨૫ વર્ષીય આદિવાસી યુવક પર તેના જ સ્વજનએ ચપ્પુ મારી હુમલો કર્યો હતો. આબુરોડ તાલુકાના બાંટા ગામના ગણેશભાઈ ભૂરાભાઈ ગમારને કમરના ભાગ પર ચપ્પુ મારતા તેને ઈજા થઈ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

જલોત્રા નજીક તા.પં. કર્મચારી મંડળી દ્વારા પદયાત્રી સેવાકેમ્પ શરૂ

આયુર્વેદિક ઉકાળાનું પણ વિતરણ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામના જલોત્રા નજીક પીડબલ્યુડીના સ્ટોરેજ આગળ દર વર્ષની જેમ આ વર્ષે તાલુકા પંચાયત કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. તરફથી ચા- નાસ્તો, વિસામાના પદયાત્રી સેવાકેમ્પનું ગઈકાલે ઉદઘાટન કરાયું હતું. જેની સાથે- સાથે સરકારી આયુર્વેદ હોસ્પિટલ વડગામ દ્વારા અમૃતપેય ઉકાળાનો કેમ્પ પણ કાર્યરત છે. પ્રાંત ઓફિસર આર.કે.પટેલ, મંડળીના ચેરમેન ભરતભાઈ પટેલ, વા.ચેરમેન શિવાજી ઠાકોર, મેનેજર અભેરાજભાઈ આર. ચૌધરી, આયુર્વેદ હોસ્પિટલ ડૉ.અલ્પેશભાઈ જોષી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, જલોત્રા ગામના અગ્રણીઓ દ્વારા શ્રી અંબાજી માતાજીની મહાઆરતી ઉતારી પદયાત્રીઓ સેવામાં બન્ને કેમ્પ કાર્યરત કરાયા હતા. કર્મચારી મંડળીના તમામ ડિરેક્ટરો- પૂર્વ ચેરમેનો - સભાસદો તથા તાલુકા પંચાયતના સ્ટાફગણે જય અંબેના નાદ સાથે પદયાત્રીઓને આવકાર્યા હતા. ઉદઘાટન સમારોહનું સફળ સંચાલન મંડળીના ચેરમેન ભરતભાઈ પટેલ, વા.ચેરમેન શિવાજી ઠાકોર, મેનેજર અભેરાજભાઈ આર. ચૌધરી (એદ્રાણા) એ કર્યું હતું.

વરસાદી માહોલ અને સ્વાઈન ફ્લુની દહેશત વચ્ચે પણ અંબાજી જતા પદયાત્રીઓના ઘોડાપુર ઉમટ્યા

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

માં જગતજનનીના ધામમાં ભાદરવી મહાકુંભનો પ્રારંભ થઈ જતા લાખો ભક્તો માતાજીને નતમસ્તક થવા પહોંચી રહ્યા છે. ચાલુ વર્ષે વરસાદી માહોલ અને સ્વાઈન ફ્લુની દહેશત વચ્ચે પણ શ્રધ્ધાળુઓના અંબાજીના માર્ગ પર ઘોડાપુર ઉમટી રહ્યા છે. ભાદરવી પુનમના સાત દિવસના મેળાની શરૂઆત થતા અંબાજી ધામમાં માનવ મહેરામણ ઉમટી પડ્યુ છે. તો વળી અંબાજી જતા રસ્તા પર ઠેરઠેર માનવ સાકંળ રચાઈ છે. ભક્તોનો માતાજી પ્રત્યેની અપાર શ્રધ્ધા અહીં પ્રગટ થાય છે. વરસાદી માહોલ હોવા છતાં ઘરેથી જય અંબે કરીને ડગલુ ભરતા લાખો શ્રધ્ધાળુ માતાજીના હેમખેમ દર્શન કરી પરત પણ ફરી રહ્યા છે. જિલ્લાના વહીવટીતંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પદયાત્રીકો માટે પુરતી સગવડ સાથે રાત- દિવસ સેવા પુરી પાડવામા આવે છે. ત્યારે જિલ્લાની અરવલ્લીની કિરીગંધામાં બિરાજમાન માં અંબા ધામ પણ માનવ કિડિયારોથી ઉભરાઈ રહ્યું છે.

બનાસકાંઠા જેલ મુલાકાતી બોર્ડમાં સભ્ય તરીકે નિમણુંક

પ્રતિ. થરા

ગુજરાત પ્રિઝન્સ(વિઝીટર્સ) ટુલ્સ ૧૯૭૪ નિયમ-૪ હેઠળ ગુજરાત સરકારના ગૃહ વિભાગ તરફથી કરવામાં આવતી કમીટીમાં બનાસકાંઠા જિલ્લામાં પણ બનાસકાંઠા જેલ મુલાકાતી વર્ગની રચના કરવામાં આવેલ છે.જેમાં થરા શહેરના પૂર્વ પ્રમુખ પૃથ્વીરાજસિંહ એમ.વાઘેલાને બિન સરકારી સભ્યમાં નિમણુંક કરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લાની કમીટી બનાવેલ છે.તેમાં થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ, પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, કાંકરેજના ધારાસભ્ય ધારસીંભાઈ ખાનપુરા, જ્યારે સામાજીક કાર્યકર સભ્યોમાંથી પૃથ્વીરાજસિંહ એમ.વાઘેલા, શ્રીમતી નીતાબેન એન.જોષી, રાજેન્દ્રકુમાર આર.ડાભીની નીમણૂંક કરવામાં આવેલ છે.પૃથ્વીરાજસિંહ વાઘેલાની નિમણૂંકને કાંકરેજ તાલુકા ભાજપ થરા શહેર ભાજપ દ્વારા આવકારી છે.તેઓ પાર્ટી માટે હંમેશા કાર્યશીલ રહેતા હોઈ તેમની કદર કરી આ જવાબદારી આપવામાં આવી છે.

વડાવળ હાઈવે પર અંબાજી જતા પદયાત્રીકો માટે સેવા કેમ્પ

શિવ શકિત સેવા સમિતિ દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી સેવા કેમ્પનો ધમધમાટ

નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામના જુના પાટીયા પાસે હાઈવે પર શિવ શક્તિ સેવા સમિતિ દ્વારા અંબાજી જતા પદયાત્રીકો માટે સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે.

છેલ્લા ૨૩ વર્ષથી કરવામાં આવતો આ કેમ્પમાં પદયાત્રીકો માટે ચા - પાણી - ભોજન ઉપરાંત આરામ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. આજુબાજુ ગામલોકો દ્વારા લોક ફાળાના સહકારથી ચાલતો આ સેવા કેમ્પ દર વર્ષે ભાદરવા સુદ સાતમથી શરૂ કરવામાં આવે છે. જેમાં પદયાત્રીકો માટે શાક-પુરીનું ભોજન સહિત ચા - પાણીની ૨૪ કલાક સેવા ચાલુ રહે છે. આ વર્ષે વરસાદી મૌસમ વચ્ચે પણ આયોજકો દ્વારા વોટર પ્રુફ ટેન્ટ બાંધી પદયાત્રીકોને વધુ સારી સેવા પુરી પાડવામાં આવી રહી છે. તો વળી પદયાત્રીકો પણ આ સેવા કેમ્પનો પૂરતો લાભ લે તો કેમ્પ પણ પદયાત્રીકોથી સતત ધમધમી રહ્યો છે. આ સેવા કેમ્પમાં વડાવળ ગ્રામજનો સહિત આજુબાજુ ખેતર વિસ્તારોમાં રહેતા માળી, ઠાકોર, પ્રજાપતિ, રબારી અન્ય સમાજોના સેવાભાવી કાર્યકરોની સતત હાજરી સાથે ખડેપગે સેવાઓ આપી રહ્યા છે.

ભારત સંચાર નિગમ લિમિટેડ
(ભારત સરકારનું સાહસ)
દૂરસંચાર જિલ્લા પ્રબંધકની કચેરી, દૂરસંચાર ભુવન,
નવુ ટેલીફોન એક્ષચેંજ બિલ્ડીંગ, જોરાવર પેલેસ, પાલનપુર-૩૮૫૦૦૧
એડવોકેટ્સ એસએસએ લેવલ ૨૦૧૭-૧૮ની એમ્પેનલમેન્ટ
બીએસએનએલ વતી દૂરસંચાર જિલ્લા પ્રબંધક, પાલનપુર, એમ્પેનલમેન્ટની તારીખથી એક વર્ષના સમય માટે પાલનપુર એસએસએમાં આવેલ બીએસએનએલ માટેની ડિસ્ટ્રીક્ટ કોર્ટ/ સીડીઆરએફ/ ડિસ્ટ્રીક્ટ લેબર કોર્ટમાં કેસો ચલાવવા માટે એડવોકેટ/ફર્મ્સ અથવા એડવોકેટ પેનલ પાસેથી અરજીઓ મંગાવે છે. એમ્પેનલમેન્ટ માટે અરજી કરતા એડવોકેટ્સને ઓછામાં ઓછો ૧૦ (દસ) વર્ષનો કોર્ટનો અનુભવ જરૂરી છે, એડવોકેટ્સની ફર્મના કિસ્સામાં એડવોકેટ્સને ૩ (ત્રણ) થી ૪ (ચાર) વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. સિનિયર પાર્ટનર્સ માટે કોર્ટનો ૧૦ (દસ) વર્ષનો લઘુતમ અનુભવ જરૂરી છે.
અરજી મોકલવાની છેલ્લી તારીખ ૧૧.૦૯.૨૦૧૭ છે.
વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.gujarat.bsnl.co.in જોવા અથવા ટેલીફોન નં. : 02742-253931/261155 પર સંપર્ક કરવા વિનંતી.
સહાયક મહાપ્રબંધક (વહીવટ)
ઓ/ઓ. ટી.ડી.એમ., પાલનપુર-385001

ડીસા નગરપાલિકા
ટેન્ડર નોટીસ નંબર - ૪૫
અમૃત યોજના
આથી જાહેર બાંધકામ વિભાગના માન્ય કોન્ટ્રાકટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા (કામના અનુભવી) કોન્ટ્રાકટરોને જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારમાં અમૃત યોજના વર્ષ ૨૦૧૭/૧૮ હેઠળ ગાર્ડન બનાવવાનું કામ અંદાજી રકમ ૧૧૮.૦૩ લાખનું કરાવવાનું હોઈ આ અંગે ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે વિગતવાર માહિતી www.nprocure.com ઉપરથી મેળવવા જણાવવામાં આવે છે.
નં.ન.પા./અમૃત યોજના ગાર્ડન/ટેન્ડર/વશી ૨૦૧૭-૧૮
નગરપાલિકા કચેરી ડીસા
તા.૦૧-૦૯-૨૦૧૭
મુખ્ય અધિકારી
ડીસા નગરપાલિકા

તંત્રી સ્થાનેથી ...

ઈચ્છા જ મનુષ્યને દરિદ્ર બનાવે છે.

ધાર્મિક સંગઠનોના ગોરખ ધંધાઓ પર નિયંત્રણો જરૂરી

ધર્મને નામે ચાલતો અધર્મ જોઈને આજે દેશભરમાં સાચા શ્રધ્ધાળુ અને સંતોને આઘાત પહોંચે તેવી ઘટનાઓ દિન- પ્રતિદિન બની રહી છે. આજે અનેક પાખંડી સંતો ધર્મના ઓઠા હેઠળ પાપલીલા આચરી રહ્યા છે અને તેનો પર્દાફાશ થતાં લોકોની ધાર્મિક શ્રધ્ધાને પણ ઠેસ પહોંચી રહી છે.

આજકાલ પાખંડી સંતોનું શૈતાની સ્વરૂપ પ્રજાને જોવા મળી રહ્યું છે. ગામડાની જનતાને આ બાબતનો રતિભાર ખ્યાલ નહિં આવે કે સંતો કેવા ઠગ હોય છે. ગ્રામ્ય જનતા વિશ્વાસથી સંતો - મહંતોને નમસ્કાર કરી તેઓને પુષ્પહાર પહેરાવે છે. પરંતુ એ હારના ફુલો સંત બની ચુકેલા ઠગની રખાતો પર વેરવામાં આવતા હોય છે. દેશમાં જે ન થવુ જોઈએ તે બની રહ્યું છે. સંત સાધુના કહેવાતા અનુયાયીઓ અસુરોના જેવુ વર્તતા જોવામાં આવ્યા. ધર્મ ભક્તિ અને શ્રધ્ધાને ડાઘ લાગી રહ્યા છે. આસ્થાના નામે હિંસાચાર ફેલાવવામાં આવ્યો છે. રામ- રહીમ જેવા બે શ્રદ્ધાળુ અને પવિત્ર નામોને બટ્ટો લાગ્યો છે તે એક ગંભીર બાબત કહી શકાય. રામ- રહીમ રેપ કેસમાં દોષિત ઠરે અને તેના બચાવમાં હરિયાણામાં હિંસાની હોળીમાં ૩૫ થી વધુ લોકોનો ભોગ લેવાય તેને કેવી રીતે ધર્મ કહી શકાય?

ખરેખર તો શ્રધ્ધાના અતિરેકનો ઉલટી દિશામાં ઉપયોગ થઈ રહ્યો છે અને ભયના ઓથાર હેઠળ જીવતાં માણસની આધિ- વ્યાધિ અને ઉપાધિના છૂપા ડરનો દુરપયોગ થઈ રહ્યો છે. નિયમો વિનાનો ધર્મ અને સિધ્ધાંત વિહોણા રાજકારણની ભેળસેળ થઈ ગઈ છે. ચારિત્ર્ય હિન લોકો જ્ઞાન અને ઉપદેશ થકી મોક્ષનો માર્ગ બનાવી રહ્યા છે. ઠગ ભગતોને રાજકીય સમર્થન મળવું જ ન જોઈએ. પૂર્વ વડાપ્રધાન વાજપેયીએ નનામો પત્ર સીબીઆઈને સોંપીને વર્ષો પહેલાં ન્યાય અપાવવાનો જે સામાજીક ન્યાયનો રાજધર્મ આરંભ્યો તેને તેમના જ પક્ષની રાજ્ય સરકાર નેતાઓએ મતબેન્ક માટે લાંછન લગાવ્યું. માનવતા નેવે મુકાઈને મતબેન્કનું રાજકારણ ખેલાયું. અદાલત પર પ્રભાવ પાડવા અનુયાયીઓના શક્તિ પ્રદર્શનનો બેહુદો હિંસક ખેલ ખેલવામાં આવ્યો. રાજ્ય સરકારમાં ઈચ્છાશક્તિનો સદંતર અભાવ વર્તાયો, ધર્મ અને રાજકીય શક્તિઓનું દુષ્ટ સંયોજન ખુલ્લુ પડ્યું. આવા કહેવાતા સંપ્રદાયો રાજકીય નેતાઓના ટેકાથી પોતાનું સામ્રાજ્ય વિસ્તારે છે. આવા શયતાનોને ધર્મના નામે ઝેડ પ્લસ સુરક્ષા, નિયમોનો ભંગ કરીને સેકંડો કારનો કાફલો અદાલત સુધી જવા દેવાની મંજુરી, હેલિકોપ્ટરમાં અદાલત સુધી લઈ જવાની વ્યવસ્થા જેવી અનેક વીઆઈપી સવલતો રાજકીય સાટગાંઠ અને નવું ધાર્મિક તુષ્ટિકરણ સુચવે છે.

જો કે પ્રજા માને છે કે દેશમાં મોટા નેતાઓ અને જુઠ્ઠા બાવાઓની એક ધરી રચાઈ છે. જે દરેક પ્રકારના અનિષ્ટોનું સંવર્ધન કરે છે. હરિયાણા સરકારે તેમાંથી કશો ધડો ન લીધો. બાવાઓના તોતીંગ કૌભાંડો મત મેળવવા પણ આસ્થાનો પારો ચડાવીને સહન કરી લેવામાં આવે છે.

અસામાજીક તત્વમાંથી પરમ તત્વ બની બેઠલા પાખંડી બાબાઓને શિસ્તના દાયરામાં શા માટે લાવવા ન જોઈએ? એમને સંસ્થાનો હિસાબ કિતાબ નેટ પર મુકવાની ફરજ પાડો. જે સંપત્તિનો હિસાબ મળતો ન હોય તે સંપત્તિને જપ્ત કરવી જોઈએ. દેશમાં બની બેઠેલા તમામ બાબાઓના હિસાબનું ઓડિટ સરકાર દ્વારા થવું જોઈએ. તેમના ટ્રસ્ટોને આર.ટી.આઈ. દાયરામાં લાવવાનો પ્રયત્ન થવા જોઈએ. ધાર્મિક સંગઠનોના ગોરખ ધંધાઓ પર સરકારે નજર કરવી જોઈએ અને સામાન્ય લોકોની થતી શોષણખોરી બંધ થવી જોઈએ.

જો સ્ટેનલેસ મટીરિયલનો ઉપયોગ કરવામાં આવે તો રેલ દુર્ઘટનાઓ ઘટી શકે : વિશેષજ્ઞ

અમદાવાદ

પરિવહન ક્ષેત્રના તજજ્ઞો દ્વારા તાજેતરમાં જ થયેલા રેલ અકસ્માતો અન તેના દ્વારા થતી જાનહાની પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તેમણે રેલ ઉપકરણોમાં કાટરહીત સ્ટૈનલેસ સ્ટીલના ઉપયોગ કરવાની વાત પર ભાર મુક્યો છે.દુનિયાની સૌથી જુની સ્ટૈનલેસ સ્ટીલ બનાવનારી કંપની આઉટોકંપૂના મુખ્ય નિર્દેશક શ્રી યતિંદર પાલ સિંહ સૂરીએ જણાવ્યું હતું કે દુનિયાભરમાં કોચ અને તેની સાથે જોડાયેલા ઉપકરણોના નિર્માણમાં સ્ટેનલેસ સ્ટીલ માન્યપ્રાપ્ત મટીરિયલ બની ગયું છે. સમગ્ર વિશ્વમાં તમામ ક્ષેત્રીય, આંતરરાષ્ટ્રીય, મેટ્રો, ભૂમિગત અને હળવી મોનોરેલ સેવાઓમાં સ્ટેનલેસ સ્ટીલ પર ભોરોસો કરવામાં આવી રહ્યો છે. અન્ય સામગ્રીઓની તુલનાએ સ્ટેનલેસ સ્ટીલના ઉપયોગનું મુખ્ય કારણ તેની મજબૂતાઇ, કાટ રહીત, આગથી સુરક્ષા, સાફ સફાઇમાં સરળતા અને આકર્ષક દેખાવ જેવી ખુબીઓ છે. ભારતીય રેલ્વેએ હાલ નવા એલએચબી કોચોમાં કાટ રહીત સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. આ વધુ સુરક્ષીત મનાઇ રહ્યું છે કારણ કે સ્ટીલના ઉપયોગને લીધે રેલના પાટા પરથી ઉતરી જવાની ઘટના સમયે ડબ્બાઓ સરળતાથી પલટી ખાતા નથી. રેલગાડીના ડબ્બાઓને વધુ હળવા અને આજીવન મરમ્મત મૂક્ત બનાવવા માટે ડુપ્લેક્સ સ્ટેનલેસ સ્ટીલ પર ભાર મુકવામાં આવી રહ્યો છે. હળવા હોવાને કારણે તેઓ વધુ ઉર્જા બચાવે છે. બ મીટર પહોળા ડુપ્લેક્સ સ્ટેનલેસ સ્ટીલ વાળા કોચને કારણે રેલ્વે કોચ ફેક્ટ્રીઓની કુશળતા તો વધે જ છે સાથે જ તે ખુબ જ સુંદર અને આકર્ષક લાગતા હોય છે.

વર્તમાન સમયમાં રેલવે દર વર્ષે બદલનારા કોચોથી વધુ સંખ્યામાં કોચ ઉત્પાદન કરવા ઇચ્છે છે. વધુ ઉત્પાદન ક્ષમતાની સાથે બે મીટર શીટ વાળા ડૂપ્લેક્સ રેલવેની સમસ્યા સરતાથી હલ કરી શકે છે.સુરીના જણાવ્યા અનુસાર અનિલ કાકોડકરના નેજા હેઠળ બનેલી ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમિક્ષા સમિતિ દ્વારા માર્ચ ૨૦૧૨માં રેલ્વેના પારંપરિક કોચને પાંચ વર્ષમાં બદલવા માટે સલાહ આપી હતી.

સ્ટેનલેસ સ્ટીલ વાળા કોચ એન્ટી ટેલીસ્કોપીક છે. તેનો અર્થ એવો છે કે અકસ્માત સમયે આ કોચ એકબીજા પર ચઢી જતા નથી. ઉપરાંત વધુ મજબૂત હોય છે અને દુર્ઘટના સમયે લાગતા ઝટકાઓને વધુ સહન કરી શકે છે, જેને પરિણામે મુસાફરોને ઈજા થવાનું પ્રમાણ ઘટી જાય છે.

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ અમદાવાદને ‘ધ હાર્ટ ઓફ ઈનક્રેડિબલ ઈન્ડિયા’ને પ્રદર્શિત કરવા આવકારે છે

અમદાવાદ

મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ (એમપીટીબી) દ્વારા અમદાવાદમાં મધ્યપ્રદેશના પ્રવાસન સ્થળોને પ્રમોટ કરવા માટે રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોડ શો પ્રદેશના વિવિધ હિતધારકોને કોમન પ્લેટફોર્મ પર લાવવાનો અને રાજ્યમાં રહેલી પ્રવાસનની સંભાવનાઓને પ્રદર્શિત કરવાનો હતો.મધ્યપ્રદેશ એવું રાજ્ય છે જ્યાં દેશનો સાચો સાંસ્કૃતિક વારસો વિવિધ સમુદાયો, જાતિઓ અને જીવનશૈલીઓના આધારે પ્રતિબિંબિત થાય છે. તે દેશના આર્થિક રીતે પ્રગતિ સાધી રહેલા રાજ્યોમાંનું એક છે અને તે પ્રવાસન સેક્ટરમાં રોકાણની વિશાળ સંભાવનાઓ ધરાવતું રાજ્ય છે. ઝડપથી વિકસતા પ્રવાસન સેક્ટરને પ્રદર્શિત કરવા અને પુર્નજીવિત કરવા માટે મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડે આ રોડ શોનું આયોજન અમદાવાદમાં કર્યું હતું. આ ભવ્ય રોડ શો હતો જેમાં વિઝ્યુઅલ ફિએસ્ટા તેમજ મધ્યપ્રદેશના ભવ્ય અને વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસાને તથા અમદાવાદના હેરિટેજને પ્રદર્શિત કરાયા હતા. મધ્યપ્રદેશ પાસે હંમેશા આકર્ષણોમાં વિવિધતા રહી છે. મધ્યપ્રદેશ પાસે અનેક એવી બાબતો છે જે ઓફર કરી શકે તેમ છે. સાંસ્કૃતિક ઈવેન્ટસ જેમકે ખજુરાહો ડાન્સ ફેસ્ટિવલ,માલવા ઉત્સવ, તાનસેન ફેસ્ટિવલ, અલાઉદ્દીન મ્યુઝિક ફેસ્ટિવલ એમ મધ્યપ્રદેશ તમારા હૃદય અને કલ્પના મુજબની ઓફર કરે છે. મધ્યપ્રદેશમાં બે જ્યોતિર્લિંગ ઓમકારેશ્વર અને મહાકાલેશ્વર ઉજ્જૈનમાં આવેલા છે. આ શહેર પવિત્ર શિપ્રા નદીના કાંઠે આવેલું છે જ્યાં પવિત્ર સિંહસ્થ કુંભ મેળાનું આયોજન થાય છે, જે દર ૧૨ વર્ષે એક વાર યોજાય છે. જેનું હાલમાં જ આયોજન થયું હતું. સરકાર દ્વારા રાજ્યને રોકાણ માટે અનુકૂળ રાજ્ય બનાવવા માટે વિવિધ પગલાં લેવાયા છે. મધ્યપ્રદેશ એવું રાજ્ય છે અને સારા એવા પ્રમાણમાં ભૂભાગ આવેલા છે અને હેરિટેજ પ્રોપર્ટીઝ છે જેમાં ખાનગી રોકાણ થઈ શકે છે અને તેને રાજ્ય દ્વારા વિવિધ પ્લેટફોર્મ્સ પરથી પ્રમોટ કરવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ દ્વારા આયોજિત આગામી મોટી ઈવેન્ટ્સમાં ટ્રાવેલ માર્ટ સામેલ છે જેનો પ્રારંભ ૨૭ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર, ૨૦૧૭ દરમિયાન ભોપાલ ખાતે થશે અને જલ મહોત્સવનો પ્રારંભ ૧૫ ઓક્ટોબરથી ૨ જાન્યુઆરી, ૨૦૧૮ સુધી હનુવંતિયા, ઈન્દિરાસાગર ડેમ ખાતે થશે.

સ્વચ્છ ભારત એવોર્ડ કેટેગરી હેઠળ ખુલ્લામાં મળત્યાગને અંકુશમાં લેવા માટે ટોયોટાનો અનોખો માર્ગ માટે સન્માન

બેંગલોર

ટોયોટા કિર્લોસ્કાર મોટર (ટીકેએમ) આરોગ્ય અને તંદુરસ્તી વસ્તારમાં તેનાં અનોખા ફાળા માર્ગ માટે તાજેતરમાં બ્યુરોક્રેસી ટુડે –સીએસઆર એક્સીલન્સ એવોર્ડ, ૨૦૧૭માં નામકરણનું સન્માન મેળવ્યું હતું. કંપનીએ તેનાં અનોખા સીએસઆર ઝુંબેશ – પ્રોજેક્ટ એબી સીડી (એ બહેવરીયલ ચેન્જ ડેમોસ્ટ્રેશન મારફત દેશમાંતી ખુલ્લામાં મળત્યાગ (ઓડી)નાં ઘટાડા માટે તેમનાં પ્રશંસનીય પ્રયાસો માટે સ્વચ્છ ભારત પહેલોમાં ઈનામ જીત્યું હતું. સ્વચ્છ ભારત ઝુંબેશ પ્રોજેક્ટ એબીસીડીમાં ટોયોટાનાં સક્રીય પ્રયાસોનાં ભાગરૂપે શરૂ કરાયેલ પ્રોજેક્ટ એબીસીડી સ્થાનિક આસપાસનાં સમયુદાયોમાં શાળાઓમાં બાળકીઓ માટે સેનટેશન સુવિવધાઓ પુરી પાડવાનાં અને વિદ્યાર્થીઓ અને સમુદાયમાં તંદુરસ્ત સફાઈ પ્રક્રિયાઓ દ્વારા સકારાત્મક વાર્તનીક ફેરફારો લાવવાનાં હેતુથી વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવી હતી. સરકારી સ્કુલોમાં ૧૦૦ ટકા સેનિટેશન મેળવવાનાં મિશનથી મંજબુત રીતે પ્રોજેક્ટે લોકોમાં સારી તંદુરસ્ત આદતો લાવવા માટે પ્રયાસ કર્યો હતો અને કર્ણાટકમાં (ટોયોટા પ્લાન્ટ પાસે આવેલ) વસ્તારોમાં નવા સેનિટેશન યુનિટોનું બાંધકામ કરીને માળખાગત સહાય પુરી પાડી રહ્યાં છે.શાળાનાં બાળકો દ્વારા જાગૃતતા ૧૧૯,૭૩૭ સભ્યોનાં તંદુરસ્ત સ્થાનિક સમુદાયનાં હિસ્સા સુધી પહોચે છે. પ્રોજેક્ટ અનોખો “ બાળકથી સમુદાય ” તરફી માર્ગ અપનાવે છે, જેમાં બાળકો તેમના માતા પિતાને અંગત ઘરેલુ સેનિટેશન યુનિટો બનાવા માટે પ્રોત્સાહીત કરે છે અને આ રીતે તેઓ ધારેલા પરીણામો લાવવા માટે પરિવર્તન લાવનાર બની રહે છે. બ્યુરોક્રેસી ટુડે દ્વારા આયોજિત એવોર્ડમાં ૩૬ કેટેગરીઓમાં ૩૦૦ કોર્પોરેટોએ ભાગ લીધો હતો જેમાં સ્વચ્છ ભારત, સ્કીલ ઈન્ડિયા, વુમેન એમ્પાવરમેન્ટ, એરાડિકેટીંગ પોવર્ટી અને પ્રમોશન ઓફ હેલ્થકેરનો સમાવેશ થાય છે.

રવિ કિશન સુગંધા સિંઘ અને મિથુન દા ને ભોજપુરી ગીતમાં ડાન્સ કરાવે છે

જાણીતા બોલિવુડ અને ભોજપુરી મેગાસ્ટાર રવિ કિશન ધ ડ્રામા કંપનીના સેટસ ઉપર આમંત્રિત કરાયા હતા. આ અભિનેતા તેમના સહ કલાકારો સાથે તેમની મુવી ’લખનઉ સેન્ટ્રલ’ ને પ્રમોટ કરવા માટે આવ્યા હતા.રવિ કિશન કે જેમણે આ મુવીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી તેમણે ધ ડ્રામા કંપનીના સેટસ ઉપર બીજી બાજુ પણ બતાવી હતી. તેમના પ્રથમ પ્રેમ એટલે કે ભોજપુરી મુવીથી થોડા સમય માટે દૂર જઈને રવિએ ભોજપુરી માહોલમાં પાછા આવવા માટે કશું જ બાકિ છોડયું ન હોતુ.

રવિ કિશને સુગંધા મિશ્રાને ઓમ શાંતિ ઓમનુ હિટ ગીત ’આંખો મે તેરી’ ભોજપુરીમાં ગવડાવ્યુ હતુ, જેને તેમણે તરતજ ગાયુ હતુ અને શ્રોતાઓ તેનુ અભિવાદન કરતા રોકાયા ન હોતા. રવિએ બોલિવુડ સુપર સ્ટાર મિથુન ચક્રવર્તિને ભોજપુરી ગીતો ઉપર ડાન્સ કરાવ્યો હતો અને આ અભિનેતાએ પોતાનો ટ્રેડમાર્ક સ્ટેપ ભોજપુરી ગીતો ઉપર કર્યા હતા.

ઝી ક્લાસીક રજૂ કરે છે દિલીપ કુમારની ફિલ્મ ગોપી ૨ સપ્ટેમ્બર બપોરે ૧૨.૩૦ કલાકે



દિલીપ કુમાર હિન્દી સિનેમાના દિગ્ગજ કલાકાર છે, તેઓનુ નામ પડદા પર કેટલાક દમદાર રોલ નિભાવવા માટે પ્રસિદ્ધ થયેલુ છે. આજે ૯૪ વર્ષની ઉંમરે પણ તેઓ તેમના ફેન્સને એ જ અંદાજમાં આકર્ષિત કરે છે. દિલીપ કુમારને બોલીવુડના ટ્રેજેડિ કિંગ પણ કહેવામાં આવે છે. તેઓની આ અદાકારીને સેલિબ્રેટ કરવા માટે ઝી ક્લાસીક વો જમાના કરે દિવાનાની પોતાની બ્રાંડ વિચારધારા સાથે આ શનિવાર ૨ સપ્ટેમ્બર, બપોરે ૧૨:૩૦ વાગ્યે તેઓની લોકપ્રિય ફિલ્મ ગોપી રજૂ કરવા જઈ રહ્યું છે. ૧૯૭૦માં રજૂ થયેલ ફિલ્મ ગોપીમાં દિલીપ કુમાર સિવાય, સાયરા બાનૂ, પ્રાણ, ઓમ પ્રકાશ, ફરીદા ઝલાલ, લલિતા પવાર, નિરૂપા રોય, જોની વોકર, મુકરી અને દુર્ગા ખોટે જેવા કલાકારે પણ હતા.

અમદાવાદના સૌથી વિશાળ ૩ દિવસીય વેડિંગ શોપિંગ ફેસ્ટીવલનું આગમન

અમદાવાદ

ધ શાદી ફેસ્ટિવલ ૨૦૧૭ એ ૩ દિવસીય વેડિંગ, લક્ઝરી અને લાઈફસ્ટાઈલ શોપિંગ એક્સ્ટ્રાવેગન્ઝા છે જેનું આયોજન રેડ ઈવેન્ટ્સ પ્રા. લિ. દ્વારા કરવામાં આવે છે. જે ગ્રીન વાયએમસીએ બેન્ક્વેટ્સ, અમદાવાદ ખાતે ૧ થી ૩ સપ્ટેમબર, ૨૦૧૭ના વીકએન્ડમાં તેની ૧૪મી એડિશન રજૂ કરશે. ગુજરાતના સૌથી વિશાળ અને જેની સૌથી વધુ રાહ જોવાય છે તેવા આ શોપિંગ ફેસ્ટિવલમાં ચોક્કસપણે ખરીદીના શોખીનોને આ વર્ષે તેનો બહોળો અનુભવ થશે.‘શાદી ફેસ્ટીવલ ૨૦૧૭ દ્વારા જાણીતા ડિઝાઈનર્સના બ્રાઈડલ અને હોટે તેમજ સેલિબ્રિટી ગ્લેમર , વેડિંગ મેનેજમેન્ટ તથા પેરાફર્નેલિયા, ફોટોગ્રાફી અને ટ્રાવેલ તથા સ્કીન એન્ડ હેર કેર, શૂઝ, બેગ્સ, એક્સેસરીઝ, ફૂટવેર અને હોમ ડેકોર બધું જ આ કલેક્શનમાં ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત ડિઝાઈનર જ્વેલરી, જેમાં કિંમતી અને ફેશનેબલ એમ બંને પ્રકારની જ્વેલરી સામેલ છે. અનેક સામેલ થનારા લોકો તેમના લેટેસ્ટ કલેક્શન ખાસ શાદી ફેસ્ટિવલમાં રજૂ કરશે જે ફ્રેશ અને આનંદપૂર્ણ શોપિંગ અનુભવ આપશે.

ટીએસએફ એ વેડિંગ ઈન્ડસ્ટ્રીમાં રેડ ઈવેન્ટ્સ પ્રા. લિ.નું માનસસંતાન છે જે આ શોપિંગ ફિએસ્ટાને દર વર્ષે આયોજિત કરે છે, જેમાં ૭૫થી વધુ પ્રદર્શનકારી દેશભરમાંથી સામેલ થાય છે અને ૨૦૦૦થી વધુ પ્રોડક્ટ્સ રજૂ કરવામાં આવે છે. તેઓ અગ્રણી ગ્રાહકો અને મહેમાનોને પસંદ પડે એવા કલેક્શન સાથે આ એક્ઝિબિશનમાં તેની રજૂઆત કરે છે અને તેઓ તેમની ઈચ્છા મુજબની ચીજો ઉપલબ્ધ કરાવવા માટે આતુર રહે છે.

આ ફેશન અને લાઈફ સ્ટાઈલ શોપિંગ એક્સ્ટ્રાવેગન્ઝાનો હેતુ માત્ર વેડિંગ પર લક્ષ આપવાનો નથી પણ તેમાં ગુજરાતના ફેશન સેવી ઓડિયન્સને પણ તેમની અપેક્ષા મુજબની ચીજો-સેવાઓ આપવાનો છે. ધ શાદી ફેસ્ટીવલ એક સુઆયોજિત ઈવેન્ટ છે જેમાં અનેક નોવેલ્ટીઝ સામેલ છે અને દર વર્ષે તે રજૂ કરાય છે. સૌ કોઈ આ ત્રણ દિવસીય ફેસ્ટિવલની આતુરતાપૂર્વક રાહ જૂએ છે.

ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્કે બેન્કિંગ કામકાજ શરૂ કર્યું, બેન્કિંગના યુગમાં પ્રવેશવાને છે સજ્જ

અમદાવાદ

અમદાવાદમાં રજિસ્ટર્ડ ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડે (જૂનું નામ દિશા માઈક્રોફિનલિમિટેડ) એના બેન્કિંગ કામકાજની શરૂઆત કરી છે. અમદાવાદમાં પહેલી સપ્ટેમ્બરે આયોજિત એક કાર્યક્રમમાં રિઝર્વ બેન્કના ભૂતપૂર્વ ગવર્નર, પદ્મવિભૂષણ ડો. સી. રંગારાજનની ઉપસ્થિતિમાં બેન્કને ઔપચારિક રીતે લોન્ચ કરવામાં આવી હતી. ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં ભારતમાં આર્થિક સુધારાઓના પ્રથમ દોરની શરૂઆત થઈ હતી ત્યારે ડો. રંગરાજન રિઝર્વ બેન્કમાં ઉચ્ચસ્થાનેકાર્યરત હતા. સહુના આર્થિક સમાવેશના વિચારના સેલ્ફ હેલ્પ ગ્રુપ (એસએચજી) અને બેન્ક લાઈનેજ પ્રોગ્રામના પ્રણેતાઓમાં તેમની ગણના થાય છે.બેન્કે તેના પ્રથમ દિવસે ડિપોઝિટરૂપે રૂ. ૨૫૦ કરોડ ઊભા કર્યાછે, જે તેની રૂ.૧,૫૦૦ કરોડની બેલેન્સ શીટમાં ૧0% હિસ્સા જેટલી રકમ છે. ફિનકેર એસએફબીના એમડી અને સીઈઓ શ્રીરાજીવ યાદવે નિર્દેશ ક્ર્યો હતો કે બેન્કની નવ ટકાના દરવાળી ફિક્સ્ડ ડિપોઝિટ્સ અને સાત ટકા વ્યાજ આપતી બચત ખાતાની ઓફર ઉદ્યોગમાં એના પ્રકારની એક શ્રેષ્ઠ ઓફર છે.આવતાં થોડાં વરસોમાં એસેટ બુક્સમાં સિક્યોર્ડ લોન્સનો હિસ્સો વધારવાનો લક્ષ્ય છે. ટેક્નોલોજીમાં અમે નોંધપાત્ર રોકાણ કરી રહ્યા છીએ જેથી એ સુનિશ્ચિત થાય કે ગ્રાહકોને ઋણને લગતા નિર્ણયોની જાણ તરતથઈ શકે અને આખી પ્રક્રિયા સરળ તથા દસ્તાવેજરહિતની થઈ જાય. આ રોકાણ અમને એ માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝીસને પણ સેવા પૂરી પાડવામાં મદદરૂપ થશે જેઓ સુધી બેન્કિંગ સેવાઓ પ્રમાણમાં ઓછી પહોંચી છે. ગુજરાત, તામિલનાડુ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશ સહિતનાં મુખ્ય બજારોમાંની બેન્કની ૨૫૦થી વધુ શાખાઓમાંથી રિટેલ બેન્કિંગની શરૂઆત પચ્ચીસથી વધુ શાખાઓમાં થઈ ચૂકી છે.

આ નાણાકીય વરસ પૂરું થવા સુધીમાં બેન્ક ૫૦૦ જેટલા સ્થળોએથી કામકાજકરતી થઈ જશે. તેમાં દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન જેવાં રાજ્યોને પણ આવરી લેવામાં આવશે.આ માળખું જે પ્રાથમિકરૂપે અર્ધશહેરી સ્થળોએ કાર્યરત થશે, એની સાથે બેન્ક ગ્રામીણ ઋણદાતામાંથી બેન્ક બનવા તરફ આગળ વધશે.

ઓસડીયા કડવા પણ અકસીર દવા

ચરિત્ર, વ્યક્તિત્વ વિકાસ માટે ટીપ્પણી કે આલોચના કરનાર આવકાર્ય હોવા જ જોઈએ. અમુક માણસ આત્મશલાધા કે ખુશામતને ચાહતો હોય છે. સોનુ, કંચન પણ એરણ પર ચડવા તૈયાર હોય તો જ નિખરે ! દરેક માણસમાં એક જિનિયસ જીવતો હોય છે પણ દરેકને એ મળતો નથી.

આપણી ખૂબી ઘણી વખત આપણને જ ખબર હોતી નથી. જો ખૂબીની ખબર ન હોય તો ખામીની તો ક્યાંથી ખબર હોય ? દરેક પોતાની જાતને પરફેક્ટ જ માને છે, આપણામાં જરાસરખો બદલાવ લાવવાની ક્યારેક આપણી તૈયારી નથી હોતી. આપણે ક્યારેય આપણા સ્વજન, મિત્રને કે અંગત વ્યક્તિને પૂછ્યું છે કે, તમને મારામાં શું ખામી કે કમી લાગે છે ! એવુ હું શું કરું તો વધુ સારો થઈ શકું ? કોઈ પત્નીએ પતિને અને પતિએ પત્નીને પૂછ્યું છે કે, હું મારામાં શું બદલાવ કરું તો તને વધુ વ્હાલી / વ્હાલો લાગું !?!

જેની પાસે સાઈકલ હોય ને પછી એકટીવા લાવે એટલે સાઈકલને ભૂલી જાય છે પણ એને એ નથી ખબર કે બેલેન્સ રાખતા સાઈકલે જ ?? શીખવ્યુ છે ! આવુ કોઈ-કોઈ જણ જીવનમાં પણ કરતા હોય છે.

એક વખત સચ્ચાઈ જાણવા, માણવા અને જાતને સુધારવા પ્રયત્ન કરી જોઈએ તો !? શક્ય છે કે, ખબર નહીં હોય એવી રસપ્રદ બાબતોની જાણકારી થશે !

વિકેશશાહ દાંતીવાડા

કથાસાગર- સ્વાદિષ્ટ ભોજન

એક રાજાની ચાર રાણીઓ હતી. એક દિવસે પ્રસન્ન થઈને રાજાએ તેમને વરદાન માંગવાનું કહ્યું. રાણીઓએ કહ્યું કે સમય આવ્યે તેઓ માંગી લેશે. થોડા સમય બાદ રાજાએ એક અપરાધીને મૃત્યુદંડ આપ્યો. મોટી રાણીએ વિચાર્યું કે આ મરણાસન્ન વ્યક્તિને એક દિવસનું જીવનદાન આપીને તેને ઉત્તમ પકવાન ખવડાવીને ખુશ કરવો જોઈએ. તેણે રાજાને પ્રાર્થના કરી, ‘મારા વરદાન રૂપે તમે આ અપરાધીને એક દિવસનું જીવનદાન આપો અને તેનું આતિથ્ય મને કરવા દો.’ રાણીની પ્રાર્થના સ્વીકાર કરી લેવામાં આવી. રાણીએ અપરાધીને સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું. પરંતુ અપરાધીએ એ રાજસી ભોજન ખાવામાં કોઈ ખાસ રુચિ ન લીધી. બીજી રાણીએ પણ એ જ વરદાન માંગ્યું અને અપરાધીને એક દિવસનું વધુ જીવતદાન મળી ગયું. બીજી રાણીએ ભોજન આપવાની સાથે તેને સુંદર વસ્ત્રો પણ આપ્યાં. પરંતુ અપરાધી અસંતુષ્ટ રહ્યો.

ત્રીજા દિવસે ત્રીજી રાણીએ ફરીથી એ જ વરદાન માંગીને તેના નૃત્ય-સંગીતની પણ વ્યવસ્થા કરી. પરંતુ અપરાધીનું મન સહેજ પણ ન લાગ્યું. ચોથા દિવસે સૌથી નાની રાણીએ રાજાને પ્રાર્થના કરી કે હું એવું વરદાન માંગું છું કે આ અપરાધીને ક્ષમાદાન આપવું જોઈએ. રાણીનું વરદાન પૂરું કરવામાં આવ્યું. એ રાણીએ અપરાધીને સૂકા રોટલા અને દાળ ખવડાવી, જે તેણે બહુ આનંદથી ખાધાં.

રાજાએ આ જોઈ અપરાધીને પૂછ્યું તો તે બોલ્યો, ‘રાજન, મને તો નાની રાણીના સૂકા રોટલા જ સૌથી સ્વાદિષ્ટ લાગ્યા, કારણ કે ત્યારે મને મૃત્યુનો ભય ન હતો. તેના પહેલાં તો મોતના ભયને કારણે મને રાજસી ભોજન, વસ્ત્રાલંકારો કે સંગીત-નૃત્યમાં સહેજ પણ રુચિ ન હતી.’

અંતર્દષ્ટિ-પ્રશ્નોનું સમાધાન

માનવ જીવન પ્રશ્નો સાથે જોડાયેલું છે. જીવનની પ્રત્યેક ઘટના જે મનને સ્પંદિત કરે છે, અનાયાસ જ નવા પ્રશ્નોને જન્મ આપે છે. એ જ રીતે પરિસ્થિતિઓ અને પરિવેશ સ્વાભાવિક જ અંતઃચેતનામાં પ્રશ્નોને જન્મ આપે છે. પ્રશ્નોનો ક્રમ ના તો અટકે છે અને ના રોકાય છે, બસ નિત્ય-નિરંતર-અવિરામ ચાલતો રહે છે. વસ્તુતઃ પ્રશ્ન કેટલાય પ્રકારના હોય છે. જિજ્ઞાસાવશ મનમાં ઉઠનારા ભાવ પ્રશ્ન છે. પ્રશ્ન બાદ ફરીથી પૂછવાનો ક્રમ પ્રતિપ્રશ્ન છે તો કેટલાક લોકો કોઈ વિષય પર એટલા પ્રશ્ન પૂછે છે કે મૂળ વિષયથી ધ્યાન જ ભટકી જાય એવું કરવું - અતિપ્રશ્ન છે અને અનાવશ્યક પણ. કોઈ દુર્ભાવનાવશ અપ્રાસંગિક પ્રશ્ન પૂછવો કુપ્રશ્ન કહેવાય છે. પ્રશ્નકર્તાનો ભાવ વિકસિત કરવા માટે સૌપ્રથમ ‘ઈગો’નો ત્યાગ કરીને વિનમ્રતા, શિષ્યતા અને જિજ્ઞાસુ ભાવને વિકસિત કરવો આવશ્યક છે. એવું એટલા માટે, કારણ કે પ્રત્યેક પ્રશ્ન મનના મૌનને તોડે છે. મનમાં અશાંતિ, બેચેની અને તણાવને જન્મ આપે છે. આ પ્રશ્ન જેટલા વધારે, જેટલા ઊંડા અને જેટલા વ્યાપક હોય છે, મનની અશાંતિ, બેચેની અને તણાવ પણ એટલો જ વધારે ઊંડો અને વ્યાપક થતો જાય છે.

આ જ અશાંતિ, બેચેની અને તણાવમાં પોતાની જ કૂખમાં ઉપજેલા પ્રશ્નો કે પ્રશ્નોના જવાબ શોધવાની વ્યક્તિ કોશિશ કરે છે. તેને પોતાના આ પ્રયાસમાં સફળતા મળે છે. ઉત્તર પણ મળે છે, પરંતુ નવા પ્રશ્નો સાથે કોઈને કોઈ પ્રશ્ન ચોંટી જ જાય છે. સાથે જ વધી જાય છે બેચેની અને અશાંતિ, કારણ કે કોઈપણ ઘટના, પછી ચાહે પ્રશ્નની હોય કે ઉત્તરની, મનમાં લહેરો અને હિલોળા પેદા કરે છે. મનને તણાવ, બેચેની અને અશાંતિથી જ તે ભરી દેશે. આ સમસ્યાનું સમાધાન ત્યારે જ છે જ્યારે મનની લહેરો મટે, હિલોળા ઘટે. પછી ના કોઈ પ્રશ્ન ઊભરશે અને ના કોઈ જવાબની શોધ રહેશે. તેના માટે મન મૌન રાખવું પડશે. ફક્ત ત્યારે જ ચેતના પ્રશ્નોની પાર જઈ શકશે. ત્યારે જ એ સમજમાં આવશે કે પૂછવા માટે કશું નથી. ઉત્તર મેળવવા માટે પણ કશું નથી. તેને જ સમાધિ કહે છે, જ્યાં તમામ પ્રશ્નો સ્વાભાવિક રીતે જ ખરી પડે છે. જ્યાં બેચેની, અશાંતિ, તણાવ તેની મેળે જ મટી જાય છે. બસ બની રહે છે તો ફક્ત પ્રશ્નવિહીન અમિટ શાંતિ. આધ્યાત્મિક શક્તના વિકાસથી આ શાંતિની પ્રાપ્તિ કરી શકાય છે અને જીવનના તમામ પ્રશ્નોના ઉત્તર સ્વતઃ પ્રાપ્ત અથવા અનુભૂત થઈ જાય છે

અનેક રૂપે ઉપયોગી છે Sal - જાણો મીઠાના ઘરેલુ ઉપાયો

મીઠુ ખાવામાં જ નહી પણ અનેક રીતે ઉપયોગમાં આવે છે. સાફ-સફાઈથી લઈને અન્ય અનેક નાના-મોટા કામ મીઠાની મદદથી સહેલાઈથી થઈ જાય ચેહ્ આવો જાણો મીઠાના આવા જ ઉપયોગી ગુણો વિશમીઠુ ફક્ત આપણા ખાવાનો સ્વાદ જ નથી વધારતુ પણ તે માણસની જીંદગીનો મુખ્ય ભાગ છે. મીઠા વગર કદાચ તમે તમારા જીવનની કલ્પના પણ ન કરી શકો. આ ઉપરાંત પણ મીઠાના અનેક એવા ઉપયોગ છે જેના વિશે કદાચ તમે અત્યાર સુધી અજાણ છો. આવો જાણીએ મીઠાના આવા જ ઉપયોગ

રૂમાલ અને કપડા ચમકાવો - જો તમારા રૂમાલ પર અજાણતા ડાઘ પડી જાય અને ધોયા પછી પણ તે સાફ ન થઈ રહ્યા હોય તો તમે ધોતા પહેલા રૂમાલને મીઠાના પાણીમાં પલાળી મુકી દો. આ રૂમાલના ડાઘ દૂર કરવા ઉપરાંત રૂમાલને ચમકાવી પણ દેશે. જો તમારા કપડાં પર ગ્રીસનુ નિશાન લાગી જાય તો એક ભાગમાં મીઠુ અને ચાર ભાગ આલ્કોહોલ મિક્સ કરી મિશ્રણને ગ્રીસના નિશાન પર રગડવાથી દાગ હટી જાય છે.

કીડીઓ પરેશાન કરે તો - ઘરમાં થોડુક પણ ગળ્યુ પડ્યુ કે કીડીઓ ત્યા આવી જાય છે. આ કીડીઓ જો કરડી જાય તો રેશેજ થઈ શકે છે. જો કીડીઓ પર થોડી મીઠું છાંટી દેવામાં આવે તો કીડીઓ ભાગી જાય છે.

પિયાનો ચમકાવો - પિયાની કી ચમકાવવા માટે કોઈ મોંઘા ઉત્પાદનની જરૂર નથી. તમે મીઠુ અને લીંબુ મિક્સ કરીને તેને સાફ કરી શકો છો. કી ચમકી જશે અને તેની પર લાગેલી આંગળીના નિશાન દૂર થશે.

સફરજનને તાજુ બનાવો - સફરજન જો બે દિવસ પણ રાખવામાં આવે તો તેના પર કરચલીઓ પડી જાય છે. આવામાં જો તમે એકવાર ફરી તમારા સફરજનને તાજુ કરવા માંગો છો તો મીઠાના મિશ્રણમાં થોડીવાર સુધી ડૂબાડીને મુકી રાખો. સફરજન ફરી ફ્રેશ જોવા મળશે.

ટૂથબ્રશની લાઈફ વધારો - મોટાભાગે આપણા ટૂથબ્રશ ખૂબ જલ્દી ખરાબ થઈ જાય છે. જો તમે ઈચ્છો છો કે તમારી ટૂથબ્રશ લાંબા સમય સુધી ચાલતી રહે તો નવુ ટૂથબ્રશ

કિલ્લોલ કુંજ
બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...

ગમ્મત સાથે જ્ઞાન પીરસે...

અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

હાસ્યના હીલોળા

એક કોલેજીયન : હું નાળિયેરના ઝાડ પર ચઢી જાઉં તો એન્જિનયરીંગ કોલેજની છોકરીઓને જોઈ શકીશ

બીજો કોલેજીયન : હા, પણ ઉપર જઈને હાથ છોડી દઈશ તો મેડીકલ કોલેજની છોકરીઓને પણ જોઈ શકીશ !!

૯૯૯૯

એક માણસે પોતાના ખંડમાં ચારે તરફ પ્રાર્થનાઓ ચોંટાડી હતી, એ જોઈ એના મિત્રએ પુછ્યું : તું દરરોજ આટલી બધી પ્રાર્થના કરે છે?

ના, ના ભગવાનને પ્રાર્થના કરું છુ કે આ બધી વાંચી લે. મને પ્રાર્થના કરવાનો બહું કંટાળો આવે છે.

૦૦૦૦૦૦

શિકારી પોતાના દિકરા સાથે શીકાર પર ગયો. જંગલમાં એક ઉડતો બગલો આકાશમાં દેખાયો. શિકારીએ નિશાન તાકીને ફાયર કર્યું.. પણ છતાંય બગલો ઉડતો રહ્યો.. આથી શિકારી બોલ્યો, 'જીંદગીમાં પહેલી વાર એક ચમત્કાર જોઈ રહ્યો છું, બેટા એક મરેલો બગલો આકાશમાં ઉડી રહ્યો છે..

૦૦૦૦૦

મહેશે નરેશને પુછ્યું, તારો પગ કઈ રીતે ભાંગ્યો ?

નરેશ બોલ્યો, હાઈવે પર સરકારે છેલ્લા ચાર વર્ષમાં કેટલા એકસીડેન્ટ થયા એનું બોર્ડ મુકયું છે. ચાલુ સ્કૂટરે એ વાંચતો હતો એમાં કાર સાથે અથડાઈ ગયો.

૦૦૦

પપલુ: પપ્પા જમીનથી સુરજ કેટલે દુર છે ?

પપ્પા : મને ખબર નથી..

પપલુ : પપ્પા તમારા આ અજ્ઞાનને કારણે મને જો માર્ક ઓછા મળે તો પછી કહેતા નહીં..

૦૦૦૦

મધુવન

"સત્યના રંગો જુદા, બુધ્ધિના ઢંગો જુદા,
કૈંક તો સમજાતું આ બધું શુ છે ખુદા"

શેખાદમ આબુવાલાના 'કંઈ તો સમજાવ' શિર્ષક હેઠળ રચાયેલા આ મુક્તકમાં સત્યના રંગો અને ઢંગો વિશે વાત થઈ છે.રોબિનવીલે કહ્યું છે કે 'સત્ય એક ધુમ્મસિયો ખ્યાલ છે, એનો કોઈને પરિચય નથી.એના સ્વરૂપનો ખ્યાલ નથી અને કોઈએ પકડ્યું નથી, જોયું નથી. એના નામનો આરંભ કોણે કર્યો એની જાણ નથી છતાં ટંટળ ચાલ્યા કરે છે.' સાચે જ સત્ય એક ખ્યાલ હોય એવું લાગે છે.

"સત્ય તો બોલે નહી, સૌગંધ હી ખાતે રહે,
હાથમે ગીતા લીયે હમ ઝુઠ દોહરાતે રહે "

કુમાર શિવના આ શે'રમાં અદાલતોમાં ઉચ્ચારાતા અસત્યની વાત થઈ છે.ધર્મપુસ્તકો ઉપર હાથ મુકીને લોકો અસત્યનું આચરણ કરે છે.સત્યનું ખરેખર અભિવાદન કરવું હોય તો એને અનુસરવાનું શરૂ કરવું જોઈએ.એના વિષેનાં પ્રવચનો નિરર્થક છે.કારણ કે શરદબાબુના શબ્દોમાં કહીએ તો સત્યનું સ્થાન હૃદયમાં છે.મોમાં નથી.

"બોલા થા સચ તો જહર પિલાયા ગયા મુજે,
અચ્છાઈયોને મુઝે ગુનહગાર કર દિયા"

રાહત ઈન્દોરીના આ શે'રમાં સત્ય બોલનારની સ્થિતિ કેવી થાય છે એની વાત વ્યક્ત થઈ છે.મીરાંને ઝેરનો કટોરો પીવો પડે છે.તો પ્રહદલાદની પણ કેવી કસોટી થાય છે.એક કહેવત છે કે સત્ય અને ગુલાબની ચારે બાજુ કાંટા હોય.

'સત્યની સીમાઓ કૈં ઓછી નથી
આંખ સામે હોય ને દેખાય ના'

મનહર ચોકસીના શે'ર માં આંખ સામે હોવા છતાં ઘણી વાર આપણે જોઈ શકતા નથી એવા સત્યની વાત છે. ગાંધીજીએ કહ્યું છે કે, સત્ય અમૂર્ત છે એટલે જ લોકો એની મૂર્તિને મનફાવતી કલ્પનાઓ કરે છે. સત્યને જોવા માટે ચર્મચક્ષુઓની નહીં દિવ્ય ચક્ષુઓની જરૂર પડે છે. સત્યને સમજવા માટે બુધ્ધિ કે મગજ નહીં, હૃદયની જરૂર છે.

'દબાવી કોણ દુનિયામાં શકયું છે સત્ય બીનાને ?
હકીકત હોય છે તે આજ નહીં તો કાલ બોલે છે'

સ્વ.અમૃત ઘાયલના આ શે'ર માં સત્ય હોય તે આજે નહીં તો કાલે પણ સૌને એની જાણ થાય છે એવી વાત છે. કોલ્ટને કહ્યું છે કે, સત્યનો સહુથી મોટો મિત્ર છેસમય,એનો સૌથી મોટો શત્રુ છે પક્ષપાત,એની અચલ સંગીની છે નમ્રતા. 'સત્યમેવ જયતે' મુંડકોપનિષદમાં કહેવામાં આવ્યું છે કે, આખરે સત્યનો વિજય થાય છે, અસત્યનો નહીં.'

'ઈશ્વર વિશે લખાય, હવે શકયતા નથી,
જુઠું કહી શકાય, હવે શકયતા નથી
મૃગજળ પીધાં છે એટલાં 'કાબિલ' જીવનમહીં
સત્યોનું ભાન થાય છે હવે શકયતા નથી'

અબ્બાસમુલ્લાં નૂરભાઈ ડેડાણવી 'કાબિલ' ડેડાણવીના આ શે'ર માં સત્યોનું ભાન થવાની શકયતા નકારવામાં આવી છે. સત્ય વિશે બર્નાડ શો એ સરસ વાત કરી છે. સત્ય ? સંસાર એના કરતાં કોઈ મોટી મજાક ગણતો નથી. સત્ય જ બોલવું એ મારી મજાકની પદહાસ છે. અંતે જોઈએ નાથાલાલ દવેની આ રચના.

'સત્યમેવ જયતે, સરસ મુદ્રાલેખ છે
ઓફિસ કેરા પેડ પર ખુરશી કેરી પીઠપર
વળી ઉંચી ભીંત પર, શોભી રહી છે બરાબર
ગોઠવી તો ઠીક દીધો છે પણ કદી વિચાર કીધો છે
સત્ય જો જીતશે આપનું શું થશે ?

ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)
મો. ૯૪૨૭૬૪૪૬૧૧

બે ભાઈઓ અને જાદુઈ ઘંટી

વરસો પહેલાંની વાત છે.એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. મોટો ભાઈ અમીર હતો અને નાનો ભાઈ ગરીબ હતો.

દિવાળીના દિવસોમાં નાનો ભાઈ મોટા ભાઈના ઘેર મદદ માંગવા ગયો ત્યારે મોટા ભાઈએ તેને મદદ કરવાની ના પાડી. ઉદાસ ચહેરે નાનો ભાઈ પાછો ફરી રહ્યો હતો ત્યારે તેને એક વૃધ્ધ વ્યક્તિ મળ્યો. વૃદ્ધ વ્યક્તિ પાસે એક લાકડાની ભારી હતી. ઉદાસ ચહેરે નાના ભાઈને જોઈને પેલો વૃદ્ધ વ્યક્તિ બોલ્યો, 'બેટા કેમ ઉદાસ છો ? કઈ મુસીબત આવી પડી છે તારી ઉપર ?' નાના ભાઈએ પોતાની દુ:ખભરી કહાની કહી સંભળાવી. વૃદ્ધ વ્યક્તિએ એને દિલાસો આપતાં કહ્યું કે, તું આ લાકડાની ભારી ઉઠાવીને લઈને મારા ઘર સુધી પહોંચાડી દે તો હું તને એક એવી ચીજ આપીશ કે જેનાથી તું અમીર બની શકીશ.

નાના ભાઈએ લાકડાનો ભારો ઉઠાવીને પોતાના માથા ઉપર મુકી દીધો અને પછી તે પેલાં વૃદ્ધ વ્યક્તિની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

ઘેર પહોંચ્યા બાદ વૃદ્ધ વ્યક્તિએ એને એક માલપુઓ આપ્યો અને કહ્યું કે તું આને લઈને મંદિરની પાછળ આવેલ વનમાં જા. ત્યાં તને એક ગુફા દેખાશે. જેમાં ઘણાં બધાં ઠીંગુજીઓ રહે છે. માલપુઓ એમનું મનગમતું ભોજન છે તે આને કોઈપણ કિંમતમાં મેળવવા માંગશે પરંતુ તું ધન ના માંગીશ. એવું કહેજે કે મને એક પથ્થરની ઘંટી આપો. જ્યારે તું તે પથ્થરની ઘંટી લઈને આવે ત્યારે તેની વિશેષતા તને સમજાવીશ.

નાનો ભાઈ માલપુઓ લઈને વનમાં આવેલી ગુફા પાસે જઈ પહોંચ્યો. ત્યાં જઈને જોયું તો ઘણાં બધાં ઠીંગુજીઓ એક ઝાડના થડને ગુફાની અંદર લઈ જવાનો પ્રયાસ કરતા હતા પરંતુ તેમના માટે આ મુશ્કેલ કાર્ય હતું.

નાનો ભાઈ ત્યાં પહોંચ્યો અને ઝાડના થડને ટેકો કરીને તેમને મદદ કરી. અચાનક નીચેથી એક ચીસ સંભળાઈ. વાસ્તવમાં એક ઠીંગુજી નાના ભાઈના પગ નીચે આવી ગયો હતો. નાના ભાઈએ તેને ઉઠાવીને પોતાના ખભા પર બેસાડી દીધો. અસલમાં તે ઠીંગુજીઓનો રાજાનો કુંવર હતો.

ઠીંગુજી રાજકુમારે નાના ભાઈના હાથમાં માલપુઓ જોતાં જ તે બોલ્યો, ભાઈ તમે મને આ માલપુઓ આપી દો. એના બદલે હું તમને ઘણી બધી સંપત્તિ આપીશ. જેમાં હીરા માણેક, સોનુ ચાંદી બધું હશે પરંતુ નાના ભાઈએ પથ્થરની ઘંટી માંગી જે રાજકુમારે એની માંગણીનો સ્વીકાર કરીને માલપુઆના બદલામાં ઘંટી આપી. જે લઈને નાનો ભાઈ ચાલવા લાગ્યો ત્યાં જ ઠીંગુજી રાજકુમાર બોલ્યો, 'આ કોઈ મામુલી ઘંટી નથી' તે અમારા રાજયની મૂલ્યવાન વસ્તુ છે. આ ઘંટીને જમણી બાજુ ફેરવવાથી જે માંગશો તે મળશે અને જ્યાં સુધી ડાબી બાજુ નહીં ફેરવો ત્યાં સુધી ચીજવસ્તુઓ નીકળતી જ રહેશે.

જ્યારે નાનો ભાઈ પથ્થરનીઘંટી લઈને ઘેર આવ્યો. ત્યારે એને જોઈને એની પત્ની નિરાશ થઈ. એ તો ભુખ તરસથી એના પતિની પ્રતીક્ષા કરી રહી હતી પરંતુ પતિએ આવતાં જ એક સફેદ વસ્ત્ર પાથરવાનું કહ્યું.

પત્નીએ તરત જ રૂમના અંદર આવીને એક વસ્ત્ર પાથરી દીધું નાના ભાઈએ તે વસ્ત્ર પર ઘંટી મુકીને તરત જ જમણી બાજુ ફેરવીને બોલ્યો, ચોખા નીકળો ચોખા. તરત જ ચોખાનો ઢગલો થઈ ગયો. ત્યાર પછી તો ખાવાની વિવિધ વાનગીઓ અને પછી એક એક કરીને આવશ્યક બધી જ વસ્તુઓ માંગી જે એને મળી ગઈ.

નાના ભાઈ પાસે ધન ભેગું થઈ ગયું. પછી તેણે એક સુંદર મકાન પણ મેળવી લીધું અને તેમાં સુખચેનથી રહેવા લાગ્યો.

એક દિવસ નાના ભાઈએ પોતાના મિત્રો અને પાડોશીઓને જમવા બોલાવ્યા. તેઓ નાના ભાઈનો ઠાઠ જોઈને આશ્ચર્યમાં પડી ગયા. આ બાજુ મોટો ભાઈ વિચારવા લાગ્યો કે નાનો ભાઈ રાતોરાત કરોડપતિ કેવી રીતે બની ગયો ? તેણે એક દિવસ છાનામાના નાનાભાઈના ઘરમાં જઈને જોયું તો નાનો ભાઈ ઘંટી ફેરવીને મીઠાઈઓ, ચીજવસ્તુઓ મેળવતો દેખાયો. આ જોઈને મોટો ભાઈ હેરાન થઈ ગયો. તેણે મનોમન તે જાદુઈ ઘંટી ચોરી લેવાનો વિચાર કર્યો.

અને એક દિવસ તે જાદુઈ ઘંટી લઈને ગામમાંથી નાસી ગયો. તેણે પોતાની સાથે ઘરવખરી લીધી અને હોડીમાં બેસીને જતો હતો ત્યાં જ તેનેમીઠું (નમક)ની યાદ આવી. તે ઉતાવળમાં મીઠું લેવાનું ભુલી ગયો હતો. આથી હોડીમાં બેસતાં જ તેણે ઘંટી ઘુમાવીને મીઠું નીકળો કહ્યું. તરત જ ઘંટીમાંથી મીઠું નીકળવા લાગ્યું પરંતુ તેને ઘંટી બંધ કરવાનું આવડતું નહોતું. થોડી વારમાં જ મીઠાના ઢગલા થવા લાગ્યા અને તે મીઠા સહિત પાણીમાં ડુબી ગયો.

આજે પણ તે જાદુઈ ઘંટી પાણીમાં ઘુમી રહી છે અને તેમાંથી મીઠું નીકળી રહ્યું છે માટે આજે સાગરનું પાણી ખારૂં જોવા મળે છે.

-કમલેશ કંસારા

જો ખરેખર આવું થાય તો ?

અમોલ ઝડપથી સ્કૂલ તરફ જઈ રહ્યો હતો.તેની નજર વારંવાર કાંડા ઘડીયાળ પર જતી હતી.તે ઘણો મોડો પડ્યો હતો.તેને બીક હતી કે આજે પણ સ્કૂલે મોડો પડશે તો કલાસટીચર ખુબ ધમકાવશે.આ ચીંતામાં તેણે આકાશ તરફ જોયું તો ટેન્સન વધી ગયું.કાળા કાળાં વાદળો ઉમટી રહ્યાં હતાં.હવાનો વેગ વધવા લાગ્યો હતો.અમોલ વધુ ઝડપથી ચાલવા લાગ્યો જેથી જલ્દીથી જલ્દી સ્કૂલે પહોંચી શકે.સામી દિશાનો પવન તેને પાછો પાડતો હતો.છતાં તે બને તેટલી ઉતાવળે આગળ વધી રહ્યો હતો.

પવનનો વેગ વધતો જ જતો હતો.અમોલ માટે એક એક ડગલું આગળ વધવાનું મુશ્કેલ બની રહ્યું હતું.ચારે બાજુ ધુળ જ ધુળ ઉડતી હતી.નજર સામે રસ્તો દેખાતો ન હતો.અમોલે ધુળથી બચવા ચહેરાને હથેળીઓથી ઢાંકી લીધો.તે સમયે જ તેને વાદળોનો કાન ફાટી નાંખે તેવી ગર્જના અને પવનનો સુસવાટો સંભળાયો.તેને એમ લાગ્યું કે જાણે કોઈ તેને પકડીને ઉપરની તરફ ખેંચી રહ્યું છે.લાખ કોશીશ કરવા છતાં પગ ધરતી પર ટકતા ન હતા.તે વંટોળીયામાં ઘેરાઈ ગયો હતો.તે પછી શું થયું તેનું તેને કંઈ ભાન ન રહ્યું.

ઘણા સમય પછી શરીર પર ગરમાળાનો સ્પર્શ લાગતાં તેનું ચેતન પાછું આવ્યું.ગરમીને કારણે શરીર પર કીડીઓ ફરતી હોય તેવું અનુભવાયું. સૂરજ જાણે અગનગોળો બની ગરમી વરસાવતો હતો.એમ લાગતું હતું.જાણે કિરણો ચામડી ઓંસરવાં અંદર ઉતરી રહ્યાં છે.ઝાડ-પાનનું દૂર દૂર સુધી કોઈ નામો નિશાન ન હતું.શ્વાસ રૂંધાતો હોય તેમ લાગતું હતું.તે ગભરાઈને બેઠો થઈ ગયો. ચારે બાજુ સન્નાટો પ્રસરી રહ્યો હતો.દુર સુધી પહોળી સડક ફેલાયેલી હતી.તેની બન્ને તરફ આંખ આંજી દે તેવી વિચિત્ર પ્રકારની ચમકદાર ઈમારતો બનેલી હતી.પોતાને અજાણ્યા શહેરમાં અનુભવતાં તેને એકદમ આશ્ચર્ય થયું.

તે વખતે જ અમોલે એક વિચિત્ર માણસને જોયો.તેણે એકદમ ચળકતાં કપડાં પહેરેલા હતાં.અમોલની આંખો અંજાવા લાગી.અમોલે મદદ માટે બુમ પાડી.

'અંકલ..અંકલ..સાંભળો તો.'

અમોલનો અવાજ પેલા વ્યક્તિએ કદાચ સાંભળ્યો નહીં.તેના તરફ ધ્યાન આપ્યા વગર તે સામેની ઈમારતમાં જતો રહ્યો.અમોલ તેની પાછળ પાછળ દોડ્યો.તે અંદર ઘુસવા જતો હતો ત્યાં તેના શરીરે વીજળીનો એક ઝોરદાર ઝટકો અનુભવાયો.તેની મોંમાંથી ચીસ નીકળી ગઈ.

અવાજ સાંભળી પેલો વ્યક્તિ દોડીને બહાર આવ્યો અને અમોલને જોઈ ખીજાઈને બોલ્યો.'તું કોણ છે.?' તે ઓક્સિજન માસ્ક લગાવ્યું નથી કે ઉષ્મા-અવરોધી કપડાં પણ પહેર્યા નથી.તારો શ્વાસ રુંધાઈ જશે.સૂરજનાં કિરણો તને બાળી નાંખશે.

અમોલને તેના અવાજમાં એક અજબ પ્રકારનો ખણકો અનુભવાયો જાણે અવાજ કોઈ ખોખરા પાઈપ માંથી આવી રહ્યો હોય તે સમયે પેલા વ્યક્તિએ એક યંત્ર કાઢ્યું અને તેના પર ગિરપિટ કર્યા બાદ બોલ્યો 'હવે તું અંદર આવી શકે છે.'

અમોલ ડરતો ડરતો તેની પાછળ જવા લાગ્યો.ઓરડામાં પહોંચતા પેલા વ્યક્તિએ તેને ઓક્સિજન માસ્ક પહેરવા આપ્યું.તે પહેરતા અમોલને જીવમાં જીવ આવ્યો.

અમોલ આમ તેમ નજર દોડાવવા લાગ્યો.તે ઓરડામાં લાઈટ કે પંખા જેવું કંઈ ન હતું.છતાં હવા અને પ્રકાશ પુરતા પ્રમાણમાં હતાં.અમોલ ચકિત થઈ ગયો.તે વખતે પેલા વ્યક્તિએ કહ્યું 'તુ આ શહેરમાં અજાણ્યો લાગે છે.?'

'હું' અમોલ જરા અચકાયો.'હું હું તો' સ્કૂલે જતો હતો.અહીં કેવી રીતે આવી ગયો તેની ખબર પડતી નથી.

'સારું, તારું નામ શું છે ?'

'અમોલ'

નામ સાંભળીને તે માણસ ચોંક્યો.અમોલને એ રીતે ટીકી ટીકીને જોવા લાગ્યો જાણે પુરાતન યુગના કોઈ જીવને જોતો ન હોય.

'મારું નામ ડી.કે ૪૨૫ છે.હું અહી ઓક્સિજનનાં સીલીન્ડર વેચવાનો ધંધો કરું છું ' પેલા વ્યક્તિએ પોતાનો પરિચય આપ્યો.

હવે ચોંકાવાનો વારો અમોલનો હતો.આ તે. વળી કેવું નામ.?

તે વ્યક્તિ કહેવા લાગ્યો 'હે છોકરા તારે અવી તે કઈ મજબુરી આવી ગઈ કે ઓક્સિજન માસ્ક અને ઉષ્માઅવરોધક કપડા વિના જ તું બહાર નીકળી પડ્યો ?'

'પણ અમારે તેની જરૂર શું છે.?' અમોલે પુછ્યું.

'અરે! તને એટલી ખબર નથી.'પેલો વ્યક્તિ ખીજાયો.'વાયુમંડળમાં હાનિકારક ગેસોનું પ્રમાણ એટલુ વધી ગયું છે કે માસ્ક વગર શ્વાસ લેવામાં જીવનું જોખમ છે.ઉષ્માઅવરોધી પડતાં સૂરજની ગરમીને અને પારજાંબલી વિકિરણોથી બચવા માટે વિકસીત કરાયા છે.તે ચળકતા અને ચીકાશવાળા હોય છે જેથી સૂરજની ગરમીને પરાવર્તિત કરે શકે.તેનો ચળકાટ આંખો આંજી ન નાંખે તે માટે હેલ્મેટમાં પોલેરાઈડ ચશ્મા લગાવવામાં આવ્યા છે.'

'પણ સૂરજ આટલો ગરમ કેમ થઈ ગયો ?'

અમોલનો પ્રશ્ન સાંભળી પેલો વ્યક્તિ પળભર ચુપ થઈ ગયો.પછી નિઃશ્વાસ નાંખતા બોલ્યો'આ બધુ આપણા પૂર્વજો દુરદષ્ટિના અભાવનું પરિણામ છે.'

'એટલે ?'

'એટલે કે આપણા પૂર્વજોએ ઔધોગીકરણ અને વિકાસની આંધળી દોટમાં પર્યાવરણને દાવ પર લગાવી દીધુ.વાયું મંડળમાં ક્લોરીન અને કાર્બન જેવા વાયુઓ વધી જતાં.ઓઝોન વાયુનું ઝડપથી વિઘટન થવા લાગ્યું તેના ફળસ્વરૂપે વાતાવરણના ઉપરના ભાગમાં રહેલ ઓઝોનનું રક્ષણ આપનારું પડ ઉખડી પડવાની શરૂઆત થઈ.તેના કારણે સૂરજની કિરણોમાં રહેલ પારજાંબલી વિકિરણો, જે ઓઝોન દ્વારા શોષી લેવામાં આવતાં હતાં.તે સીધા ધરતી પર પડવા લાગ્યા.તેના કારણે ધરતીનું તાપમાન વધી ગયું અને સૂરજના કિરણો અસહાય થઈ ગયા.'

'તેનાથી બચવાનો કોઈ ઉપાય નથી? અમોલે ચીંતા વ્યક્ત કરતા પૂછ્યું.'

'ના, હવે કંઈ ન થઈ શકે ' તે વ્યક્તિએ નિરાશાથી માથું હલાવ્યું.'જો આપણા પૂર્વજોએ સમયસર ધ્યાન આપ્યુ હોત તો આવું ન બનત.વૃક્ષોને કપાતા અટકાવ્યા હોત,

નવા વૃક્ષો વાવ્યા હોત.નુકશાનકારક વાયુઓના ઉપયોગ ઘટાડ્યા હોત.પણ હવે કંઈ થઈ શકે તેમ નથી.હવે આપણે અપંગ વ્યક્તિની જેવા થઈ ગયા છીએ.જે મોતને ધીરે ધીરે નજીક આવતું જોવા છતાં ભાગી શકતા નથી.'

એટલું બોલી તે વ્યક્તિ ચુપ થઈ ગયો.તેની આંખોમાં ભયનો ઓથાર વર્તાતો હતો.અમોલ પણ પળભર ગભરાઈ ગયો.ઘણીવાર સુધી બન્ને ચુપચાપ બેસી રહ્યા.તે પછી પેલો વ્યક્તિ મૌન તોડતાં બોલ્યો.'માફ કરજે, હવે મારે જવું પડશે. એક અગત્યનું કામ છે.'

'સારૂ, તો હું પણ જાઉં છું' તે વ્યક્તિની મુશ્કેલીનો વિચાર કરી અમોલ ઉભો થયો અને વિદાય લઈ બહાર આવ્યો.

માથા પર ભસ્મ કરી નાંખે એવો તડકો, વરાળો નીકળતી દેખાતા ડામરના તપેલા રસ્તા, આંખો આંજી નાંખે તેવી મહાકાય ઈમારતો, અમોલ બેચેન થઈ ગયો.એટલુ સારૂ હતું કે વ્યક્તિએ ઓક્સિજન માસ્ક પાછું માંગ્યું નહોતું.પણ તેવામાં અમોલની નજર ઓક્સિજન સીલીન્ડરના મીટર તરફ ગઈ.તેનો ચહેરો ફિક્કો પડી ગયો.મીટરનો કાંટો લાલ નિશાન તરફ આગળ વધતો હતો.તેનો અર્થ એ કે થોડી જ મીનીટોમાં ઓક્સિજન ખલાસ થવાનો હતો.

થોડીજ વારમાં ઓક્સિજન ખલાસ થઈ ગયો.અમોલનો શ્વાસ રૂંધાવા લાગ્યો.બેચેની લાગતા તેણે પોતાનું માસ્ક કાઢીને ફેંકી દીધું.ચીસ પાડવાની કોશીશ કરી પણ અવાજ ગળામાં જ અટકી ગયો.બીજી પળે તે જમીન પર પછડાઈને તડપવા લાગ્યો.

ત્યારે જ તેને કોઈએ ઢંઢોળ્યો.કોઈ તેને જગાડી રહ્યું હતું.

અમોલ રઘવાટમાં બેઠો થઈ ગયો. તેની મમ્મા હતી જે માથા પાસે ઉભી રહી તેને જગાડતી હતી.સૂરજ ઘણો ઉંચે ચડી આવ્યો હતો.તેજ કિરણો તેના ચહેરા પર પડી રહ્યા હતાં.આખું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું હતું.

'અરે ! તો શું આ માત્ર એક સપનું હતું.' તેણે પોતાના કપાળેથી પરસેવો લુંછ્યો.પણ ત્યારે તેની અંદરથી ક્યાંક અવાજ આવ્યો'સપનું નથી આવનાર સમયની છબી છે.'

અમોલ ગભરાઈને વિચારવા લાગ્યો 'જો ખરેખર આવું થયું તો.?'

-નટવર હેડાઉ'વનવિહારી'
મું.વાવોલ.તા.જી.ગાંધીનગર.

અજગર અને મગર

એક વાર એક મોટો અજગર વરખાડાના ઝાડ નીચે બેઠો હતો. અજગર ટુંટીયું વાળીને પડયો રહેતો હતો. આ એક લક્ષણ અજગરના સ્વભાવમાં કાયમી હોય છે. એ ખુબ આળસુ સરીસૃપ વર્ગનું પ્રાણી ગણાય છે. તમામ પ્રાણીઓમાં એ આગળનો સરદાર ગણાય છે. આ આળસુ કયારેક શુભ નુકશાન પણ અજગરને કરતી હોય છે.આળસુના પીર જેવું સંબોધન અજગરને મળતું હોય છે. અજગર એટલે વધારે ભુખ પણ વેઠી શકે છે.

વરખડાના ઝાડની નીચે એક નાનકડું તળાવ હતું. તળાવ દર વરસે ચોમાસાની ઋતુમાં સંપૂર્ણ રીતે ભરેલું જોવા મળે. તળાવમાં મગરમચ્છ, માછલીઓ, દેડકો અને બીજા કેટલાક જળચર જીવો રહેતા હોય છે. આ તળાવમાં એક મગર રહેતો હતો. એ મગર તળાવકાંઠે આવનાર નાના મોટા અનેક જીવોનો સંહાર કરતો. કયારેક કબુતર, હોલો, ચકલાં તેમજ નાના મોટા છોકરાંનો પણ સંહાર કરતો.

અજગરને આ તળાવમાં મગર સાથે એક વાર મૈત્રી બંધાઈ ગઈ. અજગર મગરને ખુબ પ્રેમ કરી બોલે મગર પણ અજગરને જુએ ત્યારે પુંછડી જોરથી પટપટાવે. આમ મગર અને અજગરની જોડી એક અજબ જોડી હતી.

મગરને પકડવા એકવાર શિકારીએ પાણીમાં જાળ નાખી. પાણીમાં પડેલી જાળમાં મગર ફસાઈ ગયો. પેલો શિકારીએ જાળ તાણીને મગરને બહાર લાવ્યો. ત્યાં એ ઘુરકીયાં કરવા લાગ્યો.. આ બનાવની ખબર અજગરને મળી ત્યારે અજગર વરખડાના વૃક્ષ પરથી નીચે આવ્યો. પેલા પારધીને પગે એક બચકું ભરી એ ચાલી નીકળ્યો.. અજગરની પીડાથી મગરની જાળવાળો પારધી ચક્કર આવતાં નીચે પડયો..

આ બધી વાર્તા પેલા અજગરે જોઈ. મગરની ઝાળના બે ત્રણ મોટાં કાણાં પાડી દીધાં.. મગર બહાર આવી પેલી પુંછડી પટપટાવી અજગર ખુશ થઈ ગયો. આવી હતી બંનેની મિત્રતા. અજગર મગરનો જીગરજાન દોસ્ત બની ગયો..

હંસામૃતવાલમીયા
અમદાવાદ

કુદરત કોપે છે ત્યારે

કુદરત તારો કહેર ભલા, ઘણો જ માઠો લાગે છે
પુરનાં પાણી ચોમેર પ્રસર્યા, હૈયે ઉંડા ઘાવ વાગે છે
મારૂં ડેંડાવા ગામ હવે તો, દિવસ ને રાત જાગે છે
ખળખળ વહેતા નીર પણ કેવાં ભયંકર ભાસે છે ?
ભૂખ્યાં છે મુંગાં પશુ પંખી, તોય કશું કયાં માગે છે ?
તળાવ સરીખાં ખેતર જોઈને ખેડૂતનાં હૈયાંય હવે તો ભાગે છે
લાચાર કેવો મનખ બિચારો ઈશ્વર નચાવે તેમ નાચે છે
તોય પ્રભુમાં પરમ શ્રદ્ધા સ્મરણ તમારૂં હર શ્વાસ છે
તારાજ થઈ અર્થ વ્યવસ્થા, કેટલો ભય હર અવાજે છે
બનાસ બિચારૂં બેઠું પાણીમાં, કૃપા કીરતારની સૌ યાચે છે
હાથ લંબાવ્યો સરકારશ્રીએ, સેવાભાવી સંસ્થાઓ પણ આગે છે
નિસર્ગ સઘળું મફત આપે, માનવી બેપરવાહ થઈ મ્હાલે છે
જતન કરીએ વૃક્ષો જળનું, પ્રકૃતિ જતનની જરૂર આજે છે
ધબકતું કરો વતનને રાજગોર, આ રાષ્ટ્ર વિકાસના કાજે છે
સહાય સાક્ષાત શકિત કેરી, શ્રી વડેચી ગામ મધ્યે બિરાજે છે

વિષ્ણુ આર.રાજગોર (ડેંડાવા)

ખાલી કર હતા..!

કોરા એ આવકાર હતા ખાલી કર હતા
ભીના નયન હતા છતાં શબ્દો ડઠર હતા
ભુલાય એનું નામ ભલે એ સુખીરહે
મારી દુઆના રાત દિ શબ્દો અમર હતા
મંજીલ સદાએ લાગતી જાણે કે ઢુકડી
કીંતુ મીલનના માર્ગએ કેવા જબર હતા
આંખોનું તેજસાવ હવે ઓસરી ગયું
જીવનની ઢળની સાંજના યુસુફ એ ઘર હતા

યુસુફ ગુંજાવી

રાજા સુધર્મન અને ચમત્કાર

રાજા સુધર્મનને સફેદ કાળા ટીલાવાળો ઘોડો ખુબ પ્રિય હતો. એની સારસંભાળ માટે એક માણસ રાખ્યો હતો. એ માણસ રોજ સવારે નદીએ લઈ જઈને નદીના સ્વચ્છ પાણીમાં નવડાવતો. પછી સફેદ કપડાથી લાવીને રાજાના ઘોડારમાં સૌથી પહેલાં એને બાંધી દેવામાં આવતો. સમય થતાં એને ભોજન મળતું એના ભોજનમાં રોજ જાત જાતની વિવિધતા રહેતી.

રાજા સુધર્મનને કયાંક જવાનું થાય તો એ ઘોડો પસંદ થતો. વળી આ ઘોડાની કંઈક આગવી ખાસીયત હતી. રાજા ચપટી વગાડતો કે ઘોડો એક તરફ નમતો બીજી ચપટી વગાડતો તૈયાર થતો અને ત્રીજી ચપટીએ ભાગતો.. એવો ભાગતો કે પલકારામાં તો ન જાણે કેટલેય નીકળી જતો. જો દોડતાં દોડતાં રાજાને એને અટકાવી દેવાનું મન થાય તો ચપટી વગાડતાં જ ઘોડો થંભી જતો. રાજાનો આ ઘોડો ચપટીના હિસાબે ઈરારે કામ કરતો હોવાથી એનું નામ ચપટીયો ઘોડો નામ પડયું હતું. ભલે ગમે તે હોય પણ રાજા જ ચપટી વગાડે તો જ ઘોડો કામ કરતો બાકી નહીં..

એકાદ બે વાર ઘોડાના રખેવાળે ચપટી વગાડીને પરીક્ષા કરવાનો પ્રયાસ કર્યો હતો પણ ઘોડો સહેજ પણ ડગ્યો ન હતો ત્યારે રખેવાળ ચીડાઈ ગયો હતો.

એ જુની વાત હતી.

એક દિવસ પુનમ હતી અને દર પુનમે રાજા સુધર્મન ઘોડા પર બેસીને પોતાની નગરીથી દુર આવેલા જે જે માતાના દર્શને જતો . જેજે માતાનું સાચ આસપાસના વિસ્તારમાં ખુબ ફેલાયેલું હતું.પુનમે સવારે રાજા નીકળતો અને બપોર થતાં સુધીમાં એ પાછો આવી જતો..

એવું કંઈ રોજ થોડું એકધારૂં થાય.. એ પુનમે રાજાએ ચપટી વગાડતાં પવનવેગી એ ઘોડો દોડયો.. પણ કોણ જાણે કેમ બીજા માર્ગે ચડી ગયો.

બીજા માર્ગે ઘણો ઘણો આગળ થયો.રાજાએ જાણ્યું ઘોડો એના અસલ માર્ગે આવતા પૂર્વે એક ટેકરો મુનાસીબ માનીને એ કુદયો પણ પહેલી વાર એ થાપ ખાઈ ગયો. અને એ સાથે ગુલાંટ ખાઈ ગયો. જો કે ભાગ્ય કંઈક પાંસરૂં હશે રાજા આગળ ધુળના ઢગલામાં પડયો એને કાંઈ ના થયું

પણ સામે છેડે ઘોડાનો પગ ભાંગી ગયો.. એ ચિત્કારી ઉઠયો..

આ બાબત રાજાએ જાણી.. પોતાને કશુંય થયું ન હતું અને ઘોડો ઘાયલ.. રાજાને ખુબ દુ:ખ થયું એણે નગરમાં સમાચાર મોકલ્યા.. રાજાના માણસો રાજા માટે રથ અને ઘોડા માટે મોટો ખાટલો આવ્યો.. એમાં ઘોડાને રાજમહેલમાં લાવવામાં આવ્યો એ સાથે વૈદને બોલાવવામાં આવ્યા. ઘોડાની પાટાપીંડી થઈ રાજાએ વળી વૈદને આદેશ આપ્યો કે ઝડપથી સારૂં થયું જોઈએ.. જી. કહીને એ ગયા..

આ તરફ ચાર દિવસ થયા પણ ઘોડાનો પગ કંઈક ઠીક ન થયો.. રાજાને ચિંતાઓ થઈ.એ દિવસે બપોર ટાણે વૈદજીએ કહ્યું.. રાજન પાટાપીંડીમાં જો કાગડીયું તેલ મિલાવવામાં આવે તો ઘોડો સાજો થઈ જાય.

તો કાગડીયું તેલ મળે કયાં ? રાજાના પ્રશ્ન સામે વૈદ્યજીએ કાગડાને પીલી તેલ કાઢવાની વાત કરી.

રાજા મુંઝવણમાં આવી ગયો પણ એ વખતે રાજાનો મહેલના કાંગરે બેઠેલા એકકાગડાએ સામેથી કહ્યું, રાજાજી આપનો ઘોડો જો સાજો થતો હોય તો મને પીલીને તેલ કાઢો..

કાગડાની માનવ વાણીને સાંભળી રાજાને નવાઈ લાગી પરંતુ વચ્ચે જ વૈદે કહ્યું એક કાગડાના તેલથી શું થાય.. એ માટે અનેક કાગડાઓની જરૂર પડે..

અનેકનો પ્રશ્ન આવતાં રાજાની જેટલી મુંઝવણ હતી એમાં ખુબ વધારો થયો. એને થયું પણ ખરૂં.. એટલા બધા કાગડા લાવવા કયાંથી ? મારા એક ઘોડા માટે આટલા બધા કાગડાઓની હત્યા કરવાની ?

રાજાને શું કરવું ને શું ન કરવું એ મામલે ચકરાવે ચડી ગયો તો.. બીજી તરફ પેલો કાગડો ગયો હતો એ પોતાની સાથે અનેક કાગડાઓને લઈને આવ્યો. એ બધા મહેલના કાંગરે લાઈનસર બેસી ગયા.

રાજા તો જોઈ જ રહ્યો. એની સામે આટલા બધાને મારવાનું દ્રશ્ય સામે આવ્યું એ દરમિયાન આગેવાન કાગડાએ આગળ આવીને અમને પીલો.. તેલ કાઢી તમારા ઘોડાને સારૂં કરી દો.. એમ કહ્યું..

ત્યાં તો એક ચમત્કારથયો ઘોડાનો પગ સારો થઈ ગયો તો બીજી તરફ બધા કાગડાઓ રાજાના મિત્ર બની ગયા.

-રેણુ વિષ્ણુકુમાર બારોટ
(અમદાવાદ)

આજે વિઘ્નહર્તા...

પાના નં.૩ ચાલુ

ડીસામાં દર વર્ષ ગણેશચતુર્થીથી અગીયારસ સુધી દરેક સોસાયટી મંડળો કે સંસ્થાઓ દ્વારા ગણપતિનું પૂજન-અર્ચન કરતા હોય છે અને ભાદરવા સુદ અગીયારસના દિવસે ડીસામાં નીકળતી જીલઝીલણી એકાદશીની શોભાયાત્રા સાથે ગણેશઉત્સવ મંડળ પણ જોડાતા હોય છે જેથી ડીસાની પ્રદક્ષિણા કર્યા બાદ વિઘ્નહર્તા દેવનું વિસર્જન કરવામાં આવે છે પણ આ વર્ષે બે તિથિમાં થયેલીના પગલે અનેક મંડળો દ્વારા ગઈકાલે પણ અગીયારસ ગણતા અનેક સ્થળે ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.તેમ છતાં આજે નીકળનારી શોભાયાત્રામાં અનેક મંડળો જોડાઈ ગણપતિ દેવનું રંગેચંગે વિસર્જન કરાશે.

અપંગતા અને...

પાના નં.૩ ચાલુ

અત્યારે ભાદરવા મહીનામાં રાજસ્થાનના રણુજા (રામદેવરા) મુકામે હજ્જારો ભાવિકો પગપાળા અને વાહનોમાં જયબાબારીના નાદ સાથે આગળ વધી રહ્યા છે.તેઓમાં પણ આ એકલપંથી પ્રવાસી ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યાછે.રામદેવના આ અનોખા ભક્તને રસ્તામાં સેવાભાવી વ્યક્તિઓ સારી સેવા,સરભરા અને મદદ કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

કેબલ ટ્રેઈડ...

પાના નં.૩ ચાલુ

પરંતુ સરકારે આ બ્રીજ ઉપર ટોલટેક્ષમાં સ્થાનિકોને સમાવી લેતા સ્થાનિકોનો રોષ ઉભરી આવ્યો છે. તેમાં દરરોજ અવરજવર કરનારે તો આર્થિક રીતે મોટા ખાડામાં ઉતરવું પડે તેવી સ્થિતિ છે. આ ઉપરાંત ઉદ્યોગઆલમે પણ સ્થાનિકો માટેના ટોલટેક્ષનો વિરોધ ઉઠાવ્યો છે. આ ટોલટેક્ષને લઈને ઉદ્યોગોની પ્રોડક્ટની પડતર કિંમત વધી જશે તેવી રજુઆત કરી છે.

જોકે સરકાર તરફથી ઈપીસી ધોરણે બ્રીજ બન્યો હોવા છતાં સરકાર ટોલટેક્ષ નાખી શકે છે તેવી દલીલ છે. આ બાબતે ભરૂચ જિલ્લાના ભાજપના અગ્રણીઓએ પણ રજુઆત કરી છે પરંતુ વળતા સમાચાર નથી.

ટોલટેક્ષને લઈને ફરી પાછો ટ્રાફિક જામનો પ્રશ્ન ઉભો થશે એવી પણ લોકોને શંકા છે. કારણે કે અગાઉ જે ટ્રાફિકનો પ્રશ્ન હતો તેમાં ટોલટેક્ષ આગળ લાગતી લાંબી લાઈનો પણ જવાબદાર હતી. વાત કોઈપણ હોય પરંતુ સ્થાનિકોને ટોલટેક્ષ ભરવાની વાત લોકોના ગળે ઉતરતી નથી.

ડીસેમ્બરમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીમાં સ્થાનિક ધોરણે આ મુદ્દો મુખ્ય બની રહેશે. મુદ્દાની સંવેદનશીલતા જોતા આ મુદ્દો આખરી પરિણામોને અસર કરી શકે છે.

શ્રી કાંકરેજી દશા...

પાના નં.૩ ચાલુ

તેમજ સહયોગી ૩૨ જેટલા લાભાર્થી પરિવારોનું બહુમાન કરવામાં આવેલ તેમજ નવા જોડાયેલ ૧૦ જેટલા પરિવારોનું બહુમાન થયેલ તેમજ વિવિધ તપશ્ચર્યાના તપસ્વીઓનું બહુમાન મંડળ દ્વારા કરવામાં આવેલ.

મંડળના મંત્રી અશોકભાઈ (સાંપરા)એ જણાવેલ કે સુરતમાં પર્યુષણ પર્વ દરમ્યાન તપ આરાધના હોય એટલે દરેક તપસ્વીના ઘેર શાતા પુછવા દરેકે જવું પડે છે.તેમાંય કેટલીક વખત સમય પણ સચવાતા નથી.તો કોઈક ન જાય તો દુઃખ પણ રહે છે.જેથી હવેથી મંડળ દ્વારા પર્યુષણ પર્વ દરમ્યાન જ એક વાડી રાખી સાંજી અને તપસ્વીઓને શાતા પુછવાનો કાર્યક્રમ રાખવામાં આવશે.અને સૌ સમાજ એકી સાથે શાતા પુછી શકશે.આમ સૌનો સમય બચે તેમજ તપસ્વીઓને પણ શાંતી રહે જે પ્રસ્તાવને સૌએ વધાવી લઈ આગામી વર્ષે આનું આયોજન કરવા જણાવેલ.

મંડળના હોદેદારો,કારોબારી સમિતિના સદસ્યોએ સુંદર સહકાર વડે સુંદર આયોજન થયેલ.ત્યારબાદ સૌએ સાથે મળી ભોજન લીધેલ.સુરત સમાજમાં માસક્ષમણ-૩,સિધ્ધી તપ- ૧૭,૧૬ ઉપવાસ-૧૨ તથા ૧૧ ઉપવાસ-૧,૯ ઉપવાસ-૧,અઠ્ઠાઈ- ૨૯ થવા પામેલ જેમનું તથા ૫૦૦ આયંબીલ તથા વરસી તપના તપસ્વીઓનું બહુમાન મંડળ દ્વારા કરવામાં આવેલ.

ડીસાના ધાનપુરા ...

પાના નં.૮ ચાલુ

હતું. જે સમયે પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું અને અકસ્માતે મોત અન્વયે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી. જોકે ત્યારબાદ મૃતકની માતા ને શંકા જતા તેમણે પોતાની દીકરીનું કરંટ લાગવાથી નહીં પરંતુ સાસરીપક્ષના ત્રાસથી મોત થયું હોવાનું જણાતા આ અંગે ડીસા તાલુકા પોલીસ મથકમાં પોતાના જમાઈ અશોકસિંહ જેનુંસિંહ વાઘેલા,મૃતક રાજુબાની જેઠાણી પરસનબા દુધભા વાઘેલા અને દિયર વિક્રમસિંહ જેનુંસિંહ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. મૃતકની માતાએ આક્ષેપ કર્યો હતો કે પોતાની દીકરી પાસે આરોપીઓએ ઘર બનાવવા પૈસાની માંગણી કરી હતી જે પૈકી તેમણે પતરા વગેરે આપેલું હતું પરંતુ તેઓની માંગણી વધતી જતી હોય માગણી ન સંતોષાતા પોતાની દીકરીને યેન કેન પ્રકારે ત્રાસ આપવાનુ શરૂ કર્યું હતું જેના કારણે તેનું શારીરિક માનસિક ત્રાસના કારણે મોત નિપજ્યુ હતું. આ અંગે ડીસા તાલુકા પોલીસે મૃતકની માતા ઝેણીબેન ડાહ્યાજી વાઘેલા (રહે. ભડથ, કુંભાણી પાટી,તા.ડીસા)ની ફરિયાદના આધારે ચારેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડગામના ઐતિહાસિક મુક્તેશ્વર તિર્થસ્થાને લોકમેળો યોજાયો

તા.પ્રતિનિધિ વડગામ

લોકમાતા સરસ્વતી નદી તટે પાંડવોએ સ્થાપેલ શિવલીંગને મુક્તેશ્વર મહાદેવ તિર્થસ્થાનની ઉપમા મળી હતી. પાંડવોએ પાંડુરાજાની શ્રાધ્ધ વિધિ અહીં કરી ગુપ્તવાસ દરમ્યાન રોકાયા હોવાની ઐતિહાસિક કથા છે. ત્યારથી પિતૃતર્પણની વિધિ મુક્તેશ્વર ખાતે કરવામાં આવે છે. દર વર્ષની જેમ પરંપરા મુજબ ભાદરવા સુદ-૧૧ (અગિયારસ) ના દિવસે અહીં ભવ્ય લોકમેળો યોજાયો હતો. જેમાં ઉત્તર ગુજરાતના ભાવિકો ઉમટી પડ્યા હતા. વડગામ પોલીસ સિંચાઈ વિભાગ, મુક્તેશ્વર વહીવટદાર દ્વારા યાત્રિકો માટે તમામ પ્રાથમિક સગવડોનું આયોજન કર્યું હતું.

લાખણીના ફોટોગ્રાફરોનું ગાંધીનગરમાં સન્માન કરાયું

હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

ગાંધીનગરમાં તાજેતરમાં યોજાયેલ ઈન્ટરનેસનલ ફોટો ફેર કાર્યકર્મમાં લાખણીના ફોટો ગ્રાફરોએ ભાગ લીધો હતો. જેમાં લાખણી તાલુકાનો કાર્યકર્મ ચૌહાણ અરજણભાઈ વાઘેલા દેવજીભાઈ અને નાઈ રાજુભાઈની આગેવાનીમાં યોજાયો હતો જે કાર્યકર્મમાં ફોટોગ્રાફરોની સારી કામગીરીની કદર કરી સન્માન પત્ર આપીને ફોટોગ્રાફરોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યકર્મ માં દેશભર માંથી મોટી સંખ્યામાં ફોટોગ્રાફરો જોડાયા હતા.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર (કીલોના)
ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૧૦૦
રૂપુ કાચું ૩૯૦૦૦-૪૦૦૦૦
સોનુ તોલો ૨૯૭૦૦-૩૦૦૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૮૯૦-૯૪૫
પામોલીન ૮૮૫-૯૪૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૦૦
સીંગતેલ ૧૫ લી.૧૫૦૦-૧૫૨૦
સીગતેલ ૫ લી. ૪૫૦
તિરૂપતી કપા. ૧૨૪૦
૫ લીટર ૪૧૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૩૦૦
૫ કે. કોપરેલ ૮૬૦
પલી. અંકુર સીંગતેલ ૪૫૦
૧૫ લીટર સનફલાય ૧૧૮૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૬૫૦૦
ગેટ વ. રોયલ ૫૫૦૦
ગેટવે રેગ્યુલર ૫૦૦૦
ગેટવે રીઝાના ૪૫૦૦
ગેટવે એવરેડી ૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦

દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
દુન તીબાર ૫ કી. ૮૨૦૦
દુન તીબાર ૧ કી. ૮૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૮૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦
નર્મદા અડદદાળ ૬૯૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૧૧૦૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૭૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૩૦૦
દાવત ૬૦ મીની જુના ૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦
હેરીટેજ તીબાર ૭૨૦૦
હેરીટેજ દુબાર ૫૫૦૦
હેરીટેજ મીની દુબા ૪૫૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૦૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦

ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૬૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦
ખાંડ એમ.૪૦૦૦
ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર

વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
પરચુરણ
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૩૦૦-૪૦૦
સુકી ડુંગળી ૪૦૦-૫૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૨૦૦-૧૫૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૩૦૦-૪૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૯૦૦
રીંગણ ૬૦૦-૮૦૦
ટામેટા ૮૦૦-૧૦૦૦
ભીંડા ૩૦૦-૪૦૦
કોબી ૨૮૦-૩૪૦
વટાણા ૯૦૦-૧૧૦૦
ટીંડસા ૭૦૦-૮૦૦
ગવાર ૬૦૦-૮૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
સાંગા બટાકા ૧૨૦-૧૪૦
ચોળી ૬૦૦-૮૦૦
તુરીયા ૫૦૦-૮૦૦

વરણમાં ગણેશ મહોત્સવનું સમાપન

બી.ટી.દરબાર

પ્રતિનિધિ જેનાલ

ડીસા તાલુકાના વરણ ગામે ગણપતિ ઉત્સવના સમાપન પ્રસંગે ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બાદમાં ભગવાન ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમા ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. દશ દિવસ ઉત્સવ દરમિયાન આરતી અને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

ભારતીય જીવન વિમા નિગમની -૬૧ મી વર્ષગાંઠની ઉજવણી

ભરત સુંદેશા

ડીસા

ભારતીય જીવન વિમા નિગમ-જીવન વિમાના ઉત્તમ વ્યવસાયમાં ૬૦ વર્ષ પૂર્ણ કરી સફળતાપૂર્વક ૬૧ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે.જીવન વિમા નિગમ સમગ્ર દેશમાં વિમાના વ્યવસાય સાથે લોકોના કલ્યાણના કાર્યો તથા વિવિધ યોજનાઓ દ્વારા બાળકો, સ્ત્રીઓ, યુવાનો, કર્મચારીઓ, ખેડૂતો વિગેરેના જીવન વિમાની જરૂરીયાત પૂર્ણ કરી ઉમદા સેવાની સાથે લોક કલ્યાણ યોજનાઓ તથા કેન્દ્ર-રાજ્ય સરકારના સાહસો તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કલ્યાણ, શિક્ષણ, સ્વાસ્થ્ય માટે મોટા પ્રમાણમાં નાણાંનું રોકાણ કરી ભારત દેશની સેવામાં અગ્રેસર છે.૬૦ વર્ષના સફળતાપૂર્વકની સેવાઓ તથા વિશાળ વિમાધારકો, એજન્ટમિત્રો, સ્ટાફમિત્રો, સાથે જીવન વીમાના આ વિશાળ વટવૃક્ષની શીતળ છાંયાથી ભારતના કામદારો તેમજ બિન સંગઠિત, મજૂરો, કર્મચારીઓ પોતાના જીવનનું વિમાકવચ કરી મુશ્કેલ સમયમાં પોતાના જીવનની જવાબદારીઓ પૂર્ણ કરી શકે છે.

ડીસા શાખામાં ગઈકાલે શાખા અધિકારી તથા કર્મચારીઓ સહ વિશાળ એજન્ટ મિત્રો,વિમાધારકો સાથે આ પુણ્યકારી દિવસની ધામધૂમથી ઉજવણી કરી.તા.૧-૯-૨૦૧૭ થી તા.૭-૯-૨૦૧૭ સુધીના “વિમા સપ્તાહ” ની ઉજવણીની શરૂઆત કરવામાં આવી જેમાં સૌ કોઈ હોંશભેર જોડાયા હતા.

નેહવાલની લાઈફ ઉપરની ફિલ્મમાં હવે શ્રદ્ધા ચમકશે

સાઈના નહેવાલની લાઈફ પર ફિલ્મમાં હવે શ્રદ્ધા કપુર કામ કરવા જઈ રહી છે. ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યુ છે. જેથી હાલમાં સાઈના નહેવાલ શ્રદ્ધા કપુરને તમામ પ્રકારથી માર્ગદર્શન આપી રહી છે. મિલખાસિંહ, મેરી કોમ , મહેન્દ્રસિંહ ધોની, અઝહરુદ્દીન અને સચિન તેન્ડુલકરની લાઈફ પર ફિલ્મ બની ગયા બાદ હવે બેડમિન્ટન સ્ટાર સાઈનાની લાઈફ પર ફિલ્મ બની રહી છે. હાલના સમયમાં બાયોપિક ફિલ્મ બનાવવાનો ક્રેઝ બોલિવુડના નિર્માતા નિર્દેશકોમાં જોવા મળી રહ્યો છે. અમોલ ગુપ્તા દ્વારા નિર્દેશિત ફિલ્મમાં સાઈનાની ભૂમિકામાં શ્રદ્ધા કપુર કામ કરી રહી છે. રોલને લઈને તમામ બાબતો નક્કી કરી લેવામાં આવી છે. શ્રદ્ધા કપુર અન્ય બાયોપિક ફિલ્મ અપૂર્વ લાખિયાની હસીના પાર્કર ફિલ્મમાં કામ કરી ચુકી છે. જેમાં તે ડોન દાઉદ ઈબ્રાહિમની બહેનની ભૂમિકા અદા કરી ચુકી છે. આ ફિલ્મમાં તેની ભૂમિકાની કરવામાં આવી હતી. બે બાયોપિક ફિલ્મ બેક ટુ બેક કરવામાં આવી ચુકી છે તે અંગે પુછવામાં આવતા શ્રદ્ધા કપુરે કહ્યુ છે કે બાયોપિક ફિલ્મમાં કામ કરવા માટેની મોટી જવાબદારી છે. ફિલ્મમાં ઐતિહાસિક પાત્રોને ન્યાય આપવાની બાબત પડકારરૂપ રહે છે. આ પ્રકારના રોલ કરતી વેળા દબાણ ખુબ રહે છે. શ્રદ્ધા કપુર બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી આવી છે. શ્રદ્ધા કપૂર બોલીવુડમાં આશિકી-૨ ફિલ્મથી લોકપ્રિય થઈ હતી. ત્યારબાદ એક વિલન અને અન્ય કેટલીક સારી ફિલ્મો શ્રદ્ધાએ કરીને આશાસ્પદ તરીકે ઉભરી આવવામાં સફળતા મેળવી હતી.

શું ખબર ?

પિંજરામાં બંધ પંખીને
આકાશની વિશાળતાની શું ખબર ?
મુખ પર રહેલા હાસ્યને
અંતરના એકાંતની શું ખબર ?
ગગનમાં વિહરતા ચાંદને
ચકોરના વિયોગની શું ખબર ?
ડાળ પર રહેવા ફુલને
કાંટાની વેદનાની શું ખબર ?
આંખમાં રહેલા કાજળને
આંસુઓની ધારાની શું ખબર ?
દોસ્તીનો ઢોંગ કરતા મિત્રોને
દોસ્તીના સંબંધની શું ખબર ?

મંગુભાઈ એમ.પ્રજાપતી
(મંડાલી તા.દાંતા)

સ્વચ્છતા અભિયાન

આઝાદી ભારતને અપાવી ગયા મહાત્મા ગાંધી
સ્વચ્છતા અભિયાન સાથે આપી શારીરીક પ્રવૃત્તિ
ઘરના ખુણેખુણાની સફાઈ કરે ઘર ઘરની નારી
પુરૂષોને શરમ છોડાવી ઝાડું પકડાવ્યું વડાપ્રધાન મોદી
પવિત્ર નદીઓની પવિત્રતા માટે ઝુંબેશ આદરી મોદી
ફોટા પડાવવા સૌ આગળ આવ્યા હાથમાં ઝાડુ ઝાલી
સરકારે પરીપત્રો કર્યા શહેરીજનો થયા ઘણા રાજી
સરકારી નોકરો સફાઈ કરશે લોક કરશે મીજબાની
ગામડે ગામડે ઠેર ઠેર બોર્ડ લગાવ્યા મુકી કચરાપેટી
ના સમજુને સમજ કયાંથી આવે કચરાને કરે આગચંપી
આળસુ લોકો કયારે જાગે જયારે નજીક આવે દિવાળી
સ્વચ્છતારૂપી સૌરભમાં જોડાયા અનુભવીને જ્ઞાની
સદી વટાવી શુર પુરાવ્યો મોદી સ્વચ્છતાના અનુગામી
સ્વચ્છ કાયદાનું ઘડતર કર્યું ભારત બંધારણના શિલ્પી
આંબેડકરના કાયદાને માન આપ્યું આઝાદ ભારતની લોકશાહી
બાબાસાહેબને સૌ સલામ કરે મહાત્મા ગાંધીને નરેન્દ્ર મોદી
સાચું બોલો સ્વચ્છ કપડાં પહેરો સાચાને આપો સલામી
વીરા મોદી સાહેબ તો માને છે કે સૌ કાયમ કરો દિવાળી

વીરાભાઈ સી.ચાવડા
(કાણોદર)

હમારે નસીબ મેં નહીં સલામતી

બસ્તી હમારી રેન બસેરા કરતી હૈ, કહીં સાલોં સે જહાં
નામ ઉસકા દિયા શિવનગર, સૂર્યનગર, ભરથરીવાસ વહાં
યું તો કહેતે હૈ ઉસે ઝુંપડપટ્ટી દલીત છાપરાવાસ
હર સાલ ઝેલની પડતી હૈ બારીસ ઔર પુર કી યાતના ખાસ
રેલ નદી કા પ્રવેશી શિકાર હમ હૈ, પહને કપડો કો ભાગના પડતા હૈ
ઘર વખરી સામાન હોતા હૈ તારાજ, આશીયાના ઢુંઢના પડતા હૈ
કહીં સાલોં સે સંકટ ભરી જીંદગી બસર કર રહે હૈ હમ
કોઈ ફરીશ્તા આજતક આકર નહીં મીટાતા યે ગમ
ભુંગતે રહે હૈ પચાસ સાલોં સે કુદરત કા પ્રકોપ, તબાહી
નગર સે લેકર સંસદ તક કે નેતા, વોટ લેને આતે હૈ યહી
વાદા કરકે જાતે હૈ વોટ લેકર ખીસક જાતે હૈ વાદા ભુલ જાતે
અગર હમ કો ભી મીલ જાતી સનદ પાકી તો કિસ્મત ખુલ જાતે
મીલ જાતા આવાસ અપના લાભ ઘર બન જાતા ભલી ભાતી
આવાસ હમારા બન જાતા ઝુંપડપટ્ટી છાપરા શબ્દ મીટ જાતા
આસ લગાયે બૈઠે હૈ, આનેવાલે કલ કે ઉજાલે કી તરફ
અબ કી બાર વોટ લેને વાલોં સે કહેંગે, પહલે બાત સનદ કી
ફિર બાત વોટ કી અબ કી બાર ભુલ જાઓ બાત નોટ કી
હમ બાતાનહીં કરતે મહાનગરોં કી બાત કરતે હૈ નગર કી
જહાં બસેરા કર રહે હૈ, હો શકે તો પહેરે વો કરના
નગર કી તબાહી રોકને રેલ નદી કો ડીપ કર દો ફિર આડબંધ
તાકી નગર મેં પાની ઔર પુર ન શકે હો જાયેગી તબાહી બંધ

શાંતીલાલ ડી.કણેરીયા (ધાનેરા)

હે મૂઢ જરા વિચારો

સળગ્યો છે દેશ આખો, માણસ બન્યો બિચારો
કોઈ કોમ ના બળી આ, સળગ્યો છે ભાઈચારો,
હે મૂઢ કંઈ વિચારો....
એક હાથમાં ધજા છે, એક હાથમાં છે ખંજર !
ધર્મોનું મ્હોરું પહેરી નીકળ્યો છે એક લુંટારો;
કોઈ કોમ ના બળી આ સળગ્યો છે ભાઈચારો
હે મૂઢ કંઈ વિચારો....
પુછું ખુદાને હું તો, ને રામને ય પુછું
એક થઈ રહે તો કેવું ? ઉગરી શકે હજારો;
કોઈ કોમ ના બળી આ, સળગ્યો છે ભાઈચારો,
હે મૂઢ કંઈ વિચારો....
થયું ખુન એકતાનું, આ કોમી હુલ્લડોમાં
શાંતી તણો જનાજો નોંધારો ને નઠારો;
કોઈ કોમ ના બળી આ, સળગ્યો છે ભાઈચારો,
હે મૂઢ કંઈ વિચારો....
તેં મારા મારી નાખ્યા, મેં તારા કાપી નાખ્યા
હું ફુલ લઈને ઉભો, વચ્ચે મને લ્યો મારો
કોઈ કોમ ના બળી આ, સળગ્યો છે ભાઈચારો,
હે મૂઢ કંઈ વિચારો....
ઉપર ગગનને ચીંધી, સાંઈ એ ભેદ ખોલે
એક છે મનુજની જાતી તો શેનો આ દેકારો ?
કોઈ કોમ ના બળી આ, સળગ્યો છે ભાઈચારો,
હે મૂઢ કંઈ વિચારો....

સાંઈરામ દવે

આભ વરસતાં

ચારે બાજુ વ્હેતું રાજ આભ વરસતાં
ખેતર ખેડો કહેતું રાજ આભ વરસતાં
પારેવાંની પાંખે રાજ આભ વરસતાં
ઉમંગ ઉમટે આંખે રાજ આભ વરસતાં
આંગણીયાના ઓટે રાજ આભ વરસતાં
ધોરી મલકે જોટે રાજ આભ વરસતાં
ઝાંપે તોરણ તાણી રાજ આભ વરસતાં
શેરી વ્હેંચે ધાણી રાજ આભ વરસતાં
લ્હેરે મોસમ લીલી રાજ આભ વરસતાં
ભાગે આળસ ઢીલી રાજ આભ વરસતાં
રૂમઝુમ થાતાં બેડે રાજ આભ વરસતાં
લચકે ગીતો કેડે રાજ આભ વરસતાં
ભીંતો કહેતી રાતે રાજ આભ વરસતાં
ચીંતા છોડો વાતે રાજ આભ વરસતાં
નદીયું શું શું તાણે રાજ આભ વરસતાં
સમંદર સુતો જાણે રાજ આભ વરસતાં
માળો બેઠો બોલે રાજ આભ વરસતાં
ભાવી જનનું ખોલે રાજ આભ વરસતાં

મંગળ રાવળ સ્નેહાતુર

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ ડે ટુ પ્રિયંકા ત્રિવેદી (ઢબુ)

માતા-પિતા : અરૂણાબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી
ભાઈ-બહેન : ધવલ ત્રિવેદી તથા દર્શનાબેન ત્રિવેદી
ભાભી : અલકાબેન ત્રિવેદી
દાદી : ભીખીબેન ત્રિવેદી
પતિ : ચેતનકુમાર ત્રિવેદી
સાસુ - સસરા : કમળાબેન બાબુલાલ ત્રિવેદી
ભત્રીજી : પ્રિયાંશી અને શિવાંશી ત્રિવેદી
ભાણેજ : મિહિર (માધવ) ત્રિવેદી
નણંદ : દિપિકા ત્રિવેદી / અલકાબેન ત્રિવેદી
જન્મ તારીખ : ૨-૯-૧૯૯૧ (ઉંમર ૨૬ વર્ષ) મું.ગાંધીનગર

બહુચરાજીમાં ગાડીમાંથી રૂા. ૧.૮૫ લાખ ભરેલી બેગની ઉઠાંતરી

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાવ ખાડે ગઈ હોય તેમ ચોરી- ચીલઝડપની ઘટનાઓ છાસવારે બની રહી છે. તેમ છતાં અહીંની પોલીસ હાથ ઉપર હાથ દઈને બેસી રહેતા ચોરોને મોકળું મેદાન મળી ગયું છે. આવી જ એક ઘટના તા. ૩૧/૮/૨૦૧૭ ના રોજ ધોળે દહાડે દયાનંદ કોમ્પલેક્ષમાં બની હતી. જેમાં એક છોકરો મોંઢે રૂમાલ બાંધીને વેપારીની દુકાન આગળ ઉભેલી ગાડીનો દરવાજો ખોલી તેમાંથી રૂા. ૧ લાખ ૮૫ હજારની રોકડ રકમ ભરેલો થેલો ઉઠાવી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ ગઈ છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસ દોડતી થઈ ગઈ હતી, પરંતુ કોઈ કડી મળી શકી ન હતી. સુરેન્દ્રનગરના પાન- મસાલાનો હોલસેલ વેપાર કરતા સોહિલભાઈ રફીકભાઈ ઉદા તા. ૩૧/૮/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સાંજના ચારેક વાગે બહુચરાજી આવ્યા હતા અને હાર્દસમા દયાનંદ કોમ્પલેક્ષમાં આવેલી જય ભગવાન સ્ટોર્સ નામની દુકાન આગળ સામાન ઉતારવા પોતાની ઈકો ગાડી ઉભી રાખી હતી. તેઓ ગાડીમાંથી સામાન ઉતારી વેપારી સાથે વાતમાં પરોવાયા તેની ચંદ સેકન્ડોમાં એક કિશોર મોંઢે રૂમાલ બાંધી ગાડી નજીક આવી આમતેમ નજર ફેરવી ગાડીનો પાછળનો દરવાજો ખોલી પાછલી સીટ ઉપર પડેલો થેલો લઈ રવાના થઈ ગયો હતો. આ થેલામાં વેપારીની રૂા. ૧.૮૫ લાખ ઉઘરાણીની રકમ ભરેલી હતી. થોડીવાર પછી વેપારી ગાડીએ આવતાં થેલો નહીં જોતાં હાંફળા- ફાંફળા બની ગયા હતા અને શોધખોળ હાથ ધરી હતી. પરંતુ કોઈ ભાળ નહીં મળતાં આજે પોલીસ ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા છ મહિનામાં બહુચરાજીમાં ચોરી, ચીલઝડપની ૧૫ થી વધુ ઘટનાઓ બની છે. પરંતુ અહીંની નમાલી પોલીસ એક પણ ગુનાનો ભેદ ઉકેલી શકી નથી. ૧૦ દિવસ અગાઉ શંખલપુરના ભગવાનભાઈ શંકરભાઈના રૂા. ૧.૫૦ લાખની ચોરીની ફરિયાદ પોલીસ દ્વારા આજદિન સુધી ચોપડે નહીં નોંધી ક્રાઈમ રેટ નીચે દેખાડવાનો ડોળ કરવામાં આવી રહ્યો છે.

પુષ્પાવતી નદી બંને કાંઠે વહેતી થતાં એસ.ટી.વ્યવહાર બંધ

અંબાજીના પદયાત્રિકોને નદી પાર કરવામાં મુશ્કેલી

ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના મીઠીધારીઆલ-મોઢેરા ગામ વચ્ચેથી પસાર થતી પુષ્પાવતી નદીમાં ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતાં મોઢેરાથી પશ્ચિમ દિશા તરફના ૧૫ જેટલા ગામોનો એસટી વ્યવહાર થંભી ગયો હતો.જ્યારે અંબાજી દર્શન માટે જતા પદયાત્રીઓ પણ નદીમાં પાણી આવતાં અટવાઈ ગયા હતા.અને માતાજીની માંડવી સાથે નીકળેલા પદયાત્રીઓએ માથે માંડવી મુકી નદી પાર કરવાની નોબત આવતાં ભક્તોમાં પણ તંત્ર સાથે રોષની લાગણી ફેલાઈ હતી. પુષ્પાવતી નદીમાં છેલ્લા એકાદ માસથી સતત પાણીનો પ્રવાહ ચાલુ છે.આ વિસ્તારમાં વિના વરસાદે પૂરની પરિસ્થિતિ ઉભી થઈ છે.ડેમમાંથી પાણી છોડવામાં આવતાં અહીંથી પસાર થતા વાહનચાલકો ભારે યાતના વેઠી રહ્યા છે અને છેલ્લે ૨-૩ દિવસથી ડેમમાંથી વધારે પાણી છોડવામાં આવતાં તમામ ડેપોની એસટી બસ છેલ્લા ૩ દિવસથી બંધ થઈ જતાં મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.કોઈપણ જાતની જરૂરીયાત સિવાય તંત્ર પાણી છોડી આ પંથકની જનતાની આકરી કસોટી કરી રહ્યુ છે. મોઢેરાથી પશ્ચિમ દિશા તરફના બેચરાજી, સમી અને હારીજ તરફના ગામડાઓમાંથી માતાજીની માંડવી સાથે પગપાળા સંઘો અહીંથી પસાર થયા ત્યારે નદીમાં પાણીનો પ્રવાહ વધારે હોવાના કારણે ભક્તોને માતાજીની માંડવી માથે મુકીને નદી પાર કરવાની નોબત આવી હતી અને કેટલાક નાની ઉંમરના બાળકોને અન્ય રસ્તેથી અંબાજી તરફ જવાની ફરજ પડી હતી.હાલમાં તો વગર ચોમાસે નદીમાં છોડવામાં આવેલા પાણીના પૂરથી એસટી સહિતનો વાહન વ્યવહાર બંધ થઈ જતાં શાળાએ જતા બાળકો તેમજ રોજીંદા મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.જેથી વહેલી તકે નદીમાં પાણી બંધ કરવામાં આવે તેવી લોકમાંગ છે.

ગોકુલ એજ્યુકેશન કેમ્પસમાં પદયાત્રીઓ માટે આયુર્વેદિક કેમ્પ

સિધ્ધપુર

ગોકુલ એજ્યુકેશન કેમ્પસ સંચાલિત ગોકુલ સાર્વજનીક આયુર્વેદ હોસ્પિટલ દ્વારા માં અંબાના ધામમાં જતા પદયાત્રીઓ માટે તારીખ.૦૨-૦૯-૨૦૧૭ અને તા.૦૩-૦૯-૨૦૧૭ સવારના ૯:૦૦ કલાકથી આયુર્વેદ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાત તજજ્ઞો દ્વારા દર્દીઓને તપાસવામાં આવશે તેમજ તમામને નિશુલ્ક દવાઓ પણ આપવામાં આવશે.તો જાહેર જનતાને આયોજીત કરવામાં આવેલ આયુર્વેદ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

વિવિધ બજાર ભાવ

ડીસા		મેથી	૪૬૬-૬૦૦	અન્ય	૬૭૧-૮૧૩
એરંડા	૮૮૦-૮૯૦	વરી.	૭૭૧-૯૦૦	થરા	
રાયડો	૬૩૫-૬૪૨	ઈસ.	૧૮૫૦-૨૦૪૦	જીરૂ	૩૩૫૦
બાજરી	૨૪૬-૨૫૫	ગવાર	૬૪૫-૬૯૦		-૩૫૦૧
ઘઉં	૨૮૮-૩૧૦	જીરૂ	૨૫૦૦-૩૫૦૦	એરંડા	૮૭૫-૮૮૮
મગફળી	૫૪૫-૬૦૫	અજમો	૭૫૦-૧૩૮૦	રાયડો	૬૪૫-૬૬૦
લાખણી		રાહ		ઘઉં	૨૯૬-૩૧૨
બાજરી	૨૫૦-૨૫૫	એરંડા	૮૭૫-૮૮૦	બાજરી	૨૩૬-૨૫૬
રાયડો	૬૩૦-૬૫૩	રાયડો	૬૪૦-૬૬૦	પાટણ	
રાજગરો	૭૨૫	બાજરી	૨૩૦-૨૫૦	જીરૂ	૩૦૫૦-૩૨૩૪
ગવાર	૬૯૫	ચીકુડી	૮૪૦-૯૧૦	વરી.	૮૦૦-૯૮૦
એરંડા	૮૫૧-૮૭૧	ભીલડી		મેથી	૩૭૦-૪૮૧
ચીકુડી	૮૫૦-૯૦૨	એરંડા	૮૯૦-૮૯૬	સુવા	૭૮૦-૯૫૨
વડગામ		રાયડો	૬૫૬-૬૬૦	રાયડો	૬૩૦-૬૮૦
બાજરી	૨૦૦-૨૫૦	બાજરી	૨૩૦-૨૫૨	એરંડા	૮૭૫-૮૯૯
ઘઉં	૨૯૪-૩૪૦	ઘઉં	૩૦૦	ઘઉં	૩૧૦-૩૫૦
ગવાર	૭૨૧	ધાનેરા		બાજરી	૨૩૦-૨૬૫
વાવ		ઘઉં	૨૮૬-૨૮૮	રજકા બા.	૨૩૦-૨૭૨
જીરૂ	૩૪૦૫-૩૪૨૫	બાજરી	૨૨૧-૨૬૧	ગવાર	૬૯૧-૭૧૭
ગવાર	૬૯૦-૭૦૦	ગવાર	૬૯૧	સિદ્ધપુર	
અજમો	૬૫૧-૧૦૧૧	રાયડો	૬૧૬-૬૫૪	રાયડો	૬૩૬-૬૬૪
થરાદ		એરંડા	૮૫૫-૮૮૦	એરંડા	૮૩૩-૯૦૦
એરંડા	૮૬૮-૮૮૬	જીરૂ	૧૪૫૦	ગવાર	૬૮૦-૭૦૦
રાયડો	૬૫૦-૬૭૫	વરી.	૭૨૧	ઘઉં	૩૧૧-૩૪૭
બાજરી	૨૪૫-૨૫૫	સુવા	૯૨૨	બાજરી	૨૦૦-૨૬૯
ચીકુડી	૬૦૦-૯૩૦	રાજગરો	૬૨૫-૭૫૦	જુવાર	૪૧૧-૪૫૨

દુધારામપુરા ખાતે નવા ભારતનું મંથન સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ યોજાયો

પાટણ

ભારત સરકારના સુચના અને પ્રચારણ મંત્રાલયના ક્ષેત્રિય પ્રચાર કાર્યાલય પાલનપુર દ્વારા પાટણ તાલુકાના દુધારામપુરા ખાતે નવા ભારતનું મંથન સંકલ્પ સે સિધ્ધિ કાર્યક્રમ જિલ્લા કલેક્ટર આનંદપટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો જેમાં ક્ષેત્રિય પ્રચાર નિર્દેશાલય અમદાવાદના ડાયરેક્ટર મનીષ ગૌતમ,નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.એમ ચૌહાણ ઉપસથિત રહયા હતા.

જિલ્લા કલેક્ટર આનંદ પટેલ જણાવ્યું હતું કે અત્યારે દેશની આઝાદીના ૭૫ વર્ષ પુર્ણ થયાછે. જેની ઉજવણીના ભાગરુપે દેશવાસીઓમાં રાષ્ટ્રપ્રેમના ગુણો વિકસાવવા સમગ્ર દેશમાં સંકલ્પથીસિધ્ધિ-નવા ભારતનું મંથન કાર્યક્રમ યોજવામાં આવી રહયા છે. દેશને સ્વચ્છ, શિક્ષિત, સમૃધ્ધ અનેશકિતશાળી રાષ્ટ્ર બનાવવા આપણે સૌ સાથે મળી સંકલ્પ બધ્ધ બનીએ ભારતનેઆતંકવાદ, ભ્રષ્ટ્રાચાર, ગરીબી, જાતિવાદ મુક્ત બનાવવા માટે આપણે સૌ સંકલ્પ કરીએ લોકપ્રિયવડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સ્વચ્છ, સમુધ્ધ અને શકિતશાળી રાષ્ટ્રનું નિમાણ કરવા માટે મિશન૨૦૨૨ના સંકલ્પ લઈએ દેશના અનેક વીર સપૂતો આઝાદી અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.તેમના જીવનમાંથી પ્રેરણા લઇ રાષ્ટ્ર માટે સમર્પણની ભાવના કેળવી દેશને શિક્ષિત સમુધ્ધ અનેશકિતશાળી બનાવવા ગ્રામજનોને આહવાન કર્યું હતું

આ પ્રસંગે ક્ષેત્રિય પ્રચાર નિર્દેશાલય અમદાવાદના ડાયરેક્ટર મનીષ ગૌતમએ જણાવ્યું હતું કે વડાપ્રધાનના સ્વપ્નને સાકાર કરવા સૌ આગળ વધીએ દેશની પ્રગતિને ઝડપી બનાવવા આપણે સૌ સંકલ્પ લઇએ દેશને સ્વચ્છ શિક્ષિત અને શકિતશાળી રાષ્ટ્ર બનાવવા આપના સૌનો સાથ જરુરીછે.ભારત સરકાર અને રાજય સરકારની અનેક યોજનાઓ કાર્યરત છે.

પાટણમાં સ્વાઈન ફલૂના ઉકાળાનું વિતરણ

પાટણ

પાટણ સિનિયર સીટીઝન ખાતે સ્વાઈન ફલૂ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડો.કે.સી.આચાર્ય દ્વારા સ્વાઈન ફલૂનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા સ્વાઈન ફલૂ અટકાવવાના ઉપચારો બતાવવામાં આવ્યા હતા તેમણે જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન હવામાનમાં પરિવર્તન આવે છે. હંમેશા ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરો, ગેસવાયુ થાય તેવો ખોરાક ન લેવો, વધારે વસ્તીવાળા ટોળામાં ન જવું,ઘરમાં સફાઈ રાખો, મચ્છર મારવાની દવાનો છંટકાવ કરવો જોઈએ અને છતાં સ્વાઈન ફલૂના લક્ષણો જણાય તો તત્કાલ ડોકટરની સલાહ લેવી જોઈએ. આ પ્રસંગે તમામ સિનિયર સીટીઝન સભ્યોએ સ્વાઈન ફલૂ ઉકાળાનું સેવન કર્યું હતું.

આ પ્રસંગે સભ્યોના જન્મદિવસ હતા તેઓનું સંસ્થા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું તથા વાણિયા હિરાભાઈ મોહનલાલ તરફથી રૂા.૧૧૦૦૦/- ભેટ સંસ્થાને આપવામાં આવ્યા હતા તથા રૂા.૨૧૦૦૦/- હજારનો ચેક પુરગ્રસ્ત માટે સંસ્થા દ્વારા કલેકટરને આપવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું તથા આ કાર્યક્રમમાં નાસ્તો શંકરલાલ મંગીલાલ પટેલ તરફથી આપવામાં આવ્યો હતો આ પ્રસંગે પ્રમુખ શંકરભાઈ કે.પટેલ દ્વારા સર્વનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા કાર્યક્રમનું સફળ સંચાલન મંગીલાલએ કર્યું હતું.

રાધનપુર તાલુકાના દેલાણામાં સસ્તા અનાજની દુકાનમાં ચાલતી ગેરરીતિ બાબતે આવેદનપત્ર

તાલુકા પંચાયતના પ્રમુખે જિલ્લા કલેક્ટરને રજુઆત કરી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના દેલાણામાં સસ્તા અનાજની દુકાનના સંચાલક આયર શંકરભાઈ લગધીરભાઈ છે, જયારે તેઓની દુકાનનું સંચાલન તેમનો બત્રીજો કરે છે. અને સંચાલક દ્વારા અંત્યોદય યોજનાનો ખોટો લાભ લેવા માટે પોતાના કુટુંબીજનો, પોતાના સગા ભાઈઓ, સગા ભત્રીજાઓને અંત્યોદય યોજના હેઠળ આવરી લીધેલ છે. અંત્યોદય યોજનામાં સરકારના ઠરાવ મુજબ ચામડું પકાવનારા, હાથલારી ચલાવનારા, વાદીઓ, કાગળ વીણનારા વિગેરે જેવા લોકોનો સમાવેશ કરવાનો કરવાનો આદેશ હોવા છતાંય સંચાલક દ્વારા તેમના સગાઓને અંત્યોદય યોજના હેઠળ આવરી લઈને ગરીબ લોકોના ભાગનું અનાજ તેઓ પોતે ખાઈ રહ્યાના આક્ષેપ સાથે ગામના આયર વાલીબેન નારણભાઈ, આયર દેવરાજભાઈ વાઘાભાઈ, આયર રામભાઈ નાગદાનભાઈ, આયર જેસંગભાઈ કરશનભાઈ,સહીત ૫૭ ગ્રામજનોએ મામલતદારને આવેદનપત્ર આપીને ઘટતી કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી છે. આ આવેદનપત્રમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે અનાજ અને કેરોસીનનું વિતરણ દર મહિને નહિ પણ દર બે મહિને કરવામાં આવે છે. તથા સસ્તા અનાજની દુકાન ઘરે ચાલતી હોવાથી દુકાનનું સ્થળ જાહેર જગ્યા ઉપર રાખવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત તાલુકા પંચાયતના પ્રમુખ બધીબેન આહીરે જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજુઆત કરીને આ બાબતે ગંભીર નોંધ લઈને યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું છે.

રાજકીય હાનિ પહોંચાડવાની કોશિશ

સસ્તા અનાજની દુકાનના સંચાલક અને ભાજપના અગ્રણી શંકરભાઈ આયરના જણાવ્યા મુજબ પૂરગ્રસ્ત પરિસ્થિતિમાં તાલુકા પંચાયતના પ્રમુખ અને ગામના સરપંચ દ્વારા ખોટી રીતે મકાન સહાય લેતા રૂ.૧૧ લાખની ગેરરીતિ અમે બહાર લાવતા તેમના તરફથી ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. અમને રાજકીય હાનિ પહોંચાડવા માટે ખોટી અરજીઓ કરે છે.

વડનગર વિસ્તારની સગીરાનું અપહરણ દુષ્કર્મ કેસમાં આરોપીને ૧૦ વર્ષની સજા

મહેસાણા

વડનગર વિસ્તારની સગીરાને ચાર વર્ષ પૂર્વે છાબલીયાના અને મૂળ ડભોડા(કેશરપુરા)ના યુવકે લગ્નની લાલચ આપીને ઘરમાંથી સોના ચાંદીના દાગીના કિંમત રૂા.૧.૧૮ લાખના ચોરી કરાવી ભગાડી લઈ જઈને તેણી પર દુષ્કર્મ આચારવાના કેસમાં મહેસાણા કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા તથા રૂા.૨૩ હજારનો દંડ ફટકાર્યો છે.જ્યારે ભોગ બનનાર સગીરાને રૂા.૧૦ હજાર ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

વડનગરના છાબલીયા ગામે રહેતા વિક્રમજી નાગરજી ઠાકોરે રજૂઆત ૨૦૧૩ ના રોજ વડનગર વિસ્તારની સગીરાને લગ્નની લાલચ આપી હતી અને તેણીના ઘરમાંથી સોના ચાંદીના દાગીના કિં.રૂા.૧.૧૮ લાખની ચોરી કરાવી ભગાડી ગયો હતો.બાદમાં સગીરા પર દુષ્કર્મ આચાર્યું હતું.આ મામલે વિક્રમજી ઠાકોર સામે ફરીયાદ નોંધાવા પામી હતી.જેથી સદર કેસ મહેસાણા કોર્ટમાં ચાલી જતાં મદદનીશ સરકારી વકીલ હસુમતીબેન મોદીની ધારદાર દલીલો અને પુરાવાઓના આધારે પ્રોક્સો જજ પી.એસ.કાલાએ વિક્રમજીને ગુનેગાર ઠરાવી ગત બુધવારે ૧૦ વર્ષની કેદ અને રૂા.૨૩ હજારનો દંડ ફટકાર્યો છે અને ભોગ બનનાર સગીરાને રૂા.૧૦ હજાર વળતર પેટે ચુકવવા હુકમ કર્યો છે.

પાટણ જિલ્લાના સમી ખાતેની વાણિજ્ય વિનયન કોલેજ ખાતે બલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

પાટણ

પાટણ જિલ્લાના સમી ખાતેની વાણિજ્ય વિનયન કોલેજ ખાતે આજે રાજ્ય ના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોર ની ઉપસ્થિતિમાં ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો ,આ કાર્યક્રમ માં સમી કોલેજ ના ૧૧૮ વિદ્યાર્થીઓ અને હારીજ કોલેજ ના ૯૯ વિદ્યાર્થીઓ મળી કુલ ૨૧૭ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયા હતા, ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ નો શુભારંભ કરાવ્યો હતો તો આ પ્રસંગે કોલેજ ની વિદ્યાર્થીની ઓએ સ્વાગત ગીત રજુ કર્યું હતું , કાર્યક્રમ માં ઉપસ્થિત આ કોલેજ ના આચાર્ય બી કે વાઘેલાએ કોલેજ ને શરુ કરવામાં મંત્રીએ કરેલી મદદ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો

આ પ્રસંગે મંત્રી દિલીપભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે ૨૧ મી સદી જ્ઞાન ની સદી છે ,ટેક્નોલોજી ના માધ્યમ થકી દેશ આજે પ્રગતિ કરી રહ્યો છે ,વર્તમાન માં આપતી અને વ્યવસ્થાપન વિભાગમાં પણ ટેક્નોલોજી અનેક માનવ જિંદગીઓ બચાવી રહ્યું છે, હવે કોલેજ નો ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આંગળીના ટેરવે વિશ્વનું જ્ઞાન ૨૪ કલાક મેળવી શકશેઆજે આ વિસ્તાર માં સમી માં ૯ કરોડ ના ખર્ચે આઈ ટી આઈ બન્યું છે અને શંખેશ્વર માં ૧૦ કરોડ ના ખર્ચે આઈ ટી આઈ બનાવાશે, આજે રાજ્યમાં ૨૫ મહિલા આઈ ટી આઈ માં ગુજરાત ની મહિલાઓ પણ તાલીમ શિક્ષણ મેળવી રહી છે ત્યારે આગામી દિવસોમાં વઢિયાર પંથક ના યુવાઓ પણ ખમીર પૂર્વક શિક્ષણ થકી આગળ વધશે અત્યારે ટેબલેટ થકી વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલા ૧૦૦૦ રૂપિયા માંથી કોલેજો માં વાઈફાઈ સુવિધા ઉભી કરાશે અને રાજ્ય સરકાર છેવાડાના વિસ્તાર સુધી શિક્ષણ આપવા માટે તત્પર હોવાનું તેમણે જણાવ્યું હતું આ પ્રસન્ગે કોલેજ ના આચાર્ય બીકે વાઘેલા, હારીજ કોલેજ ના આચાર્ય કશ્યપભાઈ, સ્થાનિક અગ્રણીઓ, પદાધિકારીઓ દિલીપ ભાઈ, ભુપેન્દ્રભાઈ, દાનાભાઇ, સરપંચ મનુભાઈ સહીત કોલેજ સ્ટાફ અને મોટી સંખ્યામાં યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા

ગ્રામ પંચાયતના હંગામી કર્મચારીઓનો સરકારના પરિપત્રનો વિરોધ

બહુચરાજીના કર્મચારીઓ દ્વારા આવેદનપત્ર અપાયુ

ચાણસ્મા

ગ્રામ પંચાયતોમાં વર્ષોથી ઉચ્ચક પગારમાં નોકરી કરતા પટાવાળા, બોર ઓપરેટર સહિતના કર્મચારીઓને છુટા કરવા રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં એક પરિપત્ર બહાર પડાયો છે. આ પરિપત્ર સામે કર્મચારીઓમાં રોષ સાથે અસંતોષની લાગણી ઉભી થઈ છે. આ પરિપત્ર નાના કર્મચારીઓની રોજીરોટી છીનવી લેનારો હોઈ તેનો અમલ મોકૂફ રાખી, પુનઃ વિચારણા કરવાની ચોમેરથી માંગ ઉઠી રહી છે. આ સંદર્ભે બહુચરાજી તાલુકાના ગ્રામ પંચાયતોના કર્મચારીઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

બહુચરાજી તાલુકાની ગ્રામ પંચાયતોમાં પટાવાળા, બોર ઓપરેટર તેમજ સફાઈ કર્મચારી તરીકે વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓને જે- તે પંચાયત દ્વારા ઉચ્ચક પગાર ચુકવાય છે. પરંતુ તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા આવા કર્મચારીઓને છુટાં કરવાનો આદેશ કરી આવા ગરીબોની રોજીરોટી છીનવી લેવાનો અવિચારી નિર્ણય લેવાતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આ મામલે ટીડીઓને કરાયેલી રજુઆતમાં કર્મચારીઓ જણાવ્યું છે કે, અમારી પાસે અન્ય કોઈ કામ ધંધો નથી અને ગ્રામ પંચાયતની જરૂરિયાત મુજબના તમામ કામ અમો વર્ષોથી ઉચ્ચક પગારે કરીએ છીએ. અમને છુટા કરવામાં આવે તો અમારા પરિવારના જીવન નિર્વાહનો મોટો પ્રશ્ન ઊભો થઈ શકે છે. આથી આ નિર્ણય અંગે ફેરવિચારણા કરી પરિપત્ર રદ કરવામાં આવે તેવી અમારી માંગ છે. ટીડીઓએ કર્મચારીઓની લાગણી સરકાર સુધી પહોંચાડવાની હૈયાધારણા આપી હતી.

રાધનપુર કોલેજમાં જનરલ નોલેજ, રંગોલી અને ચિત્રની સ્પર્ધાઓ યોજાઈ

રાધનપુર

વર્તમાન સમયમાં સરકારી નોકરીઓ માટે જનરલ નોલેજ ખૂબજ ઉપયોગી પૂરવાર થાય છે.યુનિવર્સિટીમાં પણ તેની કોમ્પીટેશનને ધ્યાનમાં રાખીને આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં પ્રિ.ડો.સી.એમ. ઠક્કરની પ્રેરણાથી સપ્તધારાના કન્વીનર ડો.ભરતભાઈ કાનાબારે જનરલ નોલેજ, રંગોલી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું.જેમાં પ્રવર્તમાન સમયને લગતા પ્રશ્નો, દેશની રાજકીય સ્થિતી, સાહિત્ય, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, મેથ્સ, રમત-ગમત અને એવોર્ડસને લગતા ૪૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમા પ્રથમ સ્થાને મકવાણા દિલીપ એ.તથા સમીર એચ.ઘાંચી, બીજા સ્થાને મકવાણા ગૌતમ બી.અને ત્રીજા સ્થાને પ્રજાપતિ ભરત એ.વિજેતા બન્યા હતા.જ્યારે રંગોલીમા પ્રથમ સ્થાને ચૌધરી આશા, બીજા સ્થાને શ્રીમાળી ચંદ્રીકા અને ત્રીજા સ્થાને પરમાર વૈશાલી એ.આકર્ષક રંગોલીઓનું નિર્માણ કર્યું હતું.આ કાર્યક્રમોમાં ડો.ભરતભાઈ કાનબારા, ડો.કુંજલબેન બારોટ, પ્રા. કિશોરભાઈ ઠક્કર તથા ડો.કુસુમબેન અખાણીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ચાણસ્મા કોલેજમાં સહકારી શિક્ષણ વર્ગ તાલીમ યોજાઈ

ચાણસ્મા

'નિમા મેમોરિયલ' ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર, ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં પાટણ જિલ્લા સહકારી સંઘ દ્વારા પાટણ જિલ્લાની તા.૨૧/૮/૨૦૧૭ ને સોમવારથી તા.૨૬/૮/૨૦૧૭ ને શનિવાર દરમિયાન બી.એ, બી.કોમ. અર્થશાસ્ત્રના ૫૫ વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે સહકારી શિક્ષણ અને તાલીમ વર્ગ સી.ઈ.આઈ ડી.વી. પટેલના અધ્યાપન અને માર્ગદર્શન હેઠળ યોજાયો.સમાપન સમારંભના અધ્યક્ષ કોલેજના આચાર્ય ડો.આર.એન. દેસાઈએ સહકારી શિક્ષણની સાથે સહકારી સંસ્થાઓની અભ્યાસ મુલાકાત લેવા અનુરોધ કર્યો. કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો.એસ.એ. પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન કર્યું.પ્રો.એન. એમ.પટેલ અને પ્રો.ડી.વી.પટેલે તાલીમા ર્થીઓને સહકારી સદગુણો કેળવી રોજગાર સુધી પહોંચવા સુચવ્યું. "છોડો.. તકરાર, કરો..એકરાર, રાખો.. દરકાર અને આપો.. સહકાર" ઉપરાંત જય સહકારજય દરકાર ના સૂત્રોચ્ચારે કાર્યક્રમને જીવંત બનાવ્યો.

શિવાલા સર્કલ પાસે ઈકોની અડફેટે સ્કુટર ચાલકનું મોત

મહેસાણા

મહેસાણા શિવાલા સર્કલ નજીક ગુરૂવારે બપોરે ઈકોગાડીના ચાલકે સ્કુટરને ટક્કર મારી સર્જેલા અકસ્માતમાં અમદાવાદના આધેડનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ અંગે મહેસાણા તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો. અમદાવાદના ચાંદખેડામાં રહેતા સુરેશભાઇ પરમાર તેમનુ જીજે.૧ ઇઝેડ ૬૭૩૮ નંબરનું એક્ટીવા લઇને વસઇ તરફ જવા નીકળ્યા હતા. બપોરે આશરે ૧ વાગ્યાના અરસામાં શિવાલા સર્કલ નજીક પુરઝડપે સામેથી જઇ રહેલ જીજે. ૨ બીઆર ૯૫૦૮ નંબરની ઈકોના ચાલકે સ્કુટરને ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. જેમાં સ્કુટર ધડાકા સાથે જમીન પર પટકાઇ ઈકોગાડીના ટાયર નીચે ઘસડયું હતુ. જેમાં સુરેશભાઇને માથા અને શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજા થતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ અંગે મહેસાણા તાલુકા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અંબાજીમાં મહામેળાની જમાવટ : પદયાત્રિકોનો અવિરત પ્રવાહ

અંબાજી દુર હૈ...જાના જરૂર હૈ....ઉત્સાહભેર અંબાજી તરફ ચાલતા લાખો માઇભક્તો : મેળાની વ્યવસ્થાઓ ઉપર કલેકટરની ઝીણવટભરી નજર



પાલનપુર

જગપ્રસિધ્ધ તીર્થસ્થાન અંબાજી મુકામે ભાદરવી મહામેળાની હવે શાનદાર જમાવટ થઇ રહી છે. લીલીછમ્મ હરીયાળી અને પ્રકૃતિની રળીયામણી સજાવટભર્યા સરસ વાતાવરણમાં માઈભક્તો અંબાજી તરફ આનંદથી આગળ વધી રહ્યા છે. અંબાજી મુકામે અગિયારસથી મિનીકુંભનો માહોલ સર્જાશે અને મેળો સોળે કળાએ જામવા માંડશે ને અંબાજી તરફ જતા બધા રસ્તાઓ ઉપર ભરચક માનવપ્રવાહ જોવા મળશે. રસ્તાઓ ઉપર ઠેરઠેર વિવિધ સેવાકેન્દ્રો કાર્યરત બન્યાં છે. યાત્રિકોને ચા- પાણી, નાસ્તો, જમવાનું તથા વિસામાની સગવડ ઘણી જગ્યાએ જોવા મળે છે. મેળા પ્રસંગે માઈભક્તો ભક્તિમાં જાણે તરબોળ બન્યાં છે. રસ્તાઓ ઉપર વિવિધ સેવાકેન્દ્રોના સંચાલકો અને સ્વયંસેવકો પદયાત્રિકોને આદરપૂર્વક વિનવણી કરીને ચા- નાસ્તો, જમવાની સેવાનો લાભ લેવા આગ્રહ કરતા જોવા મળે છે. અંબાજી મંદિરના ચાચર ચોકમાં માઈભક્તો હર્ષપૂર્વક માતાજીના જયઘોષ કરી રહ્યા છે. ઘણા ભાવિકો ભક્તિભાવથી મંદિરના શીખર ઉપર ધજાઓ ચડાવે છે. દર્શન કરીને મંદિર બહાર આવતા યાત્રિકોના મોં પર આનંદ અને સંતોષની લાગણી જોવા મળે છે.

અંબાજી મંદિરમાં વીસાયંત્રની પૂજા થાય છે

અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિ નહી પરંતુ વીસાયંત્રની પૂજા થાય છે. વીસાયંત્રના શણગારને મુગટ તથા ચુંદડી સાથે એ રીતે ગોઠવાય છે કે તે સવારી પર આરૂઢ માતાજીની મૂર્તિ હોવાનો ભાસ થાય છે. આ યંત્ર શુધ્ધ સોનામાંથી બનાવેલ છે. એક માન્યતા મુજબ આ શ્રીયંત્ર છે. કૂર્મ પુષ્ઠવાળુ આ યંત્ર સોનાનું છે જે ઉજ્જૈન અને નેપાળની શકિતપીઠોના મૂળયંત્ર સાથે સંકળાયેલ હોવાની માન્યતા છે. આ શકિતપીઠોમાં શાસ્ત્રોકત રીતે શ્રીયંત્રની પૂજા થાય છે. આ યંત્રમાં ૫૧ અક્ષરો હોવાનું પ્રમાણ મળે છે. માતાજીના યંત્રના સ્થાનમાં આંખોથી જોવાનો નિષેધ હોવાથી પૂજારી પણ આંખે પાટા બાંધીને યંત્ર પુજા કરે છે. દર આઠમે વીસાયંત્રની વિશેષ પૂજા કરવામાં આવે છે.

શિહોરી - થરા હાઈવે ઉપર બે બાઈક સામસામે ટકરાતા બેના મોત

મોડી રાત્રે બનેલી ઘટનાથી પંથકમાં અરેરાટી

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના શિહોરી-થરા હાઈવે ઉપર ગુરૂવારે રાત્રે બે બાઈક સામસામે ટકરાતા બે યુવાનોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. આ બનાવને લઈ સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ શિહોરી-થરા હાઈવે ઉપર માનપુરા(શિ) ગામ- નજીક ગુરૂવારે મોડી રાત્રે બે બાઈક સામસામે ધડાકાભેર ટકરાતા શંકુભા પ્રધાનજી વાઘેલા ઉ.વ.૨૦ રહે. માનપુરા (શિ.) તા. કાંકરેજ તથા સંજયજી ઠાકોર ઉ.વ.૨૦ રહે. મીઠા તા. ભાભરવાળાઓના ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યા હતા. આ અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ જઈ ૧૦૮ ને જાણ કરી હતી. દરમિયાન શિહોરી પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે આવી બંને મૃતકોની લાશને શિહોરી રેફરલમાં સારવાર માટે ખસેડી હતી. અકસ્માતમાં બે નવ યુવાનોના ઘટનાસ્થળે કરૂણ મોત થતાં તેમના પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવાની સાથે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

ડીસાના ધાનપુરા ગામની પરિણીતાના અપમૃત્યુ મામલે પતિ સહિત ચાર સામે ફરિયાદ

ખેતરમાં ઝાટકા મશીનના કરંટથી મોત થયું હોવાનું જણાવ્યું હતું : યુવતીની માતાને શંકા જતા ફરિયાદ નોંધાવી

ડીસા

ડીસા તાલુકાના ધાનપુરા ગામે આગામી અઠવાડિયા અગાઉ ખેતરમાં જાટકા મશીનનો કરંટ લાગતા પરિણીતાનું મોત નીપજ્યું હોવાનું સાસરિયાંઓએ જાહેર કર્યા બાદ પરિણીતાની માતાને શંકા જતા પતિ સહિત સાસરીપક્ષના ચાર સભ્યો સામે પોતાની પુત્રીને આપઘાત કરવા દુષ્પ્રેરણ કરાયું હોવાની ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત એવી છે કે ડીસા તાલુકાના ધાનપુરા ગામે રહેતા રાજુબા અશોકસિંહ વાઘેલા (ઉ.વ.૨૩) નું ગત તારીખ ૨૫ ઓગસ્ટના રોજ મોત થયું હતું. તેણીની લાશને ડીસા સિવિલમાં પોસ્ટમોર્ટમ અર્થે લાવવામાં આવી હતી. આ સમયે તેના પતિ સહિત સાસરીપક્ષે રાજુબા નું મોત ખેતરમાં ભાત લઈને આવતી વખતે ઝાટકા મશીનના તારમાંથી કરંટ લાગવા ના કારણે થયું હોવાનું પોલીસને તેમજ તેના પિયર પક્ષને જણાવ્યું

અનુસંધાન પાના નં.૬

ધાનેરાના રવિયા ગામે શાળામાં ચાલતા કામમાં ગેરરીતિની બુમરાડ

પ્રતિનિધિ રવિયા

ધાનેરા તાલુકાના રવિયા ગામે પ્રાથમિક શાળામાં ચાલતા ઓરડા, શૌચાલય અને દિવાલનું કામ હલકી ગુણવત્તાનું કામ કરાતું હોવાની બુમરાડો ઉઠવા પામી છે. રાજ્ય સરકાર પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સવલતો માટે ઉદાર હૈયે ગ્રાન્ટ ફાળવે છે. જેથી સર્વ શિક્ષા અભિયાનના નેજા હેઠળ શાળામાં વિવિધ કામો થાય છે.

જે અંતર્ગત રવિવાર ગામે આવેલી પ્રાથમિક શાળામાં હાલમાં લાખો રૂપિયાના ખર્ચે શાળાને ઓરડા, શૌચાલય અને શાળા ફરતે સંરક્ષણ દિવાલનું કામ ચાલી રહ્યું છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા એકદમ હલકી ગુણવત્તાનું કામ કરાય છે. જેમાં ઈંટો તકલાદી વપરાય છે. તો માલમાં પૂરતી સિમેન્ટ પણ નાંખવામાં આવતી નથી. જે બાબતે ગ્રામજનોમાં ઉહાપોહ મચી ગયો છે. તેમ છતાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચે સાંઠગાંઠ હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા છે. હલકી ગુણવત્તામાં કામના કારણે સરકારી રૂપિયાનો વેડફાટ થઈ રહ્યો છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારીઓ આ બાબતે સત્વરે તપાસ કરાવે તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

વડાપ્રધાન અને મુખ્યમંત્રીના ફોટા ઉપર શાહી લગાવાતા ચકચાર



વિધાનસભાની ચૂંટણી આડે હવે ગણતરીના મહીના બાકી બચ્યા છે ત્યારે શાસક ભાજપ પક્ષ દ્વારા કેન્દ્ર સરકારે નર્મદા ડેમની ઉંચાઈ વધારવા આપેલી મંજૂરીના કારણે થનાર ફાયદા ઘર - ઘર સુધી પહોંચાડવામાં નર્મદા મહોત્સવનું મહત્વકાંક્ષી આયોજન કરાયું છે. જેના ઠેરઠેર મોટા હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યા છે. ત્યારે લાખણી - જસરા રોડ ઉપર લગાવેલ હોર્ડીંગ્સમાં કોઈએ વડાપ્રધાન અને મુખ્યમંત્રીના ફોટા ઉપર શાહી લગાવતા ચકચાર મચી જવા પામી છે.

'મા અંબા આપની
મનોકામના પૂર્ણ કરે'

અંબાજી જતા પગપાળા
યાત્રિકોની સેવામા...

શ્રી સોનગઢા ગોગા મહારાજ ધામ (ઉણ)
સેવા કેમ્પ
ભગતના ગોગાનો વિસામો
જયાં ટૂકડો ત્યાં હરી ઢુકડો

॥ સ્થળ ॥
અંધારીયા ગામ પાસે, તા.વડગામ,
જિ.બનાસકાંઠા

ભુવાજી હરીરામભાઈ જોષી
ભુવાજી રમેશભાઈ જોષી

મહા પ્રસાદનો લાભ લેવા
માઈભકતોને અંતઃકરણની વિનંતી...

સોનગઢા ગોગા મહારાજ ધામ (ઉણ), તા.કાંકરેજ, જિ.બ.કાં.